અશ્લીલતાથી દૂર રહી,
સ્વચ્છતા અને સંસ્કારિતાને
અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને
વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૬-૬-૨૦૨૦ મંગળવાર AHMEDABAD ESTABLISHED-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૨૯ અંક-૩૧૭ ● ૨૩ શવ્વાલ હિજરી ૧૪૪૧ ● 16 JUNE- 2020 ● PAGES 12 ● મૂલ્ય ₹ ૫.૦૦

### ભારતીય દૂતાવાસના બે અધિકારીની પાક.માં ધરપકડને પગલે આખો દિવસ રાજદ્વારી ઘટનાક્રમ ચાલ્યો

# ચીમકી બાદ પાકે. બે ભારતીય અધિકારીને છેવટે મુક્ત કર્યા

### ભારતીય દૂતાવાસના બે અધિકારીની કાર અકસ્માતમાં ધરપકડ કરાયા બાદ ભારતે રાજદ્વારી રીતે જોરદાર વિરોધ નોંધાવતા આખરે પાકિસ્તાને ઝૂકવું પડ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

ઈસ્લામાબાદમાં સોમવારે સવારે ધરપકડ કરાયેલા બે ભારતીય દૂતાવાસના અધિકારીઓને મોડી સાંજે આખરે મુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, ભારતે બંને અધિકારીઓને મુક્ત કરવાની માગ સાથે દૂતાવાસના બે અધિકારીને રાહદારી પર કાર ચડાવી ભાગી છૂટવાના પ્રયાસ કરતા ધરપકડ કરી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર રાજદ્વારી રીતે ભારતે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને પાકિસ્તાનને સ્પષ્ટતા કરવા જણાવ્યું હતું કે, ભારતના

### બંને અધિકારીઓને તાત્કાલિક ભારતીય દૂતાવાસમાં સહીસલામત પહોંચાડવા ભારતે તાકીદ કરી, અધિકારીઓને ISIએ પકડ્યા હોવાના પણ અહેવાલ

ભારતમાં પાકિસ્તાનના કામચલાઉ રાજદૂત સૈયદ હૈદરને સમન્સ મોકલ્યા બાદ આખરે પાકિસ્તાને ભારતીય અધિકારીઓને મુક્ત કરવા પડ્યા છે અને તેઓ ભારતીય દૂતાવાસમાં પહોંચ્યા હતા. પાકિસ્તાનની એક ટીવી ચેનલે દાવો કર્યો હતો કે, ઈસ્લામાબાદ પોલીસે ભારતીય બંને અધિકારીઓની કોઈ પૂછપરછ અથવા સતામણી કરવામાં ન આવે. સૂત્રો અનુસાર પાકિસ્તાનને કહેવાયુ હતું કે, રાજદ્વારી લોકોની સુરક્ષાની જવાબદારી પાકિસ્તાનના અધિકારીઓની છે. પાકિસ્તાન અમારા અધિકારીઓને તાત્કાલિક તેમની કારમાં દૂતાવાસમાં મોકલે. ભારતીય અધિકારીઓ સવારથી ગુમ થવાના બનાવથી સાંજે તેમને મુક્ત કરવા સુધી ભારતના જોરદાર વિરોધ નોંધાવવા અંગેનો રાજદ્વારી રીતે સમગ્ર દિવસ દરમિયાન ઘટનાક્રમ ચાલુ રહ્યો



હતો.

ઉલ્લેખનીય છે કે, સોમવારે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસના બે અધિકારી આશ્ચર્યજનક રીતે ગુમ થઈ જતા ભારે ખળભળાટ મચી ગયો હતો. જોકે, આ મુદ્દો ભારતે પાકિસ્તાન સમક્ષ ઉઠાવ્યો હતો અને પોતાના અધિકારીઓન સુરક્ષાની ખાતરી કરવા જણાવ્યું હતું. ભારતીય દૂતાવાસના બે અધિકારીઓ સવારે આઠ વાગ્યાથી જ ગુમ થયા હતા ત્યારબાદ જાણવા મળ્યું કે, તેઓને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈની કસ્ટડીમાં છે. ભારતે બાદમાં પાકિસ્તાની દૂતાવાસને સમન્સ મોકલ્યું હતું અને આ બાબતે ત્વરિત નિકાલ લાવવા જણાવ્યું હતું. પાકિસ્તાને બાદમાં ખુલાસો કર્યો હતો કે, પાટનગર ઈસ્લામાબાદમાં કથિત રીતે એક વ્યક્તિને કારથી કચડી નાખી ગંભીર રીતે ઘાયલ કર્યા બાદ ભાગવાનો પ્રયાસ કરતા સોમવારે ભારતીય દૂતાવાસના બે અધિકારીઓની ધરપકડ કરાઈ હતી. આ અંગે ભારતે પાકિસ્તાનને આકરા શબ્દોમાં તેમની સુરક્ષાની ખાતરી કરવા જણાવ્યું છે. જોકે, એવા પણ અહેવાલ આવી રહ્યા હતા કે, ભારતીય દૂતાવાસના અધિકારીઓને ફસાવવા માટે આઈએસઆઈપહેલાથી જ પ્રયાસ કરી રહી હતી. ભારતે કહ્યું છે કે, ઈસ્લામાબાદમાં ભારતીય કર્મચારીઓની સુરક્ષાની જવાબદારી સીધી રીતે પાકિસ્તાનના અધિકારીઓની છે. ભારતે પાકિસ્તાનને કહ્યું છે કે, ભારતીય અધિકારીઓને સત્તાવાર કાર સાથે તાત્કાલિક ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસમાં પહોંચાડવામાં આવે. પાકિસ્તાનમાં ભારતીય હાઈકમિશનના બે મહત્વના અધિકારીઓ આજે સવારથી ગુમ થતાં ભારત સરકારમાં ભારે હલચલ મચી ગઈ હતી. અને નવી દિલ્હી ખાતે પાકિસ્તાન એલચી કચેરીના સત્તાવાળાઓનું તરત જ ધ્યાન દોરીને તેમને શોધી કાઢવા ભાર મૂક્યો હતો. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં અઠવાડિયા

### ઈસ્લામાબાદમાં ભારતીય દૂતાવાસના બે અધિકારી સવારે આઠ વાગે ઓફિસ માટે નીકળ્યા ત્યારથી ગુમ થયા બાદ તેમની શોધખોળ શરૂ કરાઈ

પહેલા પાકિસ્તાની દૂતાવાસના અધિકારીઓને જાસૂસીના આરોપ હેઠળ પકડી પાડીને ભારતે તેમને પરત પાકિસ્તાન મોકલ્યા હતા જેના પરથી એવી શંકા વ્યક્ત કરાઈ હતી કે, પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈ દ્વારા આનો બદલો લેવાઈ રહ્યો છે.

# ભારતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના ૧૧,૫૦૦થી વધુ કેસ નોંધાયા

### ૨૪ કલાકમાં કોરોનાના ૧૧,૫૦૨ કેસ, ૩૨૫નાં મોત

### કોરોનાના કુલ કેસ ૩,૩૨,૪૨૪ થયા, જેમાંથી ૧,૫૩,૧૦૬ એક્ટિવ કેસ, જ્યારે ૧,૬૯,૭૯૮ લોકો સાજા થયા, અત્યાર સુધી ૯,૫૨૦ લોકોનાં મોત

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કર્યા પ્રમાણે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આજે સોમવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન ફરીથી ૧૧ હજાર કરતાં વધુ કેસો બહાર આવ્યાં હતા અને ૩૧૧ લોકોના મોત થયા હતા. આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૩,૩૨,૪૨૪ થઈ ગઈ છે. આ પૈકી એક લાખ ૪૯ હજાર ૩૪૮ એક્ટિવ કેસ છે, એક લાખ ૬૨ હજાર ૩૭૯ લોકો સાજા થઈ ગયા છે અને કુલ ૯,૧૯૫ લોકોના મોત થયા છે. જોકે, ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૧.૦૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૪૧૯ લોકો સ્વસ્થ થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧,૬૯,૭૯૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે. કોરોના કેસોમાં દર પાંચ દિવસની અંદર લગભગ ૧૦૦૦નો વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં સતત ૧૧ હજારથી વધારે સંક્રમિત લોકો વધી રહ્યા છે. ૨-૩ દિવસમાં આ સંખ્યા ૧૧ થી ૧૨ હજારના દરે વધવાનું અનુમાન છે. રવિવારે ૧૧,૯૨૯ નવા કેસ સામે આવ્યા હતા. તે સાથે જ હવે દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩.૩૨ લાખ થઈ ગઈ છે.એક અનુમાન છે કે જો કોરોનાનો ગ્રાફ આવી રીતે જ વધતો રહેશે તો જૂનના અંત સુધી સંક્રમિતોની સંખ્યા પાંચ લાખ પર પહોંચી શકે તેમ છે. દિલ્હીમાં ત્રીજા દિવસે પણ ૨ હજારથી વધુ પોઝિટિવ નોંધાયા છે. આવતી કાલથી દિલ્હીના આનંદવિહાર સ્ટેશન પર રેલવે કોચમાં ઈલાજ શરૂ થશે. દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા ૪૧ હજાર પાર થઈ ગઈ છે. અહીં સારવાર હેઠળના સક્રિય કેસ ૨૪ હજાર ૩૨ છે. મહામારીના લીધે અત્યારસુધી ૧,૩૨૭ લોકોના મોત થયા છે. શનિવારે લદ્દાખમાં ૧૯૮ કેસ આવ્યા હતા. તે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે અને કુલ સંક્રમિતોનો ૪૫ ટકા છે. અત્યાર સુધીમાં કેન્દ્ર શાસિત પ્રદેશમાં ૪૩૭ કેસ સામે આવ્યા છે.કોરોનાના કેસો વધતાં રેલવેએ સંક્રમિતોની સારવાર માટે પોતના મોડિફાઈડ કોચ આપવાનો નિર્ણય કર્યો છે. જે હેઠળ ઉત્તરપ્રદેશમાં ૭૦, દિલ્હીમાં ૫૪, તેલંગાણામાં ૬૦ અને આંધ્રપ્રદેશમાં ૨૦ આઈસોલેશન કોચ આપવામાં આવશે. તેલંગાણા સરકારની એક માહિતીમાં જણાવ્યા પ્રમાણે, ૨૩ પત્રકારોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાજ્યમાં કુલ ૬૦ મીડિયાકર્મી મહામારીના સંકજામાં આવી ચુક્યા છે. જેમાંથી એકનું મોત થયું છે. મેના છેલ્લા સપ્તાહમાં લગભગ એક લાખ ટેસ્ટ દરરોજ કરાઈ રહ્યા છે.

### સારા સમાચાર : દેશમાં કોરોનાથી સાજા થવાનો દર સુધરીને ૫૧.૦૭ ટકા થયો

ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ગઈકાલે રવિવારે કોરોનાનો સાજા થવાનો દર પ્રથમવાર ૫૦ ટકાને પાર ગયો હતો. જ્યારે સોમવારે આરોગ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૫૧.૦૭ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૪૧૯ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧,૬૯,૭૯૮ સુધી પહોંચી ગયો છે. સાજા થવાના આંકડાઓ કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગયા છે.

### દિલ્હીમાં કેસો રોકેટ ગતિએ વધ્યા, છ દિવસમાં કોરોનાના ૧૦ હજાર કેસો નોંધાયા

દેશની રાજધાની દિલ્હીમાં છ દિવસમાં ૧૦ હજાર કેસો વધાતા કોરોના આંકડો ૪૦ હજારને પાર થઈ ગયો છે. દિલ્હીમાં છેલ્લા છ દિવસમાં રોજના ૧૬૦૦થી વધૂ કેસો નોંધાયા છે. રાજધાનીમાં ૭૯ દિવસમાં કોરોના આંકડો ૧૦ હજારને પાર પહોંચ્યો હતો. જ્યારે હવે ૨૦ હજારથી ૩૦ હજાર સુધી પહોંચવામાં માત્ર આઠ દિવસ લાગ્યા હતા. જ્યારે ૧૦ હજાર થી ૨૦ હજાર સુધી પહોચવામાં ૧૩ દિવસ લાગ્યા હતા. ૨૮ મેના રોજ દિલ્હીમાં પ્રથમવાર ૧૦૦૦ કેસ નોધાયા હતા.દિલ્હીમાં ત્રીજા દિવસે પણ બે હજારથી વધુ પોઝિટિવ નોંધાયા છે. આવતી કાલથી દિલ્હીના આનંદવિહાર સ્ટેશન પર રેલવે કોચમાં ઈલાજ શરૂ થશે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩,૩૨ લાખ થઈ ગઈ છે. રવિવારે દિલ્હીમાં ૨૨૨૪ નવા કેસ નોંધાયા હતા અને ૫૬ લોકોના મોત થયા હતા. દિલ્હીમાં કોરોના દર્દીઓની સંખ્યા ૪૧ હજાર પાર થઈ ગઈ છે. અહીં સારવાર હેઠળના સક્રિય કેસ ૨૪ હજાર ૩૨ છે. મહામારીના લીધે અત્યારસુધી ૧,૩૨૭ લોકોના મોત થયા છે. દિલ્હીના આનંદવિહાર સ્ટેશન પર રેલવેના આઈસોલેશન કોચમાં દર્દીઓની સારવાર થશે. આ સ્ટેશન પરથી જનારી ટ્રેન હવે જુની દિલ્હી રેલવે સ્ટેશન પરથી ઉપડશે.

### કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૭૫.૯૬ |
| પાઉન્ડ | ૯૫.૪૬ |
| યુરો | ૮૫.૭૫ |
| યેન | ૦.૭૦ |
| સઉદી રિયાલ | ૨૦.૨૪ |

### ક્યા બાત હૈ ?!

મુન્નાએ મેઈડ ઈન ચાઈના લખેલી બધી ચીજો તોડી નાખી !




### નવેમ્બરમાં કોરોના હાહાકાર મચાવશે એવું સંશોધન ગેરમાર્ગે દોરનારું છેઃ ICMR

**આ સંસોધન અમારા દ્વારા કરાયું છે એવા વહેતા થયેલા સમાચાર તદ્દન ખોટાં છેઃ આ સંસોધનનું સત્તાવાર રીતે કોઈ સ્થાન નથીઃ ICMR**

(એજન્સી) તા.૧૫

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે (ICMR) એવા સંશોધનથી પોતાની જાતને દૂર કરી લીધી હતી અને તે સાથે તેને રદિયો પણ આપી દીધો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે લોકડાઉનના કારણે કોરોના વાઈરસે તેના પીક (ટોચ) ઉપર પહોંચવામાં આઠ સપ્તાહનો વિલંબ કર્યો હતો પરંતુ હવે આગામી નવેમ્બરમાં આ વાઈરસ તેના પીક પર પહોંચીને દેશમાં હાહાકાર મચાવશે. આ સંશોધન પોતાનું કોઈ સત્વારા સ્થાન ધરાવતું નથી એમ સંસ્થાએ કહ્યું હતું. કેટલાંક સમાચારોમાં પણ આ સંશોધન ICMRનું છે એમ કહેવામાં આવ્યું હતુ પરંતુ વાસ્તવમા તે લોકોને ગેરમાર્ગે દોરનારા સમાચાર છે. આ સંસોધન અમારી કોઈ બિન સત્તાવાર સંસ્થા દ્વારા હાથ ધરાયું હતું પરંતુ અમે જો નહોતું જ કર્યું. તે ઉપરાંત આ સંસોધનમાં પોતાના કોઈ સત્તાવાર સ્થાનનો પણ ઉલ્લેખ કરાયો નથી એમ દેશની ટોચની સરકારી મેડિકલ રિસર્ચ સંસ્થાએ ભારપૂર્વ કહ્યું હતું. પીટીઆઈ સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ ICMRના ઓપરેશન રિસર્ચ ગ્રૂપ દ્વારા આ સંસઓધન હાથ ધરાયું હતું. અહેવાલમાં સંશોધનને એમ કહેતા ટાંકવામાં આવ્યું હતું કે લોકડાઉનના કારણે કોરોના વાઈરસે તેના પીક ઉપર પહોંચવામાં ૪ થી ૭૬ દિવસનો વિલંબ કર્યો હતો જેના કારણે સંક્રમિત કેસોની સંખ્યા ૬૯ થી ૯૭ ટકા જેટલી ઘટી ગઈ હતી અને તે દરમ્યાન દેશની આરોગ્ય સેવાઓને પોતાના સંસાધનો અને માળખાને વધુ મજબૂત બનાવવાનો સમય મળી ગયો હતો. જાહેર આરોગ્યના પગલાં ૬૦ ટકા જેટલાં અસરકારક પૂરવાર થયા હતા જેના કારણે નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં માંગને પહોંચી વળવામાં આવશે, પરંતુ ત્યારબાદ ૫.૪ મહિના સુધી આઈસોલેશન વોર્ડની પથારીઓ ખૂટી પડશે, ૪.૬ મહિના સુધી આઈસીયુ વોર્ડની પથારીઓ ખૂટી પડશે અને ૩.૯ મહિના સુધી વેન્ટિલેટરની અછત સર્જાશે એમ આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોએ અંદાજ મૂક્યો છે એમ અહેવાલાં કહેવામાં આવ્યું હતું.



ખિરાજે અકીદત

હર દિલ અઝીઝ જનાબ અહેમદહુસેન મોહંમદહુસેન (અફીણવાલા) સાહેબને ઈસ દારે ફાની કો અલવિદા કહા હૈ. હમ સબ શરીકે ગમ હૈ. મર્હૂમ કે લીયે હમ દુઆએ મગ્ફિરત ફરમાતે હૈ. અલ્લાહ ત્આલા ઉન્હે જન્નતુલ ફિરદૌસમેં આલા મકામ અતા કરે ઔર ઉન કે પરિવારવાલોં કો સબ્રેજમીલ અતા કરે. આમીન

અહેમદહુસેન મોહંમદહુસેન શેખ (અફીણવાલા)

આમેના ખાતુન મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ
ટ્રસ્ટી-મેનેજમેન્ટ તથા સ્ટાફ

ખિરાજે અકીદત



હર દિલ અઝીઝ જનાબ અહેમદહુસેન મોહંમદહુસેન (અફીણવાલા) સાહેબને ઈસ દારે ફાની કો અલવિદા કહા હૈ. હમ સબ શરીકે ગમ હૈ. મર્હૂમ કે લીયે હમ દુઆએ મગ્ફિરત ફરમાતે હૈ. અલ્લાહ ત્આલા ઉન્હે જન્નતુલ ફિરદૌસમેં આલા મકામ અતા કરે ઔર ઉન કે પરિવારવાલોં કો સબ્રેજમીલ અતા કરે. આમીન

અહેમદહુસેન મોહંમદહુસેન શેખ (અફીણવાલા)
પ્રેસિડેન્ટ : મહંમદી ચેરીટેબલ ટ્રસ્ટ
આમેના ખાતુન મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ

મૌલાના હબીબ સાહેબ (ચેરમેન : ઈશા ફાઉન્ડેશન)
ઈનામુલ ઈરાકી
અબ્દુલકાદીર મેમણ (Myco)
જુમાભાઈ સોપારીવાલા

# હર્ષ મંડરના સમર્થનમાં દેશના ૧૬૦ જેટલા કાર્યકરો, કલાકારો, બૌદ્ધિક લોકો અને શિક્ષણવિદોની રજૂઆત

## દિલ્હી રમખાણો અંગે હર્ષ મંડર અને અન્ય કાર્યકરો સામે ખોટા પોલીસ કેસો કરાયાનું જણાવી નિંદા કરાઈ

નવી દિલ્હી,તા.૧૫

જાણીતા કાર્યકર હર્ષ મંડર પ્રત્યે એકતા દર્શાવવા દેશભરના ૧૬૦ જેટલા સામાજિક કાર્યકરો કલાકારો, બૌદ્ધિક લોકો, શિક્ષણવિદોએ પોતાના હસ્તાક્ષરો સાથેનું એક નિવેદન બહાર પાડયું હતું. તેમજ સોમવારે બપોરે ત્રણ વાગ્યાથી હર્ષ મંડરના સમર્થનમાં ૧૫ જેટલા શિક્ષણવિદો, કાર્યકરો ફેસબુક પર લાઈવ આવ્યા હતા. પત્રમાં હસ્તાક્ષર કરનારા લોકોએ જણાવ્યું હતું કે હર્ષ મંડર સામે દિલ્હી રમખાણો અંગે ખોટી રીતે કેસ નોંધવામાં આવ્યો છે. હર્ષ મંડર તથા અન્ય કાર્યકરો સામે થયેલા આરોપો ખોટા છે. અમે તેની નિંદા કરીએ છીએ આ પત્રમાં કુલ ૧૬૦ લોકોએ હસ્તાક્ષર કર્યા હતા. જેમાં વડોદરાના કાર્યકર ગુલામ મોહમ્મદ શેખ, મુંબઈના કાર્યકર અને સંશોધક હસીનાખાન, દિલ્હીના સામાજિક કાર્યકર હિમાંશુ, ખિદમતગાર ઈનામુલ હસન, દિલ્હીમાં વકીલોના સમૂહના ઈન્દિરા જયસીંગ, ફોરમ અગેન્સ્ટ કરપ્શન એન્ડ થિયેટર્સના પ્રમુખ ઈન્દુ પ્રકાશસિંહ, જેએનયુના પ્રોફેસર ઈરા ભાસ્કર, મુંબઈ સીએસએસએના સામાજિક કાર્યકર ઈરફાન એન્જિનિયર, રોહતકના સામાજિક કાર્યકર, મહિલા રમતવીર ભીમ એવોર્ડ વિજેતા જગમતી સંગવાન, જેએનયુના નિવૃત્ત પ્રોફેસર જાનકી નાયર, સામાજિક કાર્યકર અને ફ્રિલાન્સ જર્નાલિસ્ટ જાવેદ અનિશ (ભોપાલ), જેએનયુના પ્રોફેસર અર્થશાસ્ત્રી જયંતી ઘોષ, અર્થશાસ્ત્રી જીન ડ્રેઝ, ગુજરાતના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, જયપુર પીયુસી એલ કવિતા શ્રીવાસ્તવ, જેએનયુના લતાસિંહ, સ્વતંત્ર અભિવ્યકિતના સહ તંત્રી લક્ષ્મી મૂર્તિ, ગુજરાતના સામાજિક કાર્યકર માર્ટિન મેકવાન, નર્મદા બચાવ આંદોલનના મેઘા પાટકર, માનવ અધિકાર કાર્યકર મેહા ખંડૂરી, હૈદરાબાદના બિઝનેસમેન મોહમ્મદ આઝમ, દિલ્હીના ઈતિહાસકાર મૃદુલા મુખરજી, ડીયુના પ્રોફેસર નંદિની સુંદર, મુંબઈના ફિલ્મમેકર, એકટર નંદિતા દાસ, ડીયુના પ્રોફેસર નંદિતા નારાયણ, અભિનેતા નસરૂદ્દીન શાહ, જેએનયુના અધ્યાપક, લેખક નિવેદિતા મેનન, દિલ્હીના પત્રકાર પામેલા ફિલિપોઝ, પત્રકાર પ્રાણજોય ગુહા ઠાકુરતા, ન્યુઝકિલક ઈન.ના તંત્રી પ્રબિર પુરકયાકષ્ઠા, નવી દિલ્હીના લેખક પ્રદીપ કિશન, ભુવનેશ્વરના પર્યાવરણ કાર્યકર પ્રફુલ્લા સામંત્રા, જેએનયુટીએના પૂર્વ પ્રમુખ પ્રમોદ યાદવ, જેડીયુ ગુજરાતના પ્રવિણસિંહ જાડેજા, અલીગઢના ઈતિહાસકાર પ્રોફેસર ઈરફાન હબીબ, આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર અંકુર સારિન, જેએનયુના નિવૃત્ત અધ્યાપક અર્થશાસ્ત્રી પ્રોફેસર અરૂણકુમાર, ગુજરાતના અર્થશાસ્ત્રી પ્રોફેસર હેમંત શાહનો સમાવેશ થાય છે.

# બોમ્બે હાઈકોર્ટે ફલાઈટમાં વચ્ચેની બેઠકો પર મુસાફરોને બેસાડવાની પરવાનગી આપી પરંતુ એરલાઈન્સોને કોવિડ-૧૯ અંગે ડીજીસીએની માર્ગદર્શિકાનો અમલ કરવાની પણ સૂચના આપી

(એજન્સી) તા.૧૫

બોમ્બે હાઈકોર્ટે સોમવારે બધા ફલાઈટ ઓપરેટરોને ફલાઈટમાં વચ્ચેની બેઠક પર મુસાફરોને બેસાડવાની પરવાનગી આપી હતી પરંતુ તેમણે કોવિડ-૧૯ને રોકવા માટે ડાયરેકટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)ની માર્ગદર્શિકાનું પાલન કરવું પડશે. જસ્ટિસ એસ.જે.કાંઠાવાલા અને જસ્ટિસ એસ.પી.તાવડેની ખંડપીઠે એરઈન્ડિયાના પાયલોટ દેવેન કાનાની અરજીમાં ઉઠાવવામાં આવેલા વાંધાને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. આ અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે કોરોના વાયરસને રોકવા માટે બધી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફલાઈટોમાં વચ્ચેની બેઠક ખાલી રાખવામાં આવે. કોર્ટે કહ્યું હતું કે, પ્રાથમિક દૃષ્ટિએ અમે આ અભિપ્રાય ધરાવીએ છીએ કે, વિમાનમાં મુસાફરી કરી રહેલા યાત્રીઓની સુરક્ષા અને સ્વાસ્થ્યની જાળવણી માટે પૂરતા પગલાં લેવામાં આવી રહ્યા છે. ભલે પછી મુસાફરો અને બેઠકોની સંખ્યાના આધારે વચ્ચેની બેઠક ખાલી રાખવામાં આવતી ન હોય. કોર્ટે એરલાઈન્સોને ફલાઈટમાં વચ્ચેની બેઠક ફાળવવાની પરવાનગી આપતાં કહ્યું હતું કે, વાયરસને ફેલાતો રોકવા માટે ડીજીસીએએ બહાર પાડેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન થવું જોઈએ.

# દિલ્હીની કોવિડ હોસ્પિટલોમાં સીસીટીવી કેમેરા ગોઠવવા, મેડિકલ સ્ટાફનું કાઉન્સેલિંગ કરવા અમિત શાહનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં કોરોના દર્દીઓની સારવારમાં સમર્પિત કરાયેલી હોસ્પિટલોના વોર્ડમાં સીસીટીવી કેમેરા ગોઠવવાનો આદેશ આપ્યો છે આ ઉપરાંત તેમણે ડોક્ટરો, નર્સો અને અન્ય કામમાં સામેલ લોકોની કાઉન્સેલિંગ કરવાનો પણ આદેશ આપ્યો છે. આ પહેલા અમિત શાહે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી જેમાં કોંગ્રેસે દિલ્હીમાં તમામ લોકોના ટેસ્ટ કરવાની માગણી કરી હતી જ્યારે ભાજપે પ્રાઈવેટ હોસ્પિટલોમાં સારવારનો દર નક્કી કરવાની માગણી કરી હતી. અમિત શાહે એવું પણ કહ્યું હતું કે, ૨૦મી જૂનથી રાષ્ટ્રીય પાટનગરમાં દરરોજ ૨૦,૦૦૦ લોકોના ટેસ્ટ થશે.

# ગાંધી હોસ્પિટલના નાખુશ PG ડોક્ટરો વાયરસ સામેની લડતમાં પોતાનો ઉપયોગ થયો હોવાનો અનુભવ કરે છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૫

કોરોના વાયરસનો કહેર આખા વિશ્વમાં યથાવત્ છે, ત્યારે ભારત પણ તેમાંથી બાકાત નથી. ભારત સરકાર દ્વારા કોરોનાના ફેલાવાને અટકાવવા માટે લોકડાઉન અને કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો અને લોકોને ઘરે જ રહેવા માટે અપીલ કરવામાં આવી હતી. પરંતુ આ કપરા સમયગાળા દરમિયાન પણ કોરોના વોરિયર્સે પોતાની ફરજ ખંતથી નિભાવી છે. જો કે, તાજેતરમાં એવો મામલો સામે આવ્યો છે કે, હૈદરાબાદની ગાંધી હોસ્પિટલમાં પીજી ડોકટરો કોરોના વાયરસ સામેની લડતમાં પોતાનો ઉપયોગ થયો હોવાનો અનુભવ કરી રહ્યાં છે.




**ઉપરોક્ત તસવીરમાં હૈદરાબાદની ગાંધી હોસ્પિટલમાં હડતાલ પાડનારા પી.જી. ડોકટરોને જોઈ શકાય છે. હકીકતમાં આ ડોકટરોએ કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર કરનારા ડોકટરોની સાથે કરવામાં આવેલ કથિત ગેરવર્તનની સામે વિરોધ દર્શાવવા માટે આ હડતાળ શરૂ કરી હતી.**

કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર કરનારા પીજી ડોકટરો પર દર્દીઓની સંભાળ રાખવા માટે ખૂબ જ દબાણ કરવામાં આવી રહ્યું હોવાથી તેઓ નિરાશ, હતાશ અને લાચારીની લાગણીની સાથે-સાથે કોરોના સામેની લડત લડવા માટે તેમનો 'ઉપયોગ' કરવામાં આવી રહ્યો હોવાનું અનુભવ કરી રહ્યાં છે.

જો કે, ડોકટરોની ફરિયાદની વિરુદ્ધ સરકાર દ્વારા વારંવાર એવા દાવાઓ કરવામાં આવ્યા છે કે અહીં બધું જ બરાબર છે, કોઈ જ મુશ્કેલી નથી. પરંતુ મીડિયાકર્મીઓને જે વિગતો જાણવા મળી છે, તે વિગતો ગાંધી હોસ્પિટલની વાસ્તવિકતા સાથે મેળ ખાતી નથી.

ઉલ્લેખનીય છે કે, હોસ્પિટલમાં કોરોના વાયરસના એક દર્દીનું મોત નીપજ્યાં બાદ, તેના પરિવારજનો દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) ડોકટરો પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા બાદ, હોસ્પિટલના જુનિયર ડોકટરોએ આ ઘટનાનો વિરોધ કરતાં હડતાળ શરૂ કરી દીધી હતી.

### ભારતે પાક હાઈકમિશનને ડિમાર્ચ સોંપ્યો

# ભારતીય અધિકારીઓની સુરક્ષાની જવાબદારી પાક સરકારની

## અધિકારીઓની કોઈ પૂછપરછ ન થવી જોઈએ : ભારત

નવી દિલ્હી, તા. ૧૫

પાકિસ્તાનમાં ભારતીય હાઈ કમિશનના બે અધિકારીઓ ગાયબ થવાના કેસમાં ભારતે આજે પાકિસ્તાન હાઈ કમિશને ડિમાર્ચ સોંપવામાં આવ્યો હતો. તેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ભારતીય અધિકારીઓ સાથે કોઈ પૂછપરછ ન થવી જોઈએ અને તેમને કોઈ ત્રાસ આપવો ન જોઈએ. સુત્રોના જણાવ્યા મુજબ ભારતે સખત શબ્દોમાં કહ્યું છે કે સંબંધિત ભારતીય અધિકારીઓની સુરક્ષાની જવાબદારી પાકિસ્તાન સરકારની છે. ડેમર્ચ જણાવે છે કે પાકિસ્તાને બંને અધિકારીઓ અને તેમની સત્તાવાર ગાડી તાત્કાલિક ભારતીય હાઈકમિશનને પરત કરવી જોઈએ. ભારત અને પાકિસ્તાનમાં વધી રહેલા તનાવ વચ્ચે ઈસ્લામાબાદમાં ભારતીય હાઈ કમિશન સાથે કાર્યરત બે ભારતીય અધિકારીઓ સવારથી ગુમ છે. આ અધિકારીઓની શોધ કરવામાં આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતે પાકિસ્તાન સરકાર સમક્ષ અધિકારીઓના ગાયબ થવાનો મુદ્દો ઉઠાવ્યો છે.

# ચેન્નાઈમાં સંપૂર્ણ લોકડાઉન : ૧૯-૨૦ જૂનથી તમિળનાડુના ચાર જિલ્લાઓમાં ફરી નિયંત્રણો

**બસ ! રાજ્યસભાની ચૂંટણીની જ રાહ જોતા હતા ? જે કામ આજથી જ કરવાનું હોય તે ૧૯મી બાદ કેમ ? — ન્યુઝ પોઈન્ટ**

(એજન્સી) ચેન્નાઈ,તા.૧૫

રાજયમાં કોરોના વાયરસના વધી રહેલા કેસો વચ્ચે તમિળનાડુ સરકારે થિરૂવાલુર, કાંચીપુરમ અને ચેન્ગલપટ્ટુ જિલ્લા સહિત રાજધાની ચેન્નાઈમાં આગામી ૧૯ જૂનથી ૩૦ જૂન સુધી ફરી સંપૂર્ણ લોકડાઉન લાદવાની જાહેરાત કરી હતી. મહારાષ્ટ્ર બાદ તમિળનાડુ કોરોનાના કેસો મામલે બીજા સ્થાને છે. સરકારના અનેક નિયંત્રણો છતાં રાજયમાં કોરોનાના કેસો વધતા જાય છે. તમિળનાડુમાં કોરોનાના કુલ કેસોમાંથી ચેન્નાઈમાં ૭૦ ટકા કેસો નોંધાયા છે. ચેન્નાઈમાં કોરોના વાયરસના કુલ ૪૪૬૬૧ કેસો નોંધાયા છે. શહેરી વસાહતમાં સૌથી વધુ સંક્રમણ છે. રવિવારે ચેન્નાઈમાં નવા ૧૪૧૫ કેસો નોંધાયા હતા કુલ કેસોની સંખ્યા ૩૧,૮૯૬ થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, ચેન્નાઈ અને અન્ય ક્ષેત્રોમાં તીવ્ર લોકડાઉન લાગુ કરાશે. જેમાં બે રવિવાર આવશે. આ દરમ્યાન કોઈપણ પ્રકારની છુટ અપાશે નહીં. માત્ર બે કિ.મી.ના વિસ્તારમાંથી લોકોએ જીવન જરૂરી વસ્તુઓ ખરીદવી પડશે. માત્ર હોસ્પિટલો, લેબોરેટરીઓ અને દવાની દુકાનોને કામ કરવાની મંજૂરી અપાશે. તેમજ ૨૯ અને ૩૦ જૂનના રોજ ૩૩ ટકા લોકો સાથે બેંકે કામ કરી શકશે.

# લોકડાઉન અને અનલોક ખરાબ રીતે પ્લાન કરાયા, તેના કારણે જ છત્તીસગઢમાં કોવિડ-૧૯નો ફેલાવો વધ્યો : મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ

(એજન્સી) તા.૧૫

છત્તીસગઢ ડાબેરી પાંખના કટ્ટરવાદનો સમાનાર્થી જ બની રહ્યો છે. રાજયમાં લાંબા સમય સુધી બળવો પણ જોયો છે. ૨૦ વર્ષ પહેલા જ કેન્દ્ર સરકારે તેને મધ્યપ્રદેશથી છુટો કરી દીધો હતો અને એક નવા રાજયની જાહેરાત કરી હતી. આ રાજયમાં ખનીજ તથા કુદરતી સંપત્તિનો મોટો ભંડાર છે. જોકે તેમ છતાં આ પછાત રાજયો પૈકી એક છે.૨૦૧૮માં કોંગ્રેસે રાજયમાં સત્તા મેળવી અને ૧૫ વર્ષ જૂની રમણ સિંહની ભાજપ સરકાર ખડી પડી. તેની સાથે જ મધ્યપ્રદેશમાં કમલનાથના નેતૃત્વ હેઠળની સરકાર આવી ગઈ હતી. જે હવે પડી ચૂકી છે. જોકે કોવિડ-૧૯ના આ દોરમાં શરૂઆતના તબક્કામાં છત્તીસગઢમાં કોરોનાનો પ્રકોપ જોવા મળ્યો નહોતો. જોકે હવે લોકડાઉનના ચોથા તબક્કે ત્યાં એકાએક ૧૫૪૯ પોઝિટિવ કેસ મળી આવ્યા. જોકે મૃત્યુનો આંક પણ ૮ થઈ ચૂક્યો છે. જોકે હવે આ રાજયમાં પણ કોરોનાના કેસ ઝડપથી વધવા માંડ્યા છે. છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે એક એક્સક્લુઝિવ ઈન્ટરવ્યૂમાં કોવિડ-૧૯ની મહામારીનો સામનો કરવા માટે રાજ્યની તૈયારીઓ, પ્રવાસી શ્રમિકોના સંકટને ખાળવાની તૈયારીઓ તથા રાજયમાં નક્સલવાદ હોવા છતાં સૌથી નીચો બેરોજગારી દર અંગે પણ ચર્ચા કરી હતી. તેમને સવાલ કરાયો કે લૉકડાઉનના બે તબક્કા દરમિયાન છત્તીસગઢમાં ભારતના અન્ય રાજયોની તુલનાએ કોરોના વાઈરસનો પ્રકોપ સૌથી ઓછો રહ્યો અને કેસ પણ ઓછા રહ્યાં. પરંતુ ચોથા તબક્કા દરમિયાન પોઝિટિવ કેસનો આંકડો એકસાથે વધવા લાગ્યો. તમે રાજયમાં વધતા કેસને રોકવા કયા પગલાં ભર્યા? તેના જવાબમાં તેમણે કહ્યું કે આપણે જાણીએ છીએ કે આ વાઈરસ ભારતમાં જન્મ્યો નથી અને વિદેશથી જ અહીં આવ્યો છે. જયારે તે ફેલાવા લાગ્યો ત્યારે તેને રોકવાના જરૂરી પગલાં ભરાયા. છત્તીસગઢ એવા પ્રથમ અમુક રાજ્યોમાં સામેલ હતો જેણે જનતા કર્ફ્યૂનુ પાલન કર્યુ અને તમામ જાહેર કાર્યક્રમો, સ્કૂલ-કોલેજો બંધ કરવા જેવા નિર્ણયો લીધા. અમે વિદેશથી આવેલા તમામ લોકોને ક્વૉરન્ટાઈન કર્યા અને તબલીગી જમાતના કાર્યક્રમમાં હાજરી આપનારા લોકોને પણ આઈસોલેટ કર્યા. અમે કડક રીતે સરહદો બંધ કરી. આ રીતે અમે શરૂઆતના તબક્કે કોરોના વાઈરસને ફેલાતો અટકાવ્યો. તમને યાદ હશે કે નોટબંધી જે રીતે દેશમાં લાગુ કરવામાં આવી હતી, તેના કારણે સમગ્ર દેશમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. આ વખતે પણ લૉકડાઉનમાં પણ થયું અને દેશભરમાં અરાજકતા ફેલાઈ ગઈ. લોકોને એ સમજ જ ના પડી કે હવે તેઓ શું કરે. જો લૉકડાઉન અને અનલૉક કરવાની પ્રક્રિયા યોગ્ય રીતે કરવામાં આવી હોત તો કોરોના વાઈરસ જે રીતે આજે આખા દેશમાં ફેલાયો છે તે રીતે ફેલાયો ન હોત. સ્થિતી સારી હોત. ચોથા તબક્કાની વાત કરીએ તો લૉકડાઉનમાં પ્રવાસી શ્રમિકોને તેમના ઘરો સુધી પહોંચાડવા બસો અને ટ્રેનો શરૂ કરવામાં આવી. આ દરમિયાન મુસાફરી વખતે અનેક ચેપગ્રસ્ત શ્રમિકો અન્ય લોકોના સંપર્કમાં આવી ગયા. આ કારણે જ અનેક લોકો ચેપગ્રસ્ત થયા. અને આ કારણોસર જ છત્તીસગઢમાં કોરોના વાઈરસનો ગ્રાફ વધી ગયો. પરંતુ હું અહીં સ્પષ્ટ કરી દેવા માગુ છું કે તેના માટે પ્રવાસી શ્રમિકો જવાબદાર નથી. આ અયોગ્ય રીતે કરાયેલું આયોજન જ જવાબદાર છે જેના કારણે રાજ્યોમાં કોરોના વાઈરસનો ચેપ ફેલાઈ ગયો છે. આ કારણોસર જ દેશ અને રાજ્યના ગરીબ શ્રમિકો પીડિત બની ગયા.

# મહામારી હજુ ફેલાશે, લોકડાઉન નિષ્ફળ : પબ્લિક હેલ્થ એક્સપર્ટ

(એજન્સી) તા.૧૫

પ્રસિદ્ધ ઓર્થોસર્જન અને પબ્લિક હેલ્થ એક્સપર્ટ ડૉ. મેથ્યૂ વર્ગીઝે ચેતવણી આપી હતી કે હાલ કોરોના મહામારી થંભી જવાની નથી અને તે હજુ વધશે. આ મહામારીનો પીક ક્યારે આવશે. તેના વિશે કંઈ કહી ના શકાય. એવામાં તેમણે દરેક વ્યક્તિને કોરોનાથી બચવા માટે ચાર મંત્ર આપ્યા હતા. ધ ક્વિન્ટના એડિટોરિયલ ડિરેક્ટર સંજય પુગલિયા સાથેની ખાસ વાતચીતમાં તેમણે આ ટિપ્પણીઓ કરી હતી. લોકડાઉનથી આપણને ફાયદો થયો કે નહીં? વધવતા કેસને જોતાં આપણે લોકડાઉન વધારવું જોઈએ કે નહીં ? ભારતમાં ઓછા મૃત્યુને કઈ રીતે જોવામાં આવે ? કોરોનાની સારવાર ક્યારે આવશે ? આ તમામ સવાલોના જવાબ ડૉ. મેથ્યૂએ બેબાક રીતે આપ્યા હતા. ઈન્ટવ્યૂમાં ડૉ. મેથ્યૂએ કહ્યું કે કોરોનાની દેશમાં હવે કમ્યૂનિટી સ્પ્રેડિંગ થઈ રહી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે સરકાર તો કમ્યૂનિટી સ્પ્રેડિંગનો ઈનકાર કરે છે તો તેમણે કહ્યું કે ૬૦ ટકા લોકોમાં લક્ષણ દેખાતા જ નથી. સાથે જ જ્યારે કોન્ટેક્ટ ટ્રેસિંગમાં તકલીફ થવા લાગે તો સમજો કે સામુદાયિક ફેલાવો થઈ રહ્યો છે. ડૉ. મેથ્યુ અનુસાર જુલાઈમાં કોરોના પીક પર જઈ શકે છે. દિલ્હીમાં પ્રસિદ્ધ સેન્ટ સ્ટીફન્સ હોસ્પિટલમાં કન્સલટન્ટ ઓર્થો સર્જન ડૉ. મેથ્યુ વર્ગીઝ પબ્લિક હેલ્થના મોટા એક્સપર્ટ છે. દુનિયાભરની સરકારો અને સંસ્થાઓ ડૉ. મેથ્યુની સલાહ લે છે. બિલ ગેટ્સે ૨૦૧૮માં ડૉ. મેથ્યુને દુનિયાના પાંચ રિયલ લાઈફ હીરોઝ પૈકી એક ગણાવ્યા હતા. ડૉ. મેથ્યુએ કહ્યું કે કોરોનાના કારણે કામ બંધ ન કરી શકાય. એટલા માટે લોકડાઉનને ખોલી દેવાયું છે. કામ પર જાઓ પણ સુરક્ષાના સંપૂર્ણ પગલાં ભરો. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, હાથની સફાઈ અને ચહેરાને સ્પર્શ કરતા બચો. સામેવાળાને ભગવાન જાણે ચેપ છે કે નહીં એટલા માટે માનીને ચાલો કે દરેક વ્યક્તિ ચેપગ્રસ્ત છે અને એ જ દૃષ્ટિએ સાવચેતી રાખો. હું ખુદ રોજ હોસ્પિટલ જઈ રહ્યો છું. રોજ ૬૦થી વધુ દર્દીને જોઉં છું. પણ સાવચેતી રાખું છું. લોકડાઉનનો ફાયદો થયો કે નહીં તે અંગે તેમણે કહ્યું કે લોકડાઉનની જરૂર જ નહોતી. વધારેમાં વધારે તૈયારી કરવાની જરૂર હતી જેથી બધાને જાગૃત કરી શકાય. નીતિગત યોજના બનાવી શકાય અને તેના માટે ફક્ત વધુમાં વધુ બે કે ત્રણ અઠવાડિયાના લોકડાઉનની જરૂર જ નહોતી. બે ત્રણ અઠવાડિયાના લોકડાઉનને લીધે મજૂરોએ પલાયન કરવાની ફરજ ન પડત. લોકડાઉનનો કોઈ ફાયદો થયો નથી કેમ કે આપણે બધા જોઈ રહ્યાં છીએ કે કોરોનાનો ગ્રાફ વધી રહ્યો છે.

**કોરોનાથી બચવા માટે તેમણે ચાર મંત્ર આપ્યાં :**

શારીરિક અંતર જાળવો
માસ્ક પહેરો
માસ્ક પર વારંવાર હાથ ન લગાડશો
કોઈ વસ્તુને સ્પર્શ કર્યો છે તો સાબુથી તરત હાથ ધોઈ નાખો.

# લદ્દાખમાં તણાવની સ્થિતિ વચ્ચે પણ મોદી સરકારે ચીનની કંપનીને ૧૧૨૬ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપ્યો

**ચાઈનીઝ મલ્ટીનેશનલ સિવિલ કન્સ્ટ્રક્શન કંપની શાંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કું. લિ. (એસટીઈસી- STEC)ને ન્યુ અશોક નગર અને દિલ્હી-મેરઠ આરઆરટીએસ(RRTS) કોરિડોરના સાહિબાબાદ વચ્ચે ૫.૬ કિલોમીટર ભૂગર્ભ કોરીડોરના નિર્માણ માટેના પાંચ બીડરમાં સૌથી નીચી બોલી લગાવનાર તરીકે આવતા કોન્ટ્રાકટ તેમને મળવા જઈ રહ્યો છે**

(એજન્સી) તા.૧૫

ચાઈનીઝ મલ્ટીનેશનલ સિવિલ કન્સ્ટ્રકશન કંપની શાંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કું. લિ. (એસટીઈસી-STEC)ને ન્યુ અશોક નગર અને દિલ્હી-મેરઠ આરઆરટીએસ(RRTS) કોરિડોરના સાહિબાબાદ વચ્ચે ૫.૬ કિલોમીટર ભૂગર્ભ કોરીડોરના નિર્માણ માટેના પાંચ બીડરમાં સૌથી નીચી બોલી લગાવનાર તરીકે આવતા કોન્ટ્રાકટ તેમને મળવા જઈ રહ્યો છે.



આ બાબતે કોંગ્રેસના પ્રવક્તાએ ટ્વીટ કરીને કહ્યું કે, મોદી સરકાર દ્વારા ચીનની શાંઘાઈની એન્જિનિયરિંગ કંપનીને ૧૧૨૬ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો. મોદીજી શું ભાજપમાં આજ આત્મનિર્ભર બનવાની વ્યાખ્યા છે.

નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ (NCRTC)એ દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ આરઆરટીએસ કોરિડોરના કોન્ટ્રાક્ટ ખોલ્યા છે. કુલ પાંચ રાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય બિડરોએ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધો હતો. એન.સી.આર.ટી.સી. દ્વારા જાહેર કરાયેલા નાણાકીય બિડના પરિણામ મુજબ, તમામ બોલી લગાવનારાઓની સ્થિતિ નીચે મુજબ છે:

શાંઘાઈ ટનલ એન્જિનિયરિંગ કું. લિમિટેડ-રૂા. ૧,૧૨૬ કરોડ (એલ-૧)

લાર્સન એન્ડ ટુબ્રો લિ. (L&T): ૧,૧૭૦ કરોડ (એલ-૨)

ગેલરમક અગીર સનાયી ઈન્સત વે તાહહત એ.એસ. (Gulermak): ૧,૩૨૬ કરોડ રૂપિયા (એલ-૩)

ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ- SKEC JV: રૂા. ૧,૩૪૬ કરોડ (એલ-૪)

આફકન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ : રૂા. ૧,૪૦૦ કરોડ (એલ-૫)

એનસીઆરટીસીએ ગયા વર્ષે નવેમ્બરમાં પ્રથમ ભૂગર્ભ સિવિલ કન્સ્ટ્રકશન પેકેજ (ડીએમ/સીએન/સીઓઆર-ઓફ/૦૮૬) માટે વૈશ્વિક બિડ મંગાવ્યા હતા અને આ કરાર પેકેજ માટેની તકનીકી બિડ ૧૬ માર્ચ ૨૦૨૦ના રોજ ખોલવામાં આવી હતી.

એનસીઆરટીસી દ્વારા સ્વીકૃતિનો પત્ર (એલઓએ) જારી કર્યા પછી, એસટીઈસીએ ન્યુ અશોક નગર અને સાહિબાબાદ વચ્ચે ૧૦૯૫ દિવસમાં ટનલ બનાવવાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. કરારની શરતો મુજબ, કટ અને કવર પદ્ધતિ દ્વારા ટનલ દ્વારા કામ ટબીએમ દ્વારા કરવામાં આવશે. એનસીઆરટીસી દ્વારા જારી કરાયેલું આ પ્રથમ ભૂગર્ભ કરારનું પેકેજ છે.

# ૨૧મી સદીના અંતે ભારતમાં તાપમાન ૪.૪ ડિગ્રી વધી જશે : સરકારનો અહેવાલ

**ભારતમાં આ સદીના અંત સુધીમાં સરેરાશ તાપમાન ૪.૪ ડિગ્રી વધશે. એટલું જ નહીં અહીં ચાલનારી હિટવેવ ૩થી ૪ ગણી વધારે હશે. ચક્રવાત- તોફાનોની સંખ્યા અને તીવ્રતામાં વધારો થશે. સમુદ્રના જળસ્તરમાં ૩૦ સેમી જેટલો વધારો થઈ શકે છે**

(એજન્સી) તા.૧૫

ભારતમાં આ સદીના અંત સુધીમાં સરેરાશ તાપમાન ૪.૪ ડિગ્રી વધશે. એટલું જ નહીં અહીં ચાલનારી હીટવેવ ૩થી ૪ ગણી વધારે હશે. ચક્રવાત-તોફાનોની સંખ્યા અને તીવ્રતામાં વધારો થશે. સમુદ્રના જળસ્તરમાં ૩૦ સેમી. જેટલો વધારો થઈ શકે છે. આવા ભયાવહ ખુલાસાઓ થયા છે ભારત સરકારની વૈજ્ઞાનિક સંસ્થા, ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રોપિકલ મેટિયેરોલોજીના પ્રથમ કલાઈમેટ એસેટમેન્ટ રિપોર્ટમાં થયો છે.

આ રિપોર્ટનું નામ છે. એસેસમેન્ટ ઓફ ક્લાયમેટ ચેન્જ ઓવર ધ ઈન્ડિયન રિજન અર્થાત ભારતીય વિસ્તારના આબોહવા પરિવર્તનનું મૂલ્યાંકન. આ રિપોર્ટમાં જણાવાયું છે કે, ભારતમાં સૌથી વધુ ગરમ દિવસનું તાપમાન ૦.૬૩ ડિગ્રી સેલ્સિયસ અને સૌથી ઠંડી રાતનું તાપમાન ૦.૪ સેલ્સિયસ વધી ચૂક્યું છે.

દેશના ક્લાયમેટની આવી ભયાવહ સ્થિતિ છેલ્લા ૩૦ વર્ષથી થઈ છે. અર્થાત ૧૯૮૬થી ૨૦૧૫ સુધી. આ બધા આંકડાના અભ્યાસ મુજબ ભારતમાં સરેરાશ તાપમાન આગામી ૮૦ વર્ષમાં ૪.૭ ડિગ્રીથી ૫.૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી જશે. ૧૯૦૧થી ૨૦૧૮ સુધીમાં ભારતમાં સરેરાશ તાપમાનમાં ૦.૭ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. ઉત્તરી હિંદ મહાસાગરનું જળ સ્તર ૧૮૭૪થી ૨૦૦૪ની વચ્ચે ૧.૦૬થી ૧.૭૫ મિમી. સુધી વધ્યું છે. રિપોર્ટ મુજબ વર્ષ ૨૧૦૦ સુધીમાં ઉત્તરી હિંદ મહાસાગરની જળ સપાટી ૩૦૦ મિમી. અર્થાત્ ૩૦ સેન્ટિમીટરનો વધારો થશે.

આ સમય દરમ્યાન વિશ્વભરમાં મહાસાગરોની જળ સપાટી ૧૮ સેન્ટિમીટર જેટલો વધારો થશે. જૂનથી સપ્ટેમ્બર સુધી દેશભરમાં જે ચોમાસાની સિઝન રહે છે તેમાં ૧૯૫૧થી ૨૦૧૫ની વચ્ચે ૬ ટકાનો ઘટાડો થયો છે. સૌથી વધુ અસરગ્રસ્ત- વધારે નુકસાન ગંગાના મેદાની વિસ્તારો અને પશ્ચિમ ઘાટને થયું છે.

જો ૧૯૫૧થી ૧૯૮૦ના સમયની સરખામણી ૧૯૮૧થી ૨૦૧૧ સાથે કરવામાં આવે તો તમને જ ખબર પડી જશે. ૧૯૮૧થી ગરમી અને દુષ્કાળમાં ૨૭ ટકાનો વધારો થયો છે. છેલ્લા બે દાયકામાં હવામાનમાં પલટાને પરિણામે ચોમાસા પછી આવનારા ચક્રવાતી તોફાનોની તીવ્રતા અને સંખ્યામાં વધારો થયો છે. ઉત્તરી હિંદ મહાસાગરમાં ચક્રવાતી તોફાનો આવવાની સંખ્યામાં વધારો થવાની આગાહી આ રિપોર્ટમાં કરવામાં આવી છે. અહેવાલમાં જણાવાયું છે કે, ૨૧મી સદીના અંત સુધીમાં, ભારતમાં સરેરાશ તાપમાનમાં ૫૫થી ૭૦ ટકાનો વધારો થઈ જશે. આને કારણે ઈકોસિસ્ટમ, કૃષિ, શુદ્ધ પાણી અને માળખાગત વિકાસની સ્થિતિ બગડશે. દર દાયકામાં ગરમ દિવસોની સંખ્યામાં ૯.૯ ટકાના દરે વધારો થયો છે. ગરમ રાતના દરમાં પ્રતિ દશકામાં ૭.૭ ટકાનો વધારો થયો છે.

# નકશાનો વિવાદ : હવે નેપાળીઓએ ભારતની સરહદે નો મેન્સ લેન્ડ પર કબજો જમાવ્યો

**નેપાળના નાગરિકોએ ખેરીમાં ઘૂસણખોરી કરવાની અને કબજો કરવાની જ શરૂઆત નથી કરી પણ નેપાળની સેનાએ સરહદે પાંચ નવી ચોકીઓ પણ સ્થાપિત કરી દીધી છે. આ ચોકીઓ કૈલાલી વિસ્તારમાં સ્થાપિત કરાઈ છે જે ભારતીય સરહદમાં આવેલ છે**

(એજન્સી) તા.૧૫

નેપાળની સંસદને વિવાદિત બિલને મંજૂરી આપ્યા બાદ ભારતના માથામાં ફરી દુઃખાવો પેદા કરવાની શરૂઆત કરી હોય તેમ ભારતીય વિસ્તારો પર હવે કબજો જમાવવાની પણ શરૂઆત કરી દીધી છે.

તાજેતરના અહેવાલ અનુસાર ઉત્તરપ્રદેશના તરાઈમાં આવેલા લખિમપુર ખેરી સરહદી વિસ્તાર જેનો મેન્સ લેન્ડ તરીકે ઓળખાય છે ત્યાં નેપાળના નાગરિકોને આવીને રહેવાની અને કબજો કરવાની શરૂઆત કરી દીધી છે.

સૂત્રો અનુસાર સીમા સુરક્ષા બળ(એસએસબી)ની ૩૯મી બટાલિયનના કમાન્ડન્ટે ખેરી જિલ્લાના મેજિસ્ટ્રેશન શૈલેન્દ્ર કુમાર સિંહને આ મામલે ચાલુ મહિનાની શરૂઆતમાં જ પત્ર લખ્યો હતો. એસએસબી ઈન્ડો-નેપાળ સરહદે યુપીના આઠ જિલ્લાઓમાં તહેનાત છે.

ઉલ્લેખનીય છે કે, નેપાળની સંસદ દ્વારા ભારતીય વિસ્તારોને પોતાનો ગણાવતો વિવાદિત નક્શો મંજૂર કરી દેવામાં આવ્યો છે અને આ નકશાને ભારતે ફગાવી કાઢ્યો છે. આ કારણે જ હવે બંને દેશો વચ્ચેના સંબંધો હવે વણસ્યા છે.

તમને જણાવી દઈએ કે, નેપાળના નાગરિકોએ ખેરીમાં ઘૂસણખોરી કરવાની અને કબજો કરવાની જ શરૂઆત નથી કરી પણ નેપાળની સેનાએ સરહદે પાંચ નવી ચોકીઓ પણ સ્થાપિત કરી દીધી છે. આ ચોકીઓ કૈલાલી વિસ્તારમાં સ્થાપિત કરાઈ છે જે ભારતીય સરહદમાં આવેલ છે.

# કોવિડ-૧૯ અંગે તમામ પક્ષોની બેઠક બાદ અમિત શાહે દિલ્હીની હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી

### આ અગાઉ ગઈકાલે અમિત શાહે દિલ્હીના મુખ્યમંત્રી સહિત અન્ય હોદ્દેદારો સાથે કોરોનાના ઉપાયો અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી



(એજન્સી)

નવી દિલ્હી,તા.૧૫

નેશનલ કેપિટલ રીજનમાં કોરોના વાયરસ સ્થિતિની ચર્ચા અને ઉકેલ માટે દિલ્હીમાં તમામ રાજકીય પક્ષોની યોજાયેલી બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાજધાનીના લેફ્ટનન્ટ ગવર્નરે ખાતરી આપી હતી કે, ઉત્તરપ્રદેશ અને હરિયાણાના કેટલાક ભાગો સહિત દિલ્હીમાં કોરોના વાયરસના ઝડપી ટેસ્ટ કરાશે. શાહે જણાવ્યું હતું કે, રાજકીય પાર્ટીઓએ પોતાના અંતરો ભૂલી જઈ દિલ્હીમાં કોરોનાના મુલાકાત માટે હાથ મીલાવી સંયુકત રીતે કામ કરવું જોઈએ. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, આગામી કેટલાક દિવસોમાં દિલ્હીમાં દરરોજ કોરોના વાયરસના ટેસ્ટની સંખ્યા ૧૮૦૦૦એ પહોંચશે. તમામ પાર્ટીઓએ રાજકારણથી ઉપર ઉઠી ટેસ્ટની માગ કરી છે. શાહે જણાવ્યું હતું કે, રાજકીય અંતર ભૂલી જવું જોઈએ અને દિલ્હીમાં તમામ પક્ષોએ એક જૂથ થઈ કામ કરવું જોઈએ. કોવિડ-૧૯ મામલે સર્વપક્ષીય બેઠક બાદ અમિત શાહે દિલ્હીની હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી હતી. તમિળનાડુ અને મહારાષ્ટ્ર બાદ દિલ્હી કોરોના વાયરસના કેસો મામલે ત્રીજા સ્થાને છે. દિલ્હીમાં કોરોના વાયરસના કુલ કેસોની સંખ્યા ૪૧૧૮૨એ પહોંચી છે અને આ ચેપથી ૧૩૨૭ લોકોના મોત થયા છે. આ અગાઉ રવિવારે અમિત શાહે દિલ્હીના મુખ્યમંત્રી સહિત અન્ય અગ્રણી હોદ્દેદારો સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી જેમાં કોરોના સામેના ઉપાયો અંગે ચર્ચા થઈ હતી.

---

### કોંગ્રેસે કોરોના સંક્રમિત પરિવારોને ૧૦-૧૦ હજારની માંગ કરી

# શાહની અધ્યક્ષતામાં સર્વદળીય બેઠક યોજી : ટેસ્ટિંગનો ખર્ચ ૫૦% ઓછો થશે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૫

દિલ્હીમાં કોરોનાની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને ગૃહમંત્રી અમિત શાહ ઓલ પાર્ટી (સર્વપક્ષીય) મીટિંગ કરી હતી. બેઠકની ચર્ચા વિશે દિલ્હી ભાજપના અધ્યક્ષ આદેશ કુમાર ગુપ્તાએ માહિતી આપી છે. ગુપ્તાએ જણાવ્યું કે, ટેસ્ટિંગ ખર્ચમાં ૫૦ ટકાની છૂટ આપવાની ભાજપની માંગને ગૃહમંત્રીએ મંજૂરી આપી છે. ભાજપે સૂચન આપ્યું છે કે, હોસ્પિટલોના ચાર્જ ફિક્સ કરવામાં આવે. આ વિશે શાહે એક કમિટી બનાવીને ૨ દિવસમાં રિપોર્ટ માંગ્યો છે.

શાહે એવું પણ કહ્યું છે કે, દિલ્હી સરકાર ૨૦ જૂન સુધીમાં રોજના ૧૮ હજાર ટેસ્ટ કરવાના શરૂ કરશે. દોઢ કલાક ચાલેલી બેઠકમાં આપ, કોંગ્રેસ, ભાજપ અને બસપા નેતા સામેલ થયા હતા. સૂત્રો દ્વારા જણાવ્યું છે કે, કોંગ્રેસે આ ૩ માગણીઓ મૂકી છે.

૧) તમામ લોકોને કોરોનાની તપાસ કરાવવાની સુવિધા મળવી જોઈએ, તે દરેક વ્યક્તિનો અધિકાર છે

૨) જે લોકો સંક્રમિત છે અથવા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં છે, તેમના પરિવારોને ૧૦-૧૦ હજાર રૂપિયા આપવા જોઈએ.

૩) ચોથા વર્ષના મેડિકલ સ્ટૂડન્ટ્સની પાસે નોન-પરમેનેન્ટ રેસિડન્સ ડોક્ટર્સની જેમ કામ કરાવું જોઈએ. હેલ્થકેર સ્ટાફની અછતને ધ્યાનમાં રાખીને ચોથા વર્ષના ફાર્મસી અથવા નર્સિંગ સ્ટૂડન્ટ પાસે પણ કામ કરાવી શકાય.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે, કોરોના દર્દીઓની લાશો કચરાના ઢગલામાંથી મળી રહી છે, તો આ માણસો સાથે જાનવરો કરતાં પણ ખરાબ વર્તન છે.

---

# પીએમ મોદી વાયરસ સામે લડત અંગે મંગળવાર, બુધવારે મુખ્યમંત્રીઓ સાથે નવેસરથી મંત્રણા કરશે



(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૫

દેશમાં કોરોના વાયરસના ફેલાવા વચ્ચે ભારતમાં લોકડાઉનમાંથી બહાર આવવાની પ્રક્રિયા ચાલુ થવાથી વાયરસના ફેલાવાને રોકવાના ઉપાયો અગે મંગળવાર અને બુધવારે વડાપ્રધાન મોદી મુખ્યમંત્રીઓ સાથે નવેસરથી મંત્રણા કરશે. મંગળવારે બપોરે વડાપ્રધાન ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ, ઉપરાજ્યપાલ અને વહીવટકર્તાઓ સાથે વીડિયો કોન્ફરન્સથી વાત કરશે. જેમાં પંજાબ, કેરળ, ઉત્તરાખંડ, ઝારખંડ, ઉત્તરપૂર્વના રાજ્યો અને કેટલાક કેન્દ્રશાસિત પ્રદેશોનો સમાવેશ થાય છે. બુધવારે તેઓ વધુ કેસોવાળા મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, કર્ણાટક, ગુજરાત, બિહાર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીઓ સાથે વાત કરશે. દેશમાં વધતા કોરોનાના કેસોને કારણે આ બેઠકોનો દોર ચલાવાશે.

એક સરકારી અધિકારીએ જણાવ્યું કે, વડાપ્રધાન રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે થનારી બેઠકમાં ડોર-ટૂ-ડોર સ્ક્રીનિંગ પર ભાર આપી શકે છે. વાસ્તવમાં જે રાજ્યોમાં કોરોના વાયરસનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે, ત્યાં શહેરોમાં કન્ટેનમેન્ટ ઝોનમાં ડોર-ટૂ-ડોર સ્ક્રીનિંગ કરીને સંક્રમણની ઝડપથી તપાસ કરી શકાય તેમ છે. આ સાથે જ વડાપ્રધાન મોદી રાજ્યોને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો અને ફેસ માસ્કના ઉપયોગ સાથે જોડાયેલા કાયદાને કડક બનાવવા અને તેનું પાલન સુનિશ્ચિત કરાવવા પર પણ ભાર મૂકી શકે છે. કેન્દ્ર સરકારને ઘણાં રાજ્યો પાસેથી હાલમાં રિપોર્ટ મળ્યા છે. આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, વડાપ્રધાન મોદી રાજ્યોને કોરોના ટેસ્ટની સંખ્યા વધારવા માટે કહી શકે છે. જૂનના અંત સુધીમાં કોરોનાના ટેસ્ટની સંખ્યા વધારવાથી સંભવિત દર્દીઓ જલદી શોધવામાં મદદ મળી શકે છે, અને તેનાથી કોરોનાના મૃત્યુદરમાં ઘટાડો થવાનું અનુમાન છે. વડાપ્રધાન મોદી ૧૬ અને ૧૭ જૂનના દિવસે બે ભાગમાં કોરોનાના સૌથી વધારે પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરવાના છે. અધિકારીએ કહ્યું, "હવે રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિ પર કાબૂ મેળવવા માટે ઉઠાવવામાં આવનારા તમામ પગલા રાજ્યના મુખ્યમંત્રીઓ પાસે જ હશે. કેન્દ્ર સરકાર તેના પર નજર રાખી રહી છે.

---

# એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ગણાતું ધારાવી વાયરસ હોટસ્પોટમાંથી આદર્શ નગર કેવી રીતે બની ગયું?



(એજન્સી) તા.૧૫

એશિયાની સૌથી ગીચ વસ્તી ધરાવતા અને સૌથી મોટી ઝૂંપડપટ્ટી ગણાતુ મુંબઈનું ધારાવી એક સમયે કોરોના વાયરસનું હોટસ્પોટ બની ગયું હતું પરંતુ આજે તે એક આદર્શ દૃષ્ટાંત બનવા સાથે સફળતાની કહાની બની ગયું છે, અને કોવિડ-૧૯ની મહામારીનો સામનો કરી રહેલા વિકાસશીલ દેશોને પોતાનું મોડેલ અને દૃષ્ટાંત ફર કરી રહ્યું છે. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળઓએ ગત એપ્રિલથી આ ઝૂંપડપટ્ટીમાં ૪૭,૫૦૦ લોકોને ઘેર-ઘેર જઈને તેઓના શરીરનું ટેમ્પરેચર અને ઓક્સિજનનું લેવલ ચકાસ્યું હતું, અને આ અત્યંત ગીચ વસ્તીના ૭ લાખ લોકોનું સ્ક્રિનિંગ કર્યું હતું અને જુદી-જુદી જગ્યાએ પાંચ ક્લિનિક ઉભા કર્યા હતા. જે લોકોને થોડાં પણ લક્ષણો જણાયા હતા તેઓને નજીકમાં આવેલા એવા સ્પોર્ટ્સ સંકુલ અને શાળાઓમાં ખસેડ્યા હતા જ્યાં કોરન્ટાઈન સેન્ટરો ઉભા કરાયા હતા.

આ તમામ પ્રયાસોનું પરિણામ એ આવ્યું કે, મે મહિનાના આરંભે કોરોના વાયરસનો ચેપ લાગવાના જેટલા કેસ નોંધાયા હતા તેની તુલનાએ આજે તે કેસની સંખ્યામાં ત્રણ ગણો ઘટાડો થઈ ગયો છે, અને અડધાથી વધારે લોકો સાજા થઈને ઘરે પાછા ફરી રહ્યા છે, અને સાથે મૃત્યુઆંક પણ ઘટી ગયો છે.

ધારાવીના જે આંકડા છે તે બાકીના ભારતના આંકડાની તુલનાએ તદ્દન વિરોધાભાસી છે, કેમ કે દેશના બાકીના ભાગોમાં વાયરસનો ચેપ લાગ્યાના કેસોમાં ગત મે બાદ ચારગણો વધારો જોવા મળ્યો છે. ધારાવીએ "ચેઝ ધ વાયરસ" (વાયરસનો પીછો કરો)નો અભિગમ અપનાવ્યો હતો જે સમસ્ત વિશ્વના અર્થાત બ્રાઝિલના ફેવેલાસથી માંડીને દક્ષિણ આફ્રિકાના શેન્ટિ શહેર સુધીના ઉભરતા માર્કેટ માટે એક પ્રેરણાદાયી દૃષ્ટાંત બની શકે છે. આ વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવવું સહેજપણ શક્ય નહોતું એમ ધારાવીમાં કોરાના વિરૂદ્ધ છેડાયેલા જંગના ઈન્ચાર્જ એવા મદદનીશ મ્યુનિસિપલ કમિશ્નર કિરણ દીઘવકરે કહ્યું હતું. તેથી અમારી પાસે ચેપ લાગેલા કેસ આવે તેની રાહ જોવાને બદલે વાયરસનો પીછો કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નહોતો. અમે ઘટના બને ત્યારબાદ પ્રતિભાવ આપીયે તેના બદલે સામે ચાલીને જ પ્રતિભાવ આપવાનો અભિગમ અપનાવ્યો હતો એમ તેમણે ઉમેર્યું હતું.

આ વિસ્તારમાં હજુ પણ સ્ક્રિનિંગ અને ટેસ્ટિંગ ચાલું જ રાખવામાં આવશે કેમ કે, અમારો મુખ્ય આશય લોકોના મોતને રોકવાનો છે. અમે ખૂબ વહેલા સ્ટેજે લોકોને અલગ પાડી દેવામાં સફળ રહ્યા હતા જ્યારે મુંબઈના અય વિસ્તારોમાં લોકો છેલ્લા સ્ટેજે હોસ્પિટલમાં દાખલ થયાં હતા એમ તેમણે પોતાની સફળતાની કહાનીને વર્ણવતા કહ્યું હતું.

---

# લંડનમાં ઈજાગ્રસ્ત શ્વેત માણસને ખભે ઊંચકીને લઈ જતાં અશ્વેતનો ફોટો ખૂબ વાઈરલ બન્યો

### એક ફોટાએ પૂરવાર કરી દીધું હતું કે અશ્વેત લોકોને વિરોધ કરવાનો હક છે પરંતુ તેઓને શ્વેત લોકો સામે કોઈ ખટાશ, કડવાશ કે નફરત નથી



(એજન્સી) તા.૧૫

લંડન ખાતે શનિવારે કેટલાંક લોકો તદ્દન શાંત રીતે રંગભેદની નીતિ વિરૂદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે તેઓનો વિરોધ કરવા કેટલાંક ખૂબ જ કટ્ટરવાદી કહી શકાય એવા જમેણી વિચારધારા ધરાવનારા લોકો તે શાંત લોકોનો વિરોધ કરી રહ્યા હતા જેના પગલે થોડી વારમાં હિંસક મારામારી જેવા દશ્યો સર્જાયા હતા.

બરાબર તે સમયે રોઈટર સમાચાર સંસ્થાનો ફોટોગ્રાફર ડિલાન માર્ટિનેઝ ત્યાં હાજર હતો અને તેણે જોયું કે, હિંસક મારામારી કરી રહેલાં ટોળાંની વચ્ચેથી એક અશ્વેતત માણસ તેના ખભા ઉપર એક લોહિલૂહાણ થઈ ગયેલા શ્વેત માણસને લઈને બહાર નીકળ્યો અને ફોટોગ્રાફરે આ ક્ષણોને તેના કેમેરાના કચકડામાં કંડારી લીધી. થોડી જ વારમાં આ ફોટો ખૂબ જ વાઈરલ થઈ ગયો હતો.

વાસ્તવમાં આ ફોટો એવું દર્શાવતો હતો કે, મુઠ્ઠીભર કટ્ટરવાદી વિચારાધારા ધરાવતા કેટલાંક લોકો ભલે કાળા-ગોરાનો ભેદભાવ ઉભા કરતાં પરંતુ દેશની મોટાભાગની પ્રજા આ પ્રકારના ભેદભાવનો વિરોધ કરે છે. રંગભંદની નીતિનો સૌથી વધુ ભોગ બનેલા અશ્વેત નાગરિકોને પણ શ્વેત લોકો પ્રત્યે કોઈ કડવાશ, ખટાશ કે નફરત નથી તે બાબત આ ફોટાએ પૂરવાર કરી દીધી હતી.

બાદમાં રોઈટર સમાચાર સંસ્થાના ફોટોગ્રાફરનો આ ફોટો સોશિયલ મીડિયામાં ખૂબ વ્યાપક પ્રમાણમાં વાઈરલ થઈ ગયો અને ન્યૂઝ ચેનલોએ પણ તેમના સમાચારોમાં આ ફોટો દર્શાવ્યો હતો. વાસ્તવમાં આ વિરોધ પ્રદર્શનમાં રંગભંદની નીતિના વિરોધ કરવા અને આ નીતિની તરફેણમાં કરવા એમ બે જુદી-જુદી વિચારધારા ધરાવતા લોકો વચ્ચે યોજાયા હતા જે બાદમાં હિંસક અથડામણમાં પરિણમ્યા હતા.

સેન્ટ્રલ લંડનમાં આવેલા વોટરલૂ બ્રિજ નજીક ઘટનાને વાગોડતા માર્ટિનેઝે કહ્યું હતું કે, મેં તે હિંસક અથડામણ પણ જોઈ હતી અને તે હિંસક ટોળામાંથી એક માણસ જમીન ઉપર ફસડાઈ પડ્યો તે પણ જોયું હતું. યાદ રહે કે, લંડનમાં હજુ પણ ઉદારમતવાદી વિચારધારા ધરાવતા લોકોએ શ્વેત લોકોની રંગભંદની નીતિ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનો યોજવાનું ચાલું રાખ્યું છે. મહત્વની બાબત તો એ હતી કે, આ સમગ્ર ઘટનાનું રિપોર્ટિંગ કરવા ઘટનાસ્થળે હાજર રહેલાં રોઈટર સંસ્થાના પત્રકારને પણ કટ્ટરવાદી લોકોએ ઢીબી નાંખ્યો હતો.

---

# ભારતે પોતાના નાગરિકની હત્યાનો મુદ્દો નેપાળ સરકાર સામે ઉઠાવ્યો

### આંતરરાષ્ટ્રીય સરહદ પર સીતામઢી પાસે થઈ હત્યા



(એજન્સી) તા.૧૫

કાઠમંડુ સૂત્રોએ બતાવ્યું કે ભારત સરકારે ઈન્ડો-નેપાળ સરહદ પર પોતાના નાગરિકની હત્યાનો મામલો નેપાળ સરકાર સામે ઉઠાવ્યો છે. શુક્રવારે એકાએક નેપાળ આર્મ્ડ પોલીસ દળે એકાએક ગોળીબારી શરૂ કરી દીધી. આમાં એક ભારતીય નાગરિકનું મૃત્યુ થઈ ગયું હતું. ફાયરિંગમાં કુલ ૩ અન્ય લોકો ઘાયલ થયા હતા. સશસ્ત્ર સરહદથી (એસએસબી)ના ડાયરેક્ટર જનરલે બતાવ્યું કે ઘાયલ થયા પછી વિકાસ યાદવનું મૃત્યુ થઈ ગયું હતું. ઘાયલોમાં બે અન્યની ઓળખ ઉમેશરામ અને ઉદય ઠાકુર રૂપે થઈ છે. ફાયરિંગની આ ઘટના ભારત અને નેપાળના મધ્ય તણાવ વચ્ચે થઈ છે. નેપાળે હાલમાં જ ભારતીય ક્ષેત્ર કાલાપાણી, લિપુલેખ અને લિંપિયાધુરાને પોતાના નકશામાં બતાવતા એક નવો નકશો જારી કર્યો હતો. એટલું જ નહીં નેપાળની સંસદે નવા નકશાને બંધારણના સંશોધન હેઠળ પોતાના એક સદનમાં પસાર પણ કરાવી દીધું છે. ભારતે આના પર કહ્યું છે કે નેપાળના નવા નકશાનો કોઈ ઐતિહાસિક કે પ્રમાણિત આધાર નથી. ભારતનું કહેવું છે કે નેપાળનો આ દાવો બનાવટી છે. આ કોઈ ઐતિહાસિક તથ્ય પર આધારિત નથી. આનું કોઈ પણ પ્રમાણ તેની પાસે નથી.

---


સાડા છ કરોડ ગુજરાતીઓનું યોગ અભિયાન,બન્યું જન અભિયાન...



યોગ કરીશું
કોરોનાને હરાવીશું
#DoYogaBeatCorona

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૧ મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કંઈક અલગ રીતે અનેરા ઉત્સાહ સાથે કરીએ. ઘરે જ રહી પરિવાર સાથે યોગ કરીએ **'યોગા એટ હોમ, યોગા વીથ ફેમિલી'**. રાજ્ય સરકારના **'યોગ કરીશું, કોરોનાને હરાવીશું'** અભિયાન યોગના મહત્વને ઉજાગર કરશે અને કોરોનાથી રક્ષણ માટે યોગના ઉપયોગને ઉજાગર કરશે.

**યોગ, પ્રાણાયામ અને ધ્યાનના મહત્વને સમજાવવા ભારત અને ગુજરાતના ૬ પ્રેરણાદાયી વ્યક્તિત્વો મુખ્યમંત્રીશ્રીના સોશ્યલ મીડિયા પેજથી લાઈવ થશે.**

| | |
|---|---|
| યોગગુરૂ સ્વામી રામદેવજી | ૧૫ જૂન |
| સપના વ્યાસ અને સમીર સીન્હા | ૧૬ જૂન |
| શ્રી શ્રી રવિશંકરજી | ૧૭ જૂન |
| રવિન્દ્ર જાડેજા અને ચેતેશ્વર પૂજારા | ૧૮ જૂન |
| રોનક કામદાર અને ઈશા કંસારા | ૧૯ જૂન |
| સદગુરૂજી | ૨૦ જૂન |

**સોશ્યલ મીડિયા માટે ૨ રસપ્રદ ટાસ્ક**

૧૬ જૂન — તમને યોગ શા માટે પસંદ છે, તે એક પ્લાકાર્ડ પર લખીને તમારો ફોટો સોશ્યલ મીડિયા પર #DoYogaBeatCorona સાથે પોસ્ટ કરશો

૧૯ જૂન — તમારા ફેવરીટ યોગાસન સાથે તમારો ફોટો સોશ્યલ મીડિયા પર #DoYogaBeatCorona સાથે પોસ્ટ કરશો.

**'યોગ કરીશું, કોરોનાને હરાવીશું'** યોગને જીવનનો હિસ્સો બનાવી સ્વસ્થ સમાજ અને સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કરીએ

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# "અમે ઈરાકમાંથી પોતાના દળોની સંખ્યાને ઓછી કરવાનું ચાલુ રાખીશું" : અમેરિકા

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫

અમેરિકા, ઈરાકમાં તૈનાત પોતાના સૈનિકોની સંખ્યામાં ઘટાડો કરવાની તૈયારી કરી રહ્યું છે. બંને દેશોનું માનવું છે કે, ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા (ISIS)નું જોખમ ઓછું થઈ ચૂક્યું છે. આવનારા દિવસોમાં અમેરિકા ઈરાકમાંથી પોતાના દળોની સંખ્યા ઓછી કરવાનું ચાલુ રાખશે. આ વાતની જાણકારી બંને દેશોએ એક સંયુક્ત નિવેદનમાં આપી છે.

બંને દેશોના સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકા ઈરાકી ગણરાજ્ય સાથે ઉભુ છે. અમેરિકા ન તો માત્ર ઈરાકના દ્વીપક્ષીય સહયોગની તરફેણમાં છે, પરંતુ સુરક્ષાત્મક અને રાજકીય સ્તર પર પણ ઈરાકની મદદ માટે તૈયાર છે.



ઉપરોક્ત ફાઈલ તસવીરમાં અમેરિકાના નેતૃત્વવાળી ગઠબંધનની સેનાના સૈનિકોને જોઈ શકાય છે. આ સૈનિકોને ઈરાકના અંબર પ્રાંતમાં આવેલા અલ-કૈમ લશ્કરી છાવણી પર તૈનાત કરવામાં આવ્યાં હતા.

અમેરિકાએ કહ્યું કે, ઈરાકમાં રાજકીય સ્થિરતા, નિષ્પક્ષ ચૂંટણી, પુનઃનિર્માણ અને સુધારાની દિશામાં પણ કામ કરવામાં આવશે, જેનાથી ઈરાકના લોકોની મુશ્કેલીઓ દૂર થઈ જાય. ઈરાકમાં ચૂંટણી યોજવાની તૈયારીઓ, માનવાધિકારોને લાગુ કરવા અને વિસ્થાપિત થયેલા લોકોને સ્થાન આપવાની દિશામાં પણ અમેરિકા ઈરાકને સહયોગ આપી રહ્યું છે. આઈએસઆઈએસ દ્વારા જે લોકોનો નરસંહાર કરવામાં આવ્યો, તેમના પરિવારજનોને પણ નવું જીવન જીવવા માટે બંને દેશો મદદ કરશે. સંયુક્ત નિવેદનમાં બંને દેશોએ કહ્યું છે કે, અમેરિકાએ ઈરાકમાં સુધારાના પ્રયાસો માટે આંતરરાષ્ટ્રીય સમર્થન અપાવવામાં પણ મદદ કરી છે. અમેરિકાએ ઈરાકી સરકાર સાથે કામ કરવા માટે આર્થિક વિષયો પર પણ ચર્ચા કરી છે. કોરોના વાયરસને કારણે પેદા થયેલી સ્થિતિ અને તેલની કિંમતોમાં થયેલા ઘટાડા અંગે પણ બંને દેશો દ્વારા ચર્ચા કરવામાં આવી છે.

# ઈસ્તંબુલ ઈસ્લામિક આર્થિક વ્યવહારોનું નવું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે

## પાર્ટિસિપેશન બેંકિંગ કટોકટીનો સામનો કરી રહેલી હાલની ફાયનાન્સિયલ સિસ્ટમનો એક ટકાઉ અને માળખાકીય વિકલ્પ છે : એર્દોગન

(એજન્સી) ઈસ્તંબુલ, તા.૧૫

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગને રવિવારે કહ્યું હતું કે પાર્ટિસિપેશન બેંકિંગ અને ઈસ્લામિક ફાયનાન્સના સાધનોનો ઉપયોગ અને અર્થશાસ્ત્ર હાલની કટોકટી સામે ઝઝૂમી રહેલી ફાયનાન્સિયલ સિસ્ટમનો એક ટકાઉ અને માળખાકીય વિકલ્પ છે. તેમણે આ પણ કહ્યું હતું કે ઈસ્તંબુલમાં તૈયાર કરવામાં આવેલો નવો ફાયન્સિયલ સેન્ટર પણ તેને આ ક્ષેત્રનો અગ્રણી બનાવી દેશે અને સાથે સાથે તેનો ભૂરણનીતિક લાભ પણ મળશે.

**ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈસ્લામિક ઈકોનોમિકસ એન્ડ ફાયનાન્સ**

એર્દોગને વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ૧૨મી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈસ્લામિક ઈકોનોમિકસ એન્ડ ફાયનાન્સને સંબોધિત કરતી વખતે આ નિવેદન આપ્યું હતું. આ વર્ષે ઈસ્તંબુલની સબાહાત્તીન ઝૈમ યુનિવર્સિટી અને ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંકની ઈસ્લામિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ(આઈઆરટીઆઈ) દ્વારા ૧૪-૨૦ જૂનની વચ્ચે આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. એર્દોગને કહ્યું હતું કે હાલની વૈશ્વિક સિસ્ટમ અંગત અને નાણાકીય હિતો પર આધારિત છે. તેમાં પ્રભુત્વ અને અન્યાય સામેલ છે. તેને નવો સ્વરૂપ આપવાની તેમજ તેને બદલવાની જરૂર છે.



તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગન.

**ફિચ રેટિંગ રિપોર્ટ**

માર્ચમાં પ્રકાશિત થયેલા ફિચ રેટિંગના અહેવાલ મુજબ મંદી અને બજારમાં અસ્થિરતા હોવા છતાં તાજેતરના વર્ષોમાં તુર્કીની પાર્ટિસિપેશન બેંકે પરંપરાગત બેંકોને પાછળ છોડી દીધી છે. એર્દોગનનું કહેવું છે કે આ બધી બાબતોને ધ્યાનમાં રાખીએ તો ઈસ્લામિક ફાયનાન્સ જ આ સિસ્ટમની બહાર નીકળવા માટેનો આપણો એક માત્ર રસ્તો છે.

**કોરોના મહામારીની આર્થિક અસરો સામે તુર્કીની લડત**

મહામારીની આર્થિક અસરો સામે તુર્કીની લડત અંગે વાત કરતાં એર્દોગને કહ્યું હતું કે તેમનો દેશ કોઈ બાહ્ય મદદ લેવાને બદલે તેના બધા જ નાણાકીય સંસાધનોને ઉપયોગમાં લેશે અને તેની આર્થિક સ્વતંત્રતા સાથે સમાધાન નહીં કરે.

# COVID-19ને પગલે યમનની સ્વાસ્થ્ય પ્રણાલી સંપૂર્ણપણે પડી ભાંગી : MSF

(એજન્સી) સના, તા.૧૫

ગત ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરમાં ફાટી નીકળેલા કોરોના વાયરસનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. વિશ્વના મોટાભાગના દેશોમાં ફાટી નીકળેલા આ કોરોના વાયરસના રોગચાળાને ફેલાતો અટકાવવા માટે દરેક દેશોની સરકાર દ્વારા લોકડાઉન અથવા તો કર્ફ્યુનો સહારો લેવામાં આવ્યો છે, પરંતુ તેમ છતાંય આ વિનાશક મહામારી પર નિયંત્રણ મેળવવાનું દરેક દેશો માટે મુશ્કેલ બની રહ્યું છે.

યમનમાં મેડિસિન્સ સન્સ ફ્રન્ટીઅર્સ (MSF) નામના મિશનના વડા ક્લેર હેડ્યુંગે પુષ્ટિ કરી હતી કે, "પાંચ વર્ષની લડતને કારણે યમનની સ્વાસ્થ્ય પ્રણાલી મોટે ભાગે પડી ભાંગી હતી. પરંતુ, વર્તમાન સમયમાં કોવિડ-૧૯ને કારણે આ પ્રણાલી સંપૂર્ણપણે પડી ભાંગી છે."



યમનના સનામાં આવેલી ઝૈદ હોસ્પિટલમાં સમગ્ર સુરક્ષા વ્યવસ્થાની સાથે કોરોના વાયરસના દર્દીઓ માટે એક અલગ વિભાગ ઊભો કરવામાં આવ્યો છે. આ વિભાગની બહાર પીપીઈ કિટ પહેરેલા એક તબીબને જોઈ શકાય છે.

બુધવારે એમએસએફની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલી નવી માહિતી અનુસાર, હેડ્યુંગે જણાવ્યું હતું કે, "ઘણી હોસ્પિટલો કોરોના વાયરસના ડરથી અથવા તો સ્ટાફ અને વ્યક્તિગત સુરક્ષણાત્મક ઉપકરણોના અભાવને કારણે બંધ થઈ ગઈ છે, જેને કારણે સ્વાસ્થ્ય પ્રણાલી સંપૂર્ણપણે પડી ભાંગી છે."

તેમણે ઉમેર્યુ કે, "અમને એ વાતનો ડર છે કે, પડી ભાંગેલી સ્વાસ્થ્ય પ્રણાલીને કારણે લોકો કોરોના વાયરસ માટે જરૂરી સારવાર નહીં મેળવી શકે અને તેથી તેઓ મોતના મુખમાં ધકેલાઈ જશે."

ઉલ્લેખનીય છે કે, યમન કોરોના વાયરસ સામે ઝઝૂમી રહ્યું છે, ત્યારે યમનમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭૦૫ કેસો સામે આવ્યા છે અને ૧૬૦ લોકોનાં તેને કારણે મોત નીપજ્યાં છે, જ્યારે ૩૯ જેટલા દર્દીઓ કોરોના વાયરસને માત આપી ચૂક્યા છે. બીજી તરફ, વિશ્વભરમાં કોરોના વાયરસના કુલ કેસોનો આંકડો વધીને ૭૮,૭૨,૬૨૦ જેટલો થઈ ગયો છે અને મૃત્યુઆંક ૪,૩૨,૪૭૫ને પાર થઈ ચૂક્યો છે.

# યફામાં ઈસ્લામિક કબ્રસ્તાનને તોડી પાડવાની ઈઝરાયેલી કાર્યવાહી સામે પ્રચંડ વિરોધ પ્રદર્શન

(એજન્સી) તા.૧૫

એક ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ મંગળવારે યફા શહેરમાં સેંકડો પેલેસ્ટીનીઓએ એકત્ર થઈ શહેરના ઐતિહાસિક મુસ્લિમ કબ્રસ્તાનને તોડી પાડવાની ઈઝરાયેલી કાર્યવાહી સામે વિરોધ નોંધાવ્યો હતો. પ્રદર્શનકારીઓએ શુક્રવારે પણ નમાઝ પછી રેલી કાઢી યફાના ઉત્તર ભાગે સ્થિત ઈસ્લામિક અલ-ઈસાફ કબ્રસ્તાનને તોડી પાડવા સામે વિરોધ નોંધાવ્યો હતો. નવા ઈઝરાયેલી હાઉસિંગ પ્રોજેક્ટ માટે જમીન મેળવવા સોમવારે ઈઝરાયેલી બુલડોઝરોએ કબ્રસ્તાનને તોડી પાડવાની શરૂઆત કરી હતી. આ કાર્યવાહીને રોકવા માટે પ્રદર્શનકારીઓ કબ્રસ્તાન ખાતે એકત્ર થયા હતા. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને ઈઝરાયેલી પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ ટીયરગેસ અને સાઉન્ડ બોંબનો ઉપયોગ કર્યો હતો. અલ-અકસા મસ્જિદના ઈમામ શેખ એકરમ સાબરીએ શુક્રવારનો ખુત્બો પઢયો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, અમે કબ્રસ્તાનને બચાવવાની હાકલ કરીએ છીએ. કબ્રસ્તાનને બચાવવાનો અર્થ છે કે આપણે આપણી જમીનને બચાવી રહ્યા છીએ અને આપણા મર્હૂમ સ્વજનોને બચાવવાનો અર્થ એ છે કે, આપણે આપણા કાયદેસરના અધિકારનો બચાવ કરી રહ્યા છીએ. નોંધનીય છે કે, સલ્તનત-એ-ઓસ્માનિયાના સમયથી આ કબ્રસ્તાન અસ્તિત્વ ધરાવે છે.



યફાના પેલેસ્ટીનીઓએ શુક્રવારની નમાઝ પછી કબ્રસ્તાનને બચાવવા રેલી કાઢી.

# ઈઝરાયેલી દળોએ ૩ ફોટો જર્નાલિસ્ટને ઘાયલ કરી દીધા

(એજન્સી) તા.૧૫

કબજાવાળા વેસ્ટ બેંકના ડઝનો પેલેસ્ટીયનોની સાથે ત્રણ ફોટો જર્નલિસ્ટ ઈઝરાયલની સેનાની રબર ગોળીઓ અને ટીયર ગેસથી ઘાયલ થયા છે.

રિપોર્ટ મુજબ કફદિલ્યા, કલ્કિલ્યા શહેરમાં લોકપ્રિય પ્રતિરોધ સમિતિઓના સમવ્યક મુરાદ શતવાઈએ જણાવ્યું કે ઈઝરાયલી દળોએ શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને વીખેરવા માટે રબરની ગોળીઓ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો. જેમાં ત્રણ ફોટો જર્નલિસ્ટ અને બે પેલેસ્ટીયન ઘાયલ થઈ ગયા. જ્યારે ૧૦ જેટલા પ્રદર્શનકારી ટીયર ગેસથી ઘાયલ થયા. કફર કદુમમાં લોકો ઈઝરાયલી કબજાની વિરૂદ્ધ અને ઈઝરાયલી બંદોબસ્ત ગતિવિધિઓની વિરૂદ્ધ સાપ્તાહિક વિરોધ પ્રદર્શનનું આયોજન કરે છે જે સામાન્ય રીતે ઈઝરાયલી સેના દમન હેઠળ આવે છે.




# તુર્કીના ગુપ્તચર વિભાગના વડાએ ઈરાકની ગુપ્ત મુલાકાત લીધી

(એજન્સી) અંકારા, તા.૧૫

તુર્કીના ગુપ્તચર વિભાગના વડા હકન ફિદાને ગુરૂવારે ગુપ્ત રીતે ઈરાકની મુલાકાત લીધી હતી. રૂસ ટુડેએ ખુલાસો કરતાં જણાવ્યું કે, તેમણે ઈરાકના રાજકીય અને સરકારી અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી.

અલ-અરબ અનુસાર, "તુર્કીના ગુપ્તચર વિભાગના વડા હકન ફિદાને બગદાદની એક ગુપ્ત યાત્રા કરી, જે દરમિયાન તેમણે ઈરાક અને અમેરિકાની વચ્ચે પહેલાં તબક્કાની વાતચીતની શરૂઆત થાય તે પહેલાં જ બંને દેશો વચ્ચેના સંબંધોને વિકસિત કરવા માટે ઘણાં ઈરાકી અધિકારીઓ સાથે મુલાકાત કરી."

બગદાદના સુપ્રસિદ્ધ સૂત્રોએ પુષ્ટિ કરી હતી કે, ફિદનની બગદાદની યાત્રાનો ઈરાદો ઈરાકી-યુએસ વાર્તાની આસપાસના આંતરિક રાજકીય વાતાવરણની તપાસ કરવાનો હતો, કે જેની પહેલી યાત્રાના પરિણામસ્વરૂપે અમેરિકા ઈરાકમાં પોતાની સૈન્ય ઉપસ્થિતિને ઘટાડવા માટે સહમત થયું હતું.

સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, "તુર્કી તે સંબંધોનો લાભ ઉઠાવવાની કોશિશ કરી રહ્યું છે, કે જે ઈરાની વડાપ્રધાન મુસ્તફા અલ-કાઝમીની સાથે ફિદાનના સંબંધો હતાં."



ઉપરોક્ત ફાઈલ તસવીરમાં તુર્કીના જનરલ સ્ટાફના પ્રમુખ હુલુસી અકર (જમણે) અને તુર્કીના ગુપ્તચર વિભાગના વડા હકન ફિદન (ડાબે)ને જોઈ શકાય છે.

સૂત્રોએ ખુલાસો કર્યો છે કે, ઈરાકી સરકારે બગદાદમાં તુર્કીના અધિકારીની યાત્રાની સત્તાવાર ઘોષણા કરી નથી, કારણ કે તેણે અંકારાને બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોની નિરંતરતા વિશે કોઈ પણ ગેરંટી આપવાનો ઈન્કાર કરી દીધો છે. મહત્વનું છે કે ઈરાક તુર્કીમાંથી દર વર્ષે અરબો ડોલરના માલની આયાત કરે છે અને તેના બદલામાં કોઈ પણ ચીજની નિકાસ કરતું નથી."

આ ઉપરાંત, તુર્કીની કંપનીઓએ ઈરાકના અર્થતંત્રમાં યોગદાન આપ્યાં વગર જ જુદાં-જુદાં ઈરાકી પ્રદેશોની અંદર પરિયોજનાઓને પૂર્ણ કરવા માટે કરારોમાંથી વાર્ષિક ધોરણે અરબો ડોલર મેળવ્યાં છે.

# આઈસીસીની વિરૂદ્ધ ટ્રમ્પના નિર્ણય પર યુએન, ઈયુએ ચિંતા વ્યક્ત કરી, ઈરાને ટીકા કરી

(એજન્સી) તા.૧૫



સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવે અમેરિકન રાષ્ટ્રપતિના ઈન્ટરનેશલ ક્રિમિનલ કોર્ટ (આઈસીસી)ના અધિકારીઓ પર અફઘાનિસ્તાનમાં અમેરિકન સૈનિકોના યુદ્ધ અપરાધની તપાસ કરવાના કારણે પ્રતિબંધ લગાવવાના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી છે. એન્ટોનિયો ગુટેરેસે સ્પષ્ટ રીતે જણાવ્યું કે, અન્યાય અને અરાજકતાનો સામનો કરવા વિશે યુએનનો દૃષ્ટિકોણ નહીં બદલાય, ત્યાં યુરોપિય સંઘે પણ ટ્રમ્પના આ નિર્ણયની ટીકા કરી છે. યુરોપિય સંઘના વિદેશનીતિ પ્રભારી જોસેપ બોરેલે આઈસીસીના અધિકારીઓ પર અફઘાનિસ્તાનમાં અમેરિકન સૈનિકોના યુદ્ધ અપરાધની તપાસ કરવાના કારણે પ્રતિબંધ લગાવવાના નિર્ણયની ટીકા કરતા તેને ગંભીર ચિંતાનો વિષય બતાવ્યો છે.

બોસેપ બોરેલે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ આઈસીસીને ન્યાય તેમજ શાંતિની સ્થાપનાનો મહત્ત્વપૂર્ણ તત્ત્વ બતાવતા જોખમકારક રીતે વધી રહ્યો છે. જે તેને બગડતી આરોગ્ય સેવા તરીકે વર્ણિત કરે છે.

૨૦૧૪ પછીથી યમન સમર્થક સરકાર દળો અને હૌથીસની વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી પીડિત રહ્યું છે. જેમણે રાજધાની સના સહિત ઉત્તરના વધુ પડતા ભાગો પર કબજો કરી લીધો છે. તમામ દેશોને આ અદાલતનું સન્માન તેમજ સમર્થન કરવાની અપીલ કરી.

ઈરાની વિદેશ મંત્રી મોહમ્મદ જવાદ ઝરીફે પણ ટ્રમ્પના આ નિર્ણયની ટીકા કરતા જણાવ્યું કે, આ સમયે કાયદાનો મજાક ઉડાવનારા ખતરનાક લોકો, જેમણે કૂટનીતિજ્ઞ લબાદા પહેરી રાખ્યા છે. ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ પાસેથી ગુંડા ટેક્સ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ જાયોની વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ ડોનાલ્ડ ટ્રમ્પના ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ આઈસીસીના અધિકારીઓ પર પ્રતિબંધ લગાવવાના નિર્ણયનું સમર્થન કર્યું છે.

# ઈરાકમાં દાઈશના હુમલામાં ૬નાં મોત, ૬ ઘાયલ

(એજન્સી) તા.૧૫



પૂર્વ ઈરાકમાં આતંવાદી જુથ દાઈશના હુમલામાં ૬ લોકોના મોત થયા છે અને અન્ય ૬ ઘાયલ થયા છે. આ હુમલો દિયાલા રાજ્યના મીખાસ ગામમાં થયો.

સમાચાર મુજબ દાઈશના બચેલા તત્વોએ શનિવારે રાત્રે ખાનકૈન શહેરના ઉત્તરમાં સ્થિત મીખાસ ગામ પર હુમલો કર્યો અને તેમની ગ્રામવાસીઓ અને સુરક્ષા દળો સાથે અથડામણ થઈ. શુક્રવારે પણ દાઈશના આતંકવાદીઓ ખાનકૈન શહેરના દારા ગામમાં એક ઘર પર હુમલો કરી બે લોકોને મારી નાખ્યા અને બે લોકોનું અપહરણ કર્યું. ઈરાકના પૂર્વ રાજ્ય દિયાલા દાઈશના બચેલા તત્વોના આતંકી હુમલાઓનો મુખ્ય ગઢ છે. પર્યવેક્ષકોનું માનવું છે કે, જ્યારે પણ ઈરાકથી અમેરિકન સૈનિકોને નીકાળવાની માંગ ઝડપી થઈ છે, ઈરાકમાં દાઈશના હુમલા શરૂ થઈ જાય છે.

### કોંગ્રેસના નેતાએ ભાજપ પર પ્રહાર કરવા આઈન્સટાઈનના કથનને ટાંક્યું

# ‘અજ્ઞાનતા કરતા વધુ ખતરનાક અહંકાર’ : રાહુલ ગાંધી

### કોરોના વાયરસના વધતા કેસો અને લોકડાઉનની અવળી અસરો પર કોંગ્રેસ નેતાનો મોદી સરકારની વધુ એકવખત ઝાટકણી કાઢી



(એજન્સી)

નવી દિલ્હી, તા. ૧૫

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશમાં કોરોના વાયરસના સંક્રમણના કેસોમાં સતત વધારાને લઈને સોમવારે કેન્દ્ર સરકાર પર પરોક્ષ રીતે નિશાન સાધીને કહ્યું છે કે, ભારતમાં લાગુ કરાયેલા લોકડાઉનથી સાબિત થાય છે કે, અજ્ઞાનતાથી વધુ ખતરનાક અહંકાર હોય છે. તેમણે ટોચના વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સટાઈનના એક કથનનો ઉલ્લેખ કરતા ટ્વિટ કર્યું હતું કે, ‘આ લોકડાઉન સાબિત કરે છે કે, માત્ર એક બાબત અજ્ઞાનતાથી વધુ ખતરનાક હોય છે અને તે છે અહંકાર’. કોંગ્રેસ નેતાએ લોકડાઉનના ચારેય તબક્કામાં કોરોના વાયરસના કેસો ઝડપથી વધી રહ્યા હોવા સાથે સંબંધિત એક ગ્રાફ પણ શેર કર્યો હતો.

સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર ભારતમાં સતત ત્રીજા દિવસો કોરોના વાયરસના સંક્રમણના કેસો ૧૧,૦૦૦થી વધુની સપાટી વટાવી ગયા છે. અને સોમવારે સંક્રમણના મામલા વધીનો ૩,૩૨,૪૨૪ થઈ ગયા છે. સંક્રમણથી વધુ ૩૨૫ લોકોનાં મોત થયા છે અને મોતનો આંકડો વધીને ૯,૫૨૦ થઇ ગયો છે. આ સાથે જ દેશમાં કોરોનાથી સાજા થવાના દરમાં પણ વધારો થયો છે. કોરોના વાયરસના સંક્રમણની ચેઈન રોકવા માટે માર્ચ મહિનામાં પ્રથમવાર લોકડાઉન લાગુ કરાયું ત્યારથી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી મોદી સરકાર પર સતત પ્રહાર કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે દેશના ટોચના લોકો સાથે લોકડાઉનનો કારણે પડી રહેલી અસરો અંગે પણ વાત કરતા રહ્યા છે. એક વાતચીતમાં ઉદ્યોગપતિ રાહુલ બજાજે રાહુલ ગાંધીને જણાવ્યું હતું કે, આપણે એવા આકરા લોકડાઉનને લાગુ કરવાનો પ્રયાસ કર્યો જે હજુ પણ ખોખલું છે. મારા મતો આપણે બંનો દુનિયાનો ખરાબ રીતે અંત લાવ્યા છીએ.

# કોવિડ-૧૯ લોકડાઉન પહેલાં ફેક્ટરીઓની કામગીરી ઘણી સારી હતી



(એજન્સી) તા.૧૫

સામાન્ય રીતે જ્યારે મને તાવ આવે છે ત્યારે હું જ્યાં સુધી ખબર ન પડે ત્યાં સુધી સ્વસ્થ રીતે કામ કરતો હોઉં છું અને જેવું થર્મોમિટરથી હું મારૂં ટેમ્પરેચર જોઉં છું તો મને સૂઈ જવાનું કે આરામ કરવાનું મન થઈ જાય છે. એપ્રિલમાં ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાઓની બાબતમાં પણ કંઈક આવું જ બન્યું છે.

આ મહિના દરમિયાન ભારતની ફેક્ટરીઓએ ભાગ્યે જ કોઈ ઉત્પાદન કર્યું હતું. આંકડાઓ હંમેશા કોઈ પણ બાબતને નક્કર રીતે રજૂ કરે છે. જ્યારે આંકડાઓ પ્રોત્સાહક હોય ત્યારે તેની સારી અસર પડતી હોય છે. આ જ કારણસર મોદી સરકારના આંકડા વિભાગે ફેક્ટરી ઉત્પાદનના આંકડા-ધ ઈન્ડેક્ષ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન રજૂ કર્યો છે પરંતુ ટકાવારીમાં થયેલ બદલાવની જાહેરાત કરી નથી.

આંકડાઓનું ખાસ કરીને ઔદ્યોગિક આંકડાઓનું એક અલગ ગણિત હોય છે. આ વર્ષે એપ્રિલમાં ઔદ્યોગિક ઉત્પાદન એપ્રિલ, ૨૦૧૯ના સમયગાળાની તુલનાએ અડધા કરતાં ઓછો ઘટાડો થયો છે. જેમ કે ખનનમાં ૨૭ ટકાનો ઘટાડો થયો હતો. પરંતુ ઉત્પાદનમાં આ ઘટાડો ૬૪ ટકા જેટલો થયો છે. ફેક્ટરી અને ઓફિસો બંધ હોવાથી વીજ ઉત્પાદનમાં પણ ૨૨ ટકાનો ઘટાડો થયો છે.

મે,મહિનાથી એપ્રિલના ૧૨ મહિનાની ગણતરી કરશો તો ઔદ્યોગિક ઉત્પાદન અગાઉના વર્ષની તુલનાએ ૫.૬ ટકા ઓછું છે. તેમાંય ઉત્પાદન ક્ષેત્રમાં આ ઘટાડો ૬.૮ ટકા, ખનનમાં ૧.૧ ટકા અને વીજળીમાં ૧.૫ ટકા છે. લોકડાઉનના એક સપ્તાહમાં ઔદ્યોગિક ઉત્પાદન ૦.૮ ટકા અને મેન્યુફેક્ચરીંગ ૧.૪ ટકા ઘટ્યાં છે. જો તમે માર્ચના ડેટા દૂર કરો તો પણ આંકડા સારા નથી. એપ્રિલ ૨૦૧૯થી ફેબ્રુ. ૨૦૨૦ના ૧૧ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં અગાઉના વર્ષના સમાન સમયગાળાની તુલનાએ માત્ર ૦.૯ ટકા વધ્યું છે અને મેન્યુફેક્ચરીંગમાં માત્ર ૦.૭ ટકાનો વધારો થયો છે.

આમ કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન દેશમાં ફેક્ટરીઓની કામગીરી ઘણી સારી હતી. મોદી શાસન ખાદ્ય ચીજવસ્તુઓના ભાવો નિયંત્રણમાં રાખી શકી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પૂર્વેના શિયાળામાં ખાદ્ય ફુગાવો નેગેટીવ રહ્યો હતો અને એકાએક લોકડાઉને આ સમીકરણ બદલી નાખ્યું છે. મે મહિનામાં ખાદ્ય ચીજ-વસ્તુઓમાં ૯.૨૮ ટકા જેટલો વધારો થયો છે. હવે આશા રાખીએ કે ઝડપથી સ્થિતિમાં સુધારો થાય.

# ભારતમાં સરકારની ટીકા કરનારા પત્રકારોને ધાક-ધમકીનો સામનો કરવો પડે છે

### તાજેતરમાં પીએમ મોદી અને અમિત શાહ સહિત ઉચ્ચ પદાધિકારીઓની ટીકા કરનાર પીઢ પત્રકાર વિનોદ દુઆ સામે ભાજપના નેતાઓ દ્વારા બે કેસ દાખલ કરવામાં આવ્યા




(એજન્સી) તા.૧૫

ભારતમાં સંવૈધાનિક લોકતંત્ર છે અને ભારતનું સંવિધાન લોકોને વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર આપે છે. પરંતુ અહીં તેનો વ્યવહારમાં અમલ કરવામાં આવતો નથી. માટે જ વર્તમાન રાજકીય શાસકોની નીતિઓ અને પગલાઓની ટીકા કરનાર પત્રકારો અને મીડિયાનો અવાજ દબાવી દેવા માટે ધાક ધમકીનો આશ્રય લેવામાં આવે છે.

તાજેતરમાં આવી પ્રયુક્તિનો ભોગ પીઢ પત્રકાર વિનોદ દુઆ બન્યા છે કે જેઓ એચડબલ્યુ ન્યૂઝ દ્વારા ધ વિનોદ દુઆ શો પ્રસારીત કરે છે. તેમની વિરુદ્ધ બે કેસ દાખલ કરવામાં આવ્યાં છે. તેમાં એક કેસ ભાજપના પ્રવક્તા નવીનકુમાર દ્વારા ૪, જૂનના રોજ દિલ્હીના લક્ષ્મીનગર પોલીસ સ્ટેશનમાં અને બીજો કેસ ભાજપના જ નેતા દ્વારા હિમાચલના સિમલામાં કુમારસૈન પોલીસ સ્ટેશન દ્વારા ૬, જૂનના રોજ દાખલ કરાયો હતો.

આ બંને કેસમાં એવા આક્ષેપો કરવામાં આવ્યાં છે કે ૧૧, માર્ચ ૨૦૨૦ના રોજ પ્રસારીત થયેલ તેમનો શો રાષ્ટ્ર વિરોધી, દેશદ્રોહી અને ફેક ન્યૂઝ પર આધારીત હતો. આ શોમાં વિનોદ દુઆએ નોર્થ ઈસ્ટ દિલ્હીના રમખાણોને નિયંત્રિત કરવામાં દિલ્હી પોલીસની નિષ્ફળતા પર ટિપ્પણી કરી હતી. તેમણે એવી પણ ટિપ્પણી કરી હતી કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સહિત સરકારના વરિષ્ઠ પદાધિકારીઓને રમખાણગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાનો પણ સમય મળ્યો ન હતો કારણ કે તેઓ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત માટે વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હતા.

દુઆએ આ એપિસોડમાં એવું પણ જણાવ્યું હતું કે દેશભરમાં ૨૯૧ સ્થળોએ ૬૫ દિવસ સુધી કોઈ પણ જાતની હિંસા વગર સીએએ, એનપીઆર અને એનઆરસી સામે વિરોધ દેખાવો થયાં હતાં પરંતુ તેને દિલ્હીની હિંસા સાથે જોડીને કોમી સ્વરુપ કેમ આપવામાં આવ્યું છે ? હવે પ્રશ્ન એ છે કે સરકારમાં ટોચના સ્તરે બેઠેલા લોકોની કાર્યપદ્ધતિ અંગે ટીકા કરવી એ અપરાધ છે ? દુઆએ માત્ર લોકતાંત્રિક સમાજમાં પત્રકાર તરીકેની ફરજ બજાવી હતી. જો કે ભારતમાં માત્ર દુઆ જ નહીં પરંતુ અન્ય પત્રકારો પણ સરકારની ટીકા કરવા બદલ ધાક ધમકીનો સામનો કરી રહ્યાં છે. ઘણા પત્રકારો અને ટીવી એન્કરોએ મોદી અને ભાજપ સરકારની ટીકા કરતા અહેવાલો અને સમાચારો પ્રસિદ્ધ અને પ્રસારીત કરવા બદલ નોકરી પણ ગુમાવી છે.

# બિહારના મધુબનીમાં પોલીસ કેટલાક લોકોની મરજી મુજબ ધરપકડ કરે છે અને અન્યો સામે ખોટા કેસ દાખલ કરે છે

### પોલીસ કેટલાક માનિતા દુકાનદારોને દુકાન ચલાવવા દે છે. પોલીસ સામાજિક અંતર જાળવવામાં નિષ્ફળ ગઈ છે



(એજન્સી) તા.૧૫

બિહારના મધુબનીમાં ગ્રામજનો ખૂબ જ ઉશ્કેરાયેલા હતા. ગામની શાળામાં ક્વોરન્ટાઈન કરવામાં આવેલા તેમના સ્વજનોએ ખરાબ ભોજન અને સુવિધાની ફરિયાદ કરી હતી. સાફ સફાઈની સુવિધાઓ પણ અપર્યાપ્ત હતી, ખોરાક અખાદ્ય હતો, પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો પણ ઉપલબ્ધ ન હતો, અધૂરામાં પૂરું દાહક ગરમી હતી.

પદ્મા ગામના નિવાસીઓ પણ આટલા જ રોષે ભરાયાં હતાં. ક્વોરન્ટાઈન કરવામાં આવેલા લોકોને ગામના તળાવમાં સ્નાન કરવું પડતું હતું. ગામના સરપંચને સામાન્ય સભા બોલાવવાનનું યોગ્ય લાગતા હનુમાન મંદિર ખાતેના લાઉડસ્પીકર પર સામાન્ય સભાની તારીખ અને સમયની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આ સભાનો ફિયાસ્કો થાય એવી સ્થિતિ ઊભી થઈ હતી. મોટી સંખ્યામાં એકત્ર થયેલા ટોળાઓમાં સામાજિક અને શારિરીક અંતર સુનિશ્ચિત કરવું મુશ્કેલ હતું. લોકોએ મિજાજ પણ ગુમાવી દીધો હતો. આથી આ સભા મુલતવી રાખીને લોકોને જતા રહેવા જણાવ્યું હતું. જ્યારે લોકો વિખેરાઈ રહ્યાં હતાં ત્યારે લદાનિયા પોલીસ સ્ટેશનથી ગામમાં પોલીસ આવી પહોંચી હતી. તેમણે લોકડાઉન હોવા છતાં દુકાન ખુલ્લી રાખવાના આરોપસર ચાર દુકાનદારોની અટકાયત કરી હતી. અટકાયતમાં રહેલ દુકાનદારો સાથી ગ્રામજનોને જોઈને બુમબરાડા શરુ કર્યા હતા. અનેક લોકોએ પોલીસને આ દુકાનદારોને છોડી મૂકવા અપીલ કરી હતી. દરમિયાન દિલ્હીથી પરત આવેલ એક ગ્રામજને જ્યારે એવું જણાવ્યું હતું કે આ લોકોએ જ દુકાન ખોલી છે એવું નથી ત્યારે પોલીસ અધિકારી એ યુવાન પર રોષે ભરાયાં હતાં અને પૂછ્યું હતું કે તું નેતા બનેગા ?

પ્રશાંત નામના યુવાને બે હાથ જોડીને પોલીસને વિનંતી કરી હતી કે જો તમે આ લોકોની ધરપકડ કરશો તો તેમને નાણા ધીરધારો પાસેથી નાણાં ઉછીના લેવાની ફરજ પડશે. આથી પોલીસ અધિકારી વાહનમાંથી બહાર આવીનો એ યુવાનનો એક જોરદાર તમાચો ઝીંકી દીધો હતો અને તેના પર પોલીસકર્મીઓએ લાઠી વરસાવી હતી. આથી ગ્રામજનો એકત્ર થયાં હતા અને પોલીસને આવું વર્તન નહીં કરવા જણાવ્યું હતું. લોકોના ઉશ્કેરાટ અને મિજાજને જોઈને પોલીસકર્મીઓ ત્યાંથી હંકારી ગયાં હતાં અને વધુ પોલીસદળ સાથે પરત આવ્યાં હતા. યુવાન પ્રશાંતને પણ અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને તેની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાઈ હતી અને હુલ્લડખોરી માટે ૧૦૦ જેટલા અજાણ્યા લોકો સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

સાધનસંપન્ન ઘરના યુવાન પ્રશાંત જામીન મેળવી શક્યો હતો પરંતુ પોલીસે રાત્રે અનેક દિવસ સુધી ગામમાં રેડ પાડી હતી અને અડધો ડઝન જેટલા વધુ લોકોની ધરપકડ કરી હતી. દરમિયાન જે ચાર દુકાનદારોની ધરપકડ કરાઈ હતી તેમનો પ્રશ્ન હજુ ઉકેલાયો નથી.

# રાગિની તિવારીએ કહ્યું, ‘કાટ દો’, ‘સાક્ષી’એ તેણીને ગોળીઓ વરસાવતી જોઈ

“બહોત હુઆ સનાતન પર વાર, અબ નહીં સહેંગે વાર. સનાતનિયો બહાર આઓ. મરો યા માર ડાલો. બાદ મેં દેખી જાયેગી. બહોત હુઆ. અબ જિસકા ખૂન ના ખોલા, ખૂન નહીં વો પાની હે.”

આ વાત બની-બેઠેલી હિંદુત્વ નેતા રાગિની તિવારી ઉર્ફે જાનકી બેહેને ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ મૌજપુર નજીક એક ફેસબુક લાઈવ વીડિયોમાં કહી હતી, જે ઉત્તરપૂર્વી દિલ્હીમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળવાના એક દિવસ પહેલાની છે.

આ વીડિયો વાયરલ થયો હતો અને કેટલાક મીડિયા માધ્યમોએ તેને રમખાણોનો ચહેરો ગણાવી હતી.

ચાર મહિનાથી ઓછા સમય પછી પણ, રાગિની તિવારીનું ફેસબુક એકાઉન્ટ શોધી શકાતું નથી. તેમની ચાર્જશીટમાં પણ દિલ્હી પોલીસે આપેલા વિગતવાર ઘટનાક્રમમાં તેના નામનો કોઈ ઉલ્લેખ નથી, જે રમખાણોને લીધે થયેલા વિવિધ ભાષણો અને ઘટનાઓની રૂપરેખા આપે છે.

આ જ વીડિયોમાં તિવારીને કહેતા જોઈ શકાય છે કે, “કાટ ડાલો, જો ભી હૈ, કાટ ડાલો ... ભીમતી હૈ ક્યા ? (ભીમતી - બાબાસાહેબ આંબેડકરના સમર્થકો માટે ઉપયોગમાં લેવાતો અનાદરવાળો શબ્દ છે)

જો કે, ક્વિન્ટને ખબર પડી કે હિંસા દરમિયાન તિવારીની ક્રિયાઓ ફક્ત આ ટીકાઓ સાથે જ સમાપ્ત થઈ નથી. તે પછીના દિવસે ૨૩ ફેબ્રુઆરીની આખી રાત સુધી તેણી તે વિસ્તારમાં હાજર હતી, તેના બીજા દિવસે જ વહેલી સવારે દિલ્હીમાં તોફાનો શરૂ થઈ ગયા.

**‘પ્રત્યક્ષદર્શી’ પ્રમાણે**

ધ ક્વિન્ટ પાસે ૨૩ ફેબ્રુઆરીથી તિવારીની કેટલીક કથિત કાર્યવાહી સહિત, આ ક્ષેત્રમાં જે બન્યું તેના પ્રત્યક્ષદર્શી હોવાનો દાવો કરનાર વ્યક્તિ દ્વારા અપાયેલ વિગતવાર અહેવાલ છે.

સલામતીની ચિંતાને કારણે “પ્રત્યક્ષ સાક્ષી”નું નામ દર્શાવ્યું નથી.

પરંતુ આ અહેવાલ પર સહી કરી એસ.એચ.ઓ. ગોકુલપુરી પોલીસમથકે સુપરત કરવામાં આવ્યું છે, જેની નકલો ભારતના વડાપ્રધાન, ગૃહ પ્રધાન, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર, દિલ્હીના પોલીસ કમિશનર, પોલીસ સંયુક્ત પોલીસ કમિશનર, વિસ્તારના ડેપ્યુટી પોલીસ કમિશનર, રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશન તેમજ લઘુમતી રાષ્ટ્રીય પંચને મોકલાઈ છે.

**સહી કરેલ નિવેદનમાં વ્યક્તિએ જે કહ્યું છે તેના અંશો અહીં આપ્યા છે:**

“લગભગ ૯ વાગ્યે (૨૩ ફેબ્રુઆરીએ) મેં જોયું કે રાગિની તિવારી કેટલાક લોકો સાથે કારમાં આવી હતી. સાથે રહેલા લોકો મોટી બંદૂકો લઈને આવ્યા હતા અને તેણીએ ભાષણ આપવાનું શરૂ કર્યું. લોકોને જ્યારે સૂત્રોચ્ચાર કરાવતી હતી ત્યારે તે હવામાં ગોળીઓ છોડી રહી હતી, ત્યારબાદ ટોળાએ કાબૂ ગુમાવવો શરૂ કરી દીધો હતો.”

**પ્રત્યક્ષ સાક્ષી હોવાનો દાવો કરતી વ્યક્તિના હસ્તાક્ષરિત નિવેદન**

“પછી મોહન નર્સિંગ હોમ નજીક લગભગ ૧૦ વાગ્યે, જ્યાં તેણી ભાષણ આપી રહી હતી, ટોળુ રાગિણી તિવારી ઝિંદાબાદના નારા લગાવી રહ્યું હતું” “દેશ કે ગદ્દારો કો, ગોલી મારો સાલો કો (દેશદ્રોહીઓ પર ગોળી ચલાવો)”,



“મુસલમાન કે દો હી સ્થાન, પાકિસ્તાન યા કબ્રસ્તાન (મુસ્લિમો માટે માત્ર બે જગ્યાઓ છે - પાકિસ્તાન અથવા કબ્રસ્તાન) “અને વાતાવરણને બગાડી રહી હતી.

રાગિની તિવારી અમારા પર ગોળીબાર કરવામાં સૌથી પહેલી હતી અને ગોળી ત્યાં ઉભેલા છોકરાના માથામાં વાગી. આનાથી મૂંઝવણ સર્જાઈ. આ પછી ત્યાં પથ્થરમારો અને ગોળીબાર થયો હતો. ત્યારે હું ઘર તરફ દોડ્યો.”

ક્વિન્ટ આ દાવાઓને સ્વતંત્ર રીતે ચકાસી શક્યું નથી..

એબીપી ન્યૂઝની વાર્તા આ નિવેદનના કેટલાક પાસાઓની પુષ્ટિ કરે છે, સૌથી અગત્યનું છે સમય. સમાચાર વાર્તા દ્વારા પુષ્ટિ મળી છે કે નિવેદનોમાં દાવો કરેલા સમય સુધી તિવારી ખરેખર ત્યાં હાજર હતી. હકીકતમાં એબીપી ન્યૂઝનો રિપોર્ટ બતાવે છે કે તે વહેલી સવાર સુધી ત્યાં જ હતી.

તેમ છતાં સમાચાર વાર્તા એ નથી બતાવતી કે તિવારીએ હવામાં ફાયરિંગ કર્યું હતું. તે અગાઉ ૨૩ ફેબ્રુઆરીના તે ભાગને પણ છોડી દે છે જ્યાં તિવારીને “મારો યા મરો” અને “કાટ ડાલો” કહેતા જોઈ શકાય છે.

જો કે, આ વાર્તા એક મહત્વપૂર્ણ ઘટસ્ફોટ કરે છે - કે રાગિની તિવારી પણ તેના સમર્થકો સાથે રસ્તો રોકી રહી હતી. આ એક એવો દાવો છે કે આ પત્રકારોને તિવારીએ પણ પુષ્ટિ આપી હતી.

જો કે, આ થયું હોવા છતાં, પોલીસ ચાર્જશીટમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જેનું મૂલ્યાંકન ધ ક્વિન્ટ દ્વારા કરવામાં આવ્યું છે. પોલીસનું કહેવું છે કે માત્ર એક બાજુવાળા જ રસ્તો રોકી રહ્યા હતા.

‘તિવારીએ દિલ્હીમાં ભાજપના ઉમેદવાર માટે પ્રચાર કર્યો’

તિવારી વિશે બહુ જાણીતું નથી સિવાય કે તે મૂળ બિહારની છે અને તે બિહારના ઉત્તરી અને પૂર્વીય ભાગમાં બોલાતી ભાષા ગૌરવપૂર્ણ “મૈથિલી” હોવાનો દાવો કરે છે. જોકે, તેનું મોટાભાગનું રાજકીય કામ દિલ્હીમાં કેન્દ્રિત છે.૨૯ ફેબ્રુઆરીના રોજ ન્યૂઝ ૨૪ને આપેલા ઈન્ટરવ્યૂમાં તિવારીએ કહ્યું કે તે કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલ નથી.

એક અન્ય વીડિયોમાં, તે પોતે જ દાવો કરે છે કે તેણે આ વર્ષની શરૂઆતમાં દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં લક્ષ્મીનગરના ભાજપના ઉમેદવાર અભય વર્મા માટે પ્રચાર કર્યો હતો.

તેના આ વીડિયો નિવેદનો સૂચવે છે કે જ્યારે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરે છે ત્યારે તે રાજકીય પક્ષના દિલ્હી નેતૃત્વ વિશે ટીકા કરે છે, ખાસ કરીને ભૂતપૂર્વ રાજ્ય એકમના પ્રમુખ મનોજ તિવારી અને પૂર્વ દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીરની.

વીડિયોમાં તે કહે છે, “મોદીજી અમે તમારી સાથે છીએ, દિલ્હીના સાંસદો અને કાઉન્સિલરો પર ચાબુક મારવા.”

એક અન્ય અહેવાલ મુજબ તેણી સ્વયં બનેલા ઉપદેશક યતિ નરસિંઘાનંદ સરસ્વતીની અનુયાયી હોવાનો દાવો કરે છે, જેમણે આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અનેક વિવાદિત વીડિયો બનાવ્યા હતા, અને કથિત રીતે સીએએ વિરોધીઓ વિરુદ્ધ હિંસાની હાકલ કરી હતી.

**તિવારીએ આક્ષેપોનો જવાબ આપ્યો**

ક્વિન્ટ તેના પક્ષની વાર્તા માટે રાગિની તિવારી પાસે પહોંચી. જ્યારે પૂછવામાં આવ્યું કે શા માટે તેણીએ વીડિયોમાં ઉશ્કેરણીજનક નિવેદનો વ્યાપક રૂપે શેર કર્યા છે, તેણીએ માત્ર એટલું જ સમજાવ્યું નહીં કે તેઓ માર્ગને અવરોધિત કરી રહ્યા છે પરંતુ તેણી કથિત રીતે ઘાયલ થઈ છે, તેણી કહે છે, “પહેલા જ્યારે અમે રસ્તો અવરોધિત કરી રહ્યા હતા તે દિવસથી બીજી વીડિયો જુઓ, કેટલાક લોકો આવ્યા અને મને કહ્યું કે પથ્થરો અને કાચ ફેંકવામાં આવી રહ્યા છે. ત્યાં પથ્થરો વગેરે સાથે લોકો આગળ આવી રહ્યા હતા તે દિશા તરફ હું દોડી. હું ઈજાગ્રસ્ત થઈ. પહેલા તે જુઓ અને પછી મને આ સવાલ પૂછો.” જ્યારે આ વીડિયોની કોપી શેર કરવાની વિનંતી કરવામાં આવી ત્યારે તેણે સ્પષ્ટતા કરી હતી કે ફેસબુકે તેની પ્રોફાઈલ બંધ કરી દીધી છે.

કોઈને ગોળી મારવા અને ઈજા પહોંચાડવાના રાગિની પરના આરોપો અંગે તે કહે છે કે તે ‘પાયાવિહોણા આરોપો’ હતા.

અમે તેને તે પણ પૂછ્યું કે શું તેમણે ભાજપના ઉમેદવાર અભય વર્મા માટે ચૂંટણી પ્રચાર કર્યો છે અને જો બીજા કોઈ માટે પણ ચૂંટણી પ્રચાર કર્યો હતો, તેણીએ કહ્યું કે, “હું મેથીલીની પુત્રી છું અને તે પણ ત્યાંથી છે. તે સિવાય મને કોઈ અન્ય પક્ષમાં રસ નથી.” તિવારીએ એમ પણ કહ્યું હતું કે તે ફરિયાદ વિશે જાણતી નથી અને પહેલી વાર ધ ક્વિન્ટ તરફથી તેના વિશે સાંભળી રહી છે.

**દિલ્હી પોલીસ પાસેથી જવાબ માંગ્યો**

ક્વિન્ટે દિલ્હી પોલીસના પીઆરઓ એમએસ રંધાવા અને ડીસીપી નોર્થ ઈસ્ટ દિલ્હી વેદપ્રકાશ સૂર્યાનો પણ સંપર્ક કર્યો હતો અને તેઓને પૂછ્યું હતું કે પોલીસ તિવારી પરના આરોપોની તપાસ કરી રહી છે કે પછી તેની સામે કોઈ એફઆઈઆર નોંધાઈ છે. પરંતુ બંનેમાંથી કોઈ પણ અધિકારીએ પ્રતિક્રિયા આપી ન હતી. જ્યારે તેમનો પ્રતિસાદ મળે ત્યારે વાર્તાને અપડેટ કરવામાં આવશે.

અમે જાફરાબાદ પોલીસ સ્ટેશનના સંબંધિત એસએચઓ સુધી પણ પહોંચ્યા, જેમણે કહ્યું કે તેમની પાસે આ ફરિયાદ વિશે કોઈ માહિતી નથી, “હું આ પોસ્ટ પર ખૂબ મોડો આવ્યો છું, હજી દોઢ મહિનો જ થયો છે, મને આ ફરિયાદ વિશે કંઈ ખબર નથી,” તેમણે આ કહ્યા પછી અચાનક ફોન કાપી નાખ્યો.

ફક્ત પુનરાવર્તન કરવા માટે, અમે સલામતીના કારણોસર જેણે આ નિવેદન લખ્યું છે તે વ્યક્તિનું નામ રોકી રાખ્યું છે, પરંતુ જો અમને બોલાવવામાં આવે તો અમે પોલીસ સાથે સહી કરેલા સંપૂર્ણ નિવેદનોને શેર કરવામાં ખુશ થઈશું.

**- આદિત્ય મેનન, ઐશ્વરિયા એસ ઐયર**

(સૌ. : ધ ક્વિન્ટ)

# હિંમતનગરના રણાસિયા મો.રિહાને ધો-૧૨માં ૯૯.૯૭ પર્સન્ટાઈલ મેળવી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું



સાબરકાંઠા જિલ્લાની હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલમાં ચાલુ વર્ષે ધો.૧૨ના સામાન્ય પ્રવાહમાં રણાસિયા મો.રિહાન જિલ્લામાં પ્રથમ આવી સમાજનું તેમજ સ્કૂલનું નામ રોશન કર્યું હતું. ધો.૧૦માં ૯૧.૬૭ ટકા માર્કસ લાવી સી.એ. બનવાની ઈચ્છા ધરાવતા રિહાને કોમર્સ લઈ અભ્યાસ શરૂ કર્યો હતો. ફક્ત પાંચ કલાકનું વાંચન, ક્રિકેટ તથા વોલીબોલ રમવાનો શોખ રાજ્યકક્ષાએ વોલીબોલ રમવા માટે લાભ મળ્યો હતો. તેમણે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક મેળવી શાળા તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે.

## આણંદ જિલ્લાનું એચએસસી સામાન્ય પ્રવાહનું ૭૧.૧૩ ટકા પરિણામ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનીયાદી પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન જાહેર કરાયું હતું. અને પરીક્ષાર્થીઓ દ્વારા લેપટોપ, કમ્પ્યુટર અને મોબાઈલના માધ્યમથી વેબસાઈટ પર પરિણામ ચેક કર્યું હતું. જેમાં આણંદ જીલ્લાનું પરિણામ ૭૧.૧૩ ટકા જાહેર કરાયું છે.

માર્ચ-૨૦૨૦માં લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરાયું હતું. જેમાં આણંદ જીલ્લામાં ૧૦૦૧૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૯૯૭૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી છ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં, ૧૩૭ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડમાં, ૬૯૬ વિદ્યાર્થીઓ બી-૧ ગ્રેડમાં, ૧૮૨૯ વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડમાં, ૨૭૧૩ વિદ્યાર્થીઓ સી-૧ ગ્રેડમાં, ૧૫૫૮ વિદ્યાર્થીઓ સી-૨ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે. આણંદ જીલ્લાનું કુલ પરિણામ ૭૧.૧૩ ટકા નોંધાયું છે.



**લોઢણ નજીક રેતી ભરેલી ટ્રક પલટી**

પાવીજેતપુર તાલુકાનાં સિથોલ અને લોઢણ ગામનાં ગરનાળા પાસે રાત્રિના સમયે રેતી ભરેલી ઓવરલોડ ટ્રક પસાર થતાં પલટી મારી હતી. ગાડી પલટી મારતા ડ્રાઈવરે અને કંડક્ટરે ઓવરલોડ ભરેલ ટ્રકની રેતી ખાલી કરી નાખ્યા બાદ ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. (તસ્વીર : આશીફ ખત્રી,પાવીજેતપુર)

## વાલિયાના વટારિયા ગામે ટ્રકની અડફેટે ૭ ગાયોનાં મોત

અંકલેશ્વર, તા.૧૫

વાલિયા તાલુકાના વટારિયા ગામ પાસે હાઈવા ટ્રકના ચાલકે પશુના ટોળાને અડફેટમાં લેતા ૭ જેટલી ગાયોના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા. જયારે ૪ જેટલી ગાયોને ઈજાઓ પહોંચી હતી જો કે, ટ્રકચાલક ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વર વાલિયા રોડ ઉપર વટારિયા ગામ પાસે ગાયોનું ટોળું રોડની બાજુમાંથી પસાર થઈ રહ્યું હતું તે દરમ્યાન પૂરપાટ ઝડપે આવતા હાઈવા ટ્રકના ચાલકે ગાયના ટોળાને અડફેટમાં લેતા ૭ જેટલી ગાયોના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા જયારે ૪ જેટલી ગાયોને ઈજાઓ પહોંચી હતી. જો કે, ટ્રક ચાલક અકસ્માત સર્જી ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ પશુપાલકોને થતાં પશુપાલકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક પશુ ચિકીત્સકને જાણ કરતા પશુ ચિકીત્સક દોડી આવી ઈજાગ્રસ્ત ગાયોની સ્થળ ઉપર જ સારવાર શરૂ કરી હતી. આ અકસ્માતની જાણ વાલિયા પોલીસને થતાં પોલીસ કાફલો દોડી આવી તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં વીજળી પડતાં મકાનની પેરાફિટ તૂટી પડી

વડોદરા, તા.૧૫

વડોદરામાં મોડી રાત્રે પ્રચંડ ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જેમાં વડોદરા શહેરના છાણી ગામમાં આવેલી નારાયણ ટેનામન્ટ સોસાયટીના એક મકાનમાં રાત્રે વીજળી પડતાં ટેરેસની પેરાફિટ તૂટી પડી હતી અને વીજળી પડતા સોસાયટીમાં ઘણા ઘરોમાં ટીવી, ફ્રીઝ અને એસી જેવા ઉપકરણોને નુકસાન પહોંચ્યું હતું.

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા નારાયણ ટેનામેન્ટમાં રહેતા અરવિંદભાઈ પંડ્યાના બંગલા ઉપર વીજળી પડી હતી. જોરદાર કડાકા સાથે વીજળી પડતાં ટેરેસની પેરાફિટનો એક ભાગ તૂટી પડ્યો હતો. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ, વીજળી પડતાં લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો.

## પાવીજેતપુર HSC કેન્દ્રનું ૬૬.૧૬ ટકા પરિણામ

પાવીજેતપુર, તા.૧૫

પાવીજેતપુર એચ.એસ.સી કેન્દ્રનું ૬૬.૧૬ ટકા પરિણામ આવ્યું છે જ્યારે પાવીજેતપુર હાઈસ્કૂલનું ૬૭.૪૨ ટકા પરિણામ આવવા પામ્યું છે.

પાવીજેતપુર હાઈસ્કૂલમાં ૨૨૧ વિદ્યાર્થીમાંથી ૧૪૯ વિદ્યાર્થી પાસ થતા ૬૭.૪૨ ટકા પરિણામ આવવા પામ્યું છે. રાઠવા રૂપલબેન ટીનુભાઈ ૫૬૮ ગુણ મેળવી પ્રથમ, તડવી ઉમેશભાઈ ઉદેસિંગભાઈ ૫૪૯ ગુણ મેળવી દ્વિતીય, રાઠવા અલકાબેન મનુભાઈ ૫૩૮ ગુણ મેળવી ત્રીજા નંબરે પાસ થયા છે.

પાવીજેતપુર તાલુકાની સિથોલ હાઈસ્કૂલના ૩૯ વિદ્યાર્થીમાંથી ૩૯ વિદ્યાર્થી પાસ થતા ૧૦૦ ટકા પરિણામ આવવા પામ્યું છે. રાઠવા સેજલબેન ભારતસિંહ ૫૯૧ ગુણ મેળવી પ્રથમ રાઠવા નયનાબેન બીપીનભાઈ ૫૧૩ ગુણ મેળવી દ્વિતિય , રાઠવા અંકુશ કુમાર જશવંતભાઈ ૫૦૬ ગુણ મેળવી તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પાવીજેતપુર તાલુકાની ભેસાવહી હાઈસ્કુલમાં ૧૧૬ વિદ્યાર્થીમાંથી ૭૮ વિદ્યાર્થી પાસ થતા ૬૭.૨૪ ટકા પરિણામ આવ્યું છે રાઠવા જયોતિકાબેન ગોપાલભાઈ ૫૩૩ ગુણ મેળવી પ્રથમ, રાઠવા છાયાબેન જગદીશભાઈ ૪૮૬ ગુણ મેળવી દ્વિતીય, રાઠવા પિંકલ બેન કનુભાઈ ૪૮૨ ગુણ મેળવી તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ડુંગરવાટ હાઈસ્કૂલમાં ૩૨ વિદ્યાર્થીમાંથી ૨૩ વિદ્યાર્થી પાસ થતા ૭૧.૮૭ ટકા પરિણામ આવ્યું છે રાઠવા ઉષાબેન ઉદેશીંગભાઈ ૪૫૨ ગુણ મેળવી પ્રથમ, નાયકા હસમુખભાઈ પોપટભાઈ ૪૪૫ ગુણ મેળવી દ્વિતીય, નાયકા ધવલભાઈ શંકરભાઈ ૪૪૧ ગુણ મેળવી તૃતિય સ્થાને પ્રાપ્ત કર્યું છે.

જબુગામ હાઈસ્કૂલમાં ૩૭ વિદ્યાર્થીમાંથી ૩૬ વિદ્યાર્થીઓ પાસ થતાં ૯૭.૨૯ ટકા પરિણામ આવ્યું છે. રાઠવા શર્મીલાબેન મહેશભાઈ ૫૩૮ ગુણ મેળવી પ્રથમ, રાઠવા દિપીકાબેન સુરેશભાઈ ૫૦૪ ગુણ મેળવી દ્વિતીય, નાયક વિજયભાઈ પ્રકાશભાઈ ૫૦૨ ગુણ મેળવી તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ભીખાપુરા હાઈસ્કુલમાં ૧૧૮ વિદ્યાર્થીમાંથી ૯૯ વિદ્યાર્થીઓ પાસ થતાં ૮૩.૮૯ ટકા પરિણામ આવ્યું છે. રાઠવા વિજયભાઈ કેસરભાઈ ૫૧૯ ગુણ મેળવી પ્રથમ, રાઠવા રવિનાબેન કંચનભાઈ ૫૧૨ ગુણ મેળવી દ્વિતીય, વણકર અંજુબેન ગણપતભાઈ ૪૯૫ ગુણ મેળવી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## જંબુસરના વિવિધ વિસ્તારમાં કોરોનાના વધતા કેસો બાબતે તંત્રએ મૌન ધારણ કરતા અનેક તર્ક-વિતર્ક

જંબુસર, તા.૧૫

જંબુસર નગર જાણે કોરોના વાયરસ રૂપી બોંબ પર બેઠું હોય તેમ ઓફિસિયલ ૪ પોઝિટિવ કેસ વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયા બાદ હવે કોરોના એ જંબુસરમાં વિરામ લીધો હોય તેમ વહીવટી તંત્ર સબ સલામતનો પોકાર કરી રહયું છે. બિન સત્તાવાર રીતે નગરના જુદા-જુદા વિસ્તારોમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવા સંદર્ભે વહીવટી તંત્રએ મૌનવ્રત ધારણ કરતાં નગરમાં વહીવટી તંત્રની કામગીરી બાબતે તરહ-તરહની ચર્ચા થઈ રહી છે.

સમગ્ર વિશ્વ સહીત દેશભરમાં તથા ગુજરાતમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. ત્યારે જંબુસર નગરમાં પણ કોરોનાએ પગપેસારો કર્યો હોય પ્રારંભે ભાગલીવાડ વિસ્તારના એક રહીશને કોરોના પોઝિટિવ રીપોર્ટ આવ્યો હતો. અને ત્યારબાદ નગરના વિવિધ વિસ્તારના મળી પોઝિટિવ કેસોની સંખ્યા ૪ પર પહોચતાં વહીવટી તંત્રમાં હડકંપ મચી ગયો હતો. ઉપરોક્ત વિસ્તારમાં પોઝિટિવ કેસ આવતાં વહીવટી તંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે ઉપરોક્ત વિસ્તારોને જાહેર કરવામાં આવ્યો હતો પરંતુ કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કડકાઈથી અમલ થતો ના હોય આ વિસ્તારના રહીશો બિનદાસ્ત ફરતા હતા તેનાં લીધે નગરમાં સંક્રમણ ફેલાયું હોય તેમ જુદા-જુદા વિસ્તારોમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યાં હોય તેમ જાણવા મળેલ છે. બિન સત્તાવાર મળેલ માહિતી અનુસાર નગરના બજાર વિસ્તારમાં રહેતા એક વેપારીએ જંબુસર ખાતે સારવાર મેળવ્યા બાદ તબીબની સલાહ અનુસાર વડોદરા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે જતાં ત્યાં તેનો ટેસ્ટ કરાવતા તેનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા આજ દિન સુધી તેની નોંધ લેવામાં આવી નથી. આરોગ્ય વિભાગ પાસે આ બાબતે કોઈપણ માહિતી ઉપલબ્ધ નથી તે એક વિચારવા જેવી બાબત છે. તદઉપરાંત નગરના ગણેશચોક વિસ્તારના રહીશને કોરોના પોઝિટિવ રીપોર્ટ આવેલ તેમજ પઠાણી ભાગોળ રાવળવાસની મહિલા પણ ગોત્રી સ્થિત કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ છે. આ બંન્ને વ્યક્તિઓની પણ નોંધ આરોગ્ય તંત્ર પાસે નથી તેમજ વધુ ૬ દર્દીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. જેથી જંબુસર નગરને બચાવવા અને કોરોનાના સંક્રમણને અટકાવવા વહીવટી તંત્ર તાકીદે કડકાઈપૂર્વક કાર્યવાહી હાથ ધરે તે જરૂરી છે. આમ જિલ્લામાં પોઝિટિવ કેસની સંખ્યા ૯૩ થવા પામી છે તે એક ચિંતાનો વિષય છે.

# વડોદરામાં વર્ષો જૂના મકાનનો ઉપરનો માળ ધરાશાયી : પરિવારજનોનો અદ્ભુત બચાવ

વડોદરા, તા.૧૫

વાડી સ્થિત શનિ મંદિર પાસે આવેલા વર્ષો જૂના મકાનનો ઉપરનો મજલો ધરાશાયી થયો હતો. જો કે, મકાનની અંદર સૂતેલા સોની પરિવારના પાંચ સભ્યોનો આબાદ બચાવ થયો હતો. મકાનમાં નિદ્રાધીન વૃદ્ધ ભગવતીબેન સોની (૭૦)ને ફાયરબ્રિગેડ દ્વારા રેસ્ક્યૂ કરાયાં હતા.

ફાયરબ્રિગેડ આવે તે પહેલા બે વ્યક્તિ ઘરમાંથી જાતે બહાર નીકળવામાં સફળ થયા હતા. બનાવને પગલે રવિવારે સવારે વાડી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વાડી શનિ મંદિર નજીક મેઈન રોડ પર આવેલા ભગવતી વોચ રિપેરિંગ નામની દુકાન ધરાવતા અને પાછળના ભાગે પરિવાર સાથે રહેતા સુરેશભાઈ સોની (૫૦), પત્ની કિંજલબેન (૫૦), માતા ભગવતીબેન અને પુત્ર હર્ષ (૨૫) તેમજ પુત્રી નીલમ (૨૦) સાથે મકાનના નીચેના ભાગે સૂતા હતા. દરમિયાન ઉપરના મજલે નાની ઓરડી જેવો બનાવેલો રૂમ સવારે છ વાગે હલતો હોવાનું જણાતાં પરિવાર ગભરાયો હતો. બહાર નીકળવાનું પરિવાર વિચારે તે પહેલા જ ઉપરનો માળ ધરાશાયી થયો હતો. દોડી આવેલા લાશકરોએ મકાનની અંદર ફસાયેલા સુરેશભાઈ સોની, કિંજલ સોની અને ભગવતીબેનને બહાર કાઢ્યા હતાં. ચીફ ફાયર ઓફિસર પાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, મકાન જૂનું હતું અને કાચું હતું. ૭૦ વર્ષના વૃદ્ધા ભગવતીબેનને વધારે ઈજા થતાં સયાજી હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. ફાયરબ્રિગેડે મકાનની પાછળના ભાગે બે ફૂટની ખુલ્લી જગ્યામાં રેસ્ક્યૂ કરવા પ્રવેશ કર્યો હતો.

## ‘આ પળ જીવવી છે’

(છઠ્ઠા પાનાનું ચાલુ)

જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તે ૧૯ જૂનના રોજ પાછા જેલમાં જવા માટે માનસિક રીતે તૈયાર છે, ત્યારે તેણે કહ્યું, “ આ ઉપરવાળા પર છે, હું કાંઈ કહી શકતી નથી પણ હું કહીશ કે જેલમાં જે સમય પસાર કર્યો છે તે પણ અન્યાય હતો. તેથી જો મારે ભવિષ્યમાં જેલમાં પાછા જવું પડે તો તે પણ મોટો અન્યાય હશે. સાડા ત્રણ મહિના સુધી તેઓએ મને ખોટી રીતે ફસાવી અને મને જેલમાં રાખી, તે ખોટું હતું. તે ખૂબ પીડાદાયક હતું. ” ઈશરતે આ ક્ષણ તે કેવી રીતે જીવવા માંગે છે તે વિશે બોલતા કહ્યું, “મારો ભૂતકાળ ખૂબ સખત, ખૂબ પીડાદાયક રહ્યો છે, મને ખોટી રીતે ફસાવવામાં આવી છે. હવે ભવિષ્ય વિશે વિચાર કરવાને બદલે, હું આ ક્ષણ, વર્તમાનને બિલકુલ બરબાદ કરવા માંગતી નથી.”

**ન્યાયતંત્રમાં વિશ્વાસ**

ઈશરત, ફરહાન અને ફિરોદોસે ન્યાયિક પ્રક્રિયામાં સમાન વિશ્વાસ વ્યક્ત કર્યો. તેઓ જાણે છે કે ઈશરત એ પહેલી યુએપીએ આરોપી છે કે જે જામીન પર બહાર આવી છે, તેઓ તેને સારી નિશાની તરીકે જુએ છે. ઈશરતના વકીલ લલિત વાલેચાએ, જે ઈવીઝન લીગલ સોલ્યુશન એલએલપીના છે, જણાવ્યું હતું કે તે સામાન્ય રીતે તોફાનો, આતંકવાદ અથવા આવા અન્ય ગુનાઓ સાથે જોડાયેલા કેસોને સ્વીકારતા નથી, પરંતુ કેસની વિગતો પછી અને ઈશરત ૨૦૦૬થી દિલ્હી બાર કાઉન્સિલમાં નોંધાયેલી એડવોકેટ હોવા ને કારણે તેઓએ તેનું પ્રતિનિધિત્વ કરવાની સંમતિ આપી હતી. આ કેસ વિશે બોલતા તેઓ કહે છે, "મારા ક્લાયન્ટને પ્રથમ એફઆઈઆર, એફઆઈઆર / ૪૪/૨૦૨૦માં જામીન આપવામાં આવ્યા હતા, જે તેની સામે કરવામાં આવી હતી અને કોર્ટે તેના જામીન હુકમમાં કહ્યું હતું કે ’તેણીને કોઈ સ્પષ્ટ કાર્યવાહી સોંપવામાં આવી ન હતી જેમાં તેણીએ પોલીસની સામે કાયદો હાથમાં લેવા અને બળનો ઉપયોગ કરવા ભીડને ઉશ્કેર્યા હોય.’ જેના પછી તેઓએ તેની પર એફઆઈઆર ૫૯/૨૦૨૦ લગાવી, જો કે તપાસ એજન્સી મારા ક્લાયન્ટને યુએપીએ જેવા કડક કાયદા હેઠળ દોષિત ઠેરવવા માટે પુરાવા આપવામાં નિષ્ફળ ગઈ છે, અમે આ મામલે કોર્ટમાં કાર્યવાહી કરવાનું ચાલુ રાખીશું. " લગ્નમાં સજાવટ વિશે વાત કરતાં, ઈશરતની માતાએ કહ્યું કે તેઓએ આ લગ્નની યોજના ઘણા પહેલાં બનાવી હતી. “ આ થવાનું હતું. અમે તેના માટે અદાલતમાં ગયા. ન્યાયાધીશે અમને સાંભળ્યા અને વચગાળાના જામીન આપ્યા, અમને સારૂં લાગ્યું.” જોકે, જયારે આગામી દિવસો વિશે પૂછવામાં આવ્યું કે, જયારે ઈશરતને જેલમાંથી પાછા ફરવાનો વારો આવશે ત્યારે તેણીને આશા ઓછી લાગે છે. "ચાલો જોઈએ … ચાલો જોઈએ શું થાય છે."

(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)

## ગુજરાતની બબ્બે યુનિ.માં પીએચડીના ગાઈડ તરીકે પ્રાંતિજના ડૉ. ઉસ્માનગનીની પસંદગી

(સંવાદદાતા દ્વારા)

પ્રાંતિજ, તા.૧૫

મુસ્લિમ સમાજમાં શિક્ષણનું સ્તર સુધરી રહ્યુ છે. તે નિર્વિવાદ બાબત છે. હવે, સમાજના ઘણા લોકો પી.એચ.ડી.કરી રહ્યા છે. જો કે, પ્રાંતિજના સુન્ની વ્હોરા સમાજના ઉસ્માન ગની છાલોટીયા તેનાથી બે કદમ આગળ હોય તેમ જણાય છે. તેઓ આવા પી.એચ.ડી.ના સ્કોલરના ગાઈડ તરીકે બબ્બે યુનિ.માં પસંદગી પામ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડૉ. ઉસ્માન ગની કે. છાલોટીયા ૨૦૦૯થી આણંદના વલ્લભવિદ્યાનગર ખાતે, ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસીમાં, એસોસિયેટ પ્રોફેસર અને ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી એન્ડ એનાલિસિસ વિભાગના વડા તરીકે કાર્યરત છે. તેમણે બી.ફાર્મ, એમ.ફાર્મ અને પી.એચ.ડી.ની ડીગ્રી સરદાર પટેલ યુનિવર્સિટીથી મેળવેલ છે. તેમની પાસે ૧૧ વર્ષનો પ્રોફેશનલ અનુભવ છે. તેમનું ૧ પુસ્તક તેમજ ૬૬ વૈજ્ઞાનિક સંશોધનપત્રો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં



(તસવીર : એમ.ઉમર મુન્શી, પ્રાંતિજ)

પ્રકાશિત થયા છે. ડૉ. ઉસ્માન ગનીએ અત્યાર સુધીમાં ૧૬ પીજી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું છે. અને ૪ કન્સલ્ટન્સી પ્રોજેક્ટ્સનું નેતૃત્વ કર્યું છે.

ડૉ. છાલોટીયાને અનુક્રમે ૨૦૧૩થી ૨૦૧૮ના વર્ષમાં ત્રણ પ્રકાશિત રિસર્ચ હસ્તપ્રત માટે “પ્રમાણપત્ર ઓફ મેરીટ” કેટેગરી હેઠળ પી.ડી.સેઠી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ તેઓને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી-જી.ટી.યુ.-અમદાવાદ તેમજ ચારૂતર વિદ્યા મંડળ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં પી.એચ.ડી. સુપરવાઈઝર તરીકે માન્યતા પ્રાપ્ત કરી છે. જેના પગલે અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# સાબરકાંઠાનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૫૮.૪૩ ટકા પરિણામ

હિંમતનગર, તા.૧૫

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં લેવાયેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી તથા ઉત્તર બુનિયાદી પ્રવાહનું સોમવારે પરિણામ જાહેર થયું છે ત્યારે તેમાં સાબરકાંઠાનું પરિણામ ૮૦.૪૩ ટકા આવ્યું છે. આ અંગે જિલ્લા માધ્યમિક શિક્ષણ કચેરીના શિક્ષણાધિકારી વ્યાસના જણાવ્યાં મુજબ ગત માર્ચ માસમાં જિલ્લાના હિંમતનગર અને ઈડર ઝોનના માધ્યમથી લગભગ ૧૮ સેન્ટરો પર ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉત્તર બુનિયાદી પ્રવાહ પરીક્ષા લેવાઈ હતી જે દરમિયાન બોર્ડ દ્વારા સઘન વ્યવસ્થા ગોઠવીને કોઈપણ વિદ્યાર્થી કોપી ન કરે તેની તકેદારી રાખવામાં આવી હતી તેમ છતાં પરીક્ષા દરમિયાન ચારથી વધુ કોપીકેસ તાત્કાલીન સમયે નોંધાયા હતા. ત્યારબાદ તે વિદ્યાર્થીઓ સામે બોર્ડ દ્વારા ઘટતી કાર્યવાહી કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની વાત કરીએ તો તેમાં ૮૭૮૧ વિદ્યાર્થીઓએ આવેદનપત્રો ભર્યા હતા તે પૈકી ૮૭૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લાની અનેક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓએ પરિણામ જાહેર થતાની સાથે જ ભવિષ્યના કયા કોર્ષમાં પ્રવેશ મેળવવો તે અંગે એકબીજા સાથે પૃચ્છા શરૂ કરી દીધી હતી. જિલ્લામાં સૌથી વધુ પરિણામ વિજયનગર કેન્દ્ર ૯૪.૬૨ ટકા આવ્યું છે. જયારે જિલ્લામાં સૌથી ઓછું પરિણામ ગાંભોઈ કેન્દ્રનું ૭૩.૦૮ ટકા આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ધો.૧૨ સામાન્ય પ્રવાહના જાહેર થયેલા પરિણામ પરથી જિલ્લાના ફક્ત ૩ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે.

## ભરૂચના ગોલ્ડન બ્રિજ પરથી નર્મદા નદીમાં છલાંગ લગાવ્યા બાદ યુવકે બુમરાણ મચાવતાં માછીમારોએ જીવ બચાવ્યો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૫

ભરૂચના ગોલ્ડન બ્રિજ પરથી સોમવારે બપોરના સમયે એક યુવાને છલાંગ મારી દીધી હતી પણ નદીમાં પડ્યા બાદ તેણે પીલર્સને પકડી રાખી બુમરાણ મચાવતાં માછીમારોને તેને બચાવી લીધો હતો. લોકડાઉનના કારણે જનજીવન ભલે થાળે પડી રહ્યું હોય પણ હજી લોકો બેકારીનો સામનો કરી રહ્યા છે અને તેના કારણે આપઘાત કરવા માટે પ્રેરાય રહ્યા છે. ભરૂચમાં આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભરૂચ શહેરના લલ્લુભાઈ ચકલા વિસ્તારમાં રહેતો ૨૮ વર્ષીય ઈશ્વર રાજપુરોહિત સોમવારે બપોરના સમયે ગોલ્ડનબ્રિજ પર પહોંચી ગયો હતો. ગોલ્ડનબ્રિજ પરથી તેણે નર્મદા નદીમાં છલાંગ મારી દીધી હતો. નદીમાં પડેલાં યુવાને છેલ્લી ઘડીએ બ્રિજનો પિલર પકડી લીધો હતો. તેણે બૂમાબૂમ કરતાં નજીકમાં માછીમારી કરી રહેલાં માછીમારો તેની પાસે નાવડી લઈને પહોંચ્યા હતા અને તેનો જીવ બચાવી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવાને બેકારીથી કંટાળી જઈ આપઘાત કરવા માટે આવ્યો હોવાની વિગતો સપાટી પર આવી છે.

## બનાસકાંઠાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૫.૬૬ ટકા પરિણામ

પાલનપુર, તા.૧૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી ધો.૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ સોમવારે સવારે વેબસાઈટ ઉપર જાહેર કરાયું હતું. જયાં છાત્રોએ એકબીજાને મોબાઈલ ઉપર પરિણામની જાણ કરી નેટ ઉપર જ પરિણામ જોયું હતું. આ અંગે બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લાનું પરિણામ ૮૫.૬૬ ટકા રહ્યું હતું જેની સાથે જિલ્લો સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે રહ્યો છે જેમાં જિલ્લાનું અને રાજ્યમાં સૌથી વધુ દિયોદર તાલુકાના સોની કેન્દ્રનું ૯૭.૭૬ ટકા રહ્યું છે.

## ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં તીડના ઝૂંડનું આક્રમણ

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ખુમાપુર, શંકરપુરા, કલ્લેખા, મઉ, કાળી ડુંગરી સહિતના ખેતરોમાં તીડના ઝૂંડ તરત જ ખેડૂતોમાં ભારે દોડધામ મચી હતી. ખેતીવાડી વિભાગે તાબડતોડ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી દવાનો છંટકાવ કરવાની સાથે ખેડૂતો અને તેમના પરિવારોએ થાળીઓ વગાડી અન્ય રીતે અવાજ કરી તીડના ઝૂંડના આક્રમણને ખારવા પ્રયત્નો હાથ ધર્યા હતા. ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા મહેસાણા, પાટણ, બનાસકાંઠામાં જૂન માસની ૨૨ તારીખથી ૧૫ જુલાઈ એટલે કે ૨૩ દિવસ દરમિયાન રણ તીડ આક્રમણ કરે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. યમાન, સોમાલિયાથી કિનારા માર્ગે ગુજરાતના દ્વારકા ખાતેથી તીડ રાજયમાં પ્રવેશ કરશેની શક્યતા તીડ નિયંત્રણ વિભાગ દ્વારા કરાઈ છે. તીડથી થનારા નુકસાનથી બચવા માટે ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ટીમો બનાવી સર્વે તેમજ દવા છંટકાવ તથા ખેડૂતોના માર્ગદર્શન સાથે તીડ નિયંત્રણની જવાબદારી પણ સોંપાઈ છે. ઉત્તર ગુજરાતમાં ગ્રામ સેવકો દ્વારા ખેડૂતોને તીડ આક્રમણનો સામનો કેવી રીતે કરવો તેની તાલીમ આપવાની સાથે પંપ તથા અવાજ કરતા સાધનો સહિતની વસ્તુઓ તૈયાર રાખવા સુચના કરવામાં આવી છે.

## તેજસ્વી તારલા

**વડોદરા**



ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં વડોદરાની વિદ્યાર્થિની શેખ હુદા ફાતેમા ઈકબાલે ૯૯.૯૨ પર્સન્ટાઈલ મેળવ્યા છે. તેણીએ અર્થશાસ્ત્ર, બી.એ., આંકડાશાસ્ત્ર, નામાના મૂળતત્વો વિષયમાં એ-૧ ગ્રેડ મેળવેલ છે.

**ડભોઈ**



ડભોઈ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના આજરોજ જાહેર થયેલા ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહના બોર્ડના પરિણામમાં ડભોઇ કેન્દ્રમાં ૬૦.૪૦ ટકા પરિણામ આવ્યું છે જુદીજુદી શાળાઓ જેમાં મહાદેવીય સર્વજનીક હાઈસ્કૂલનું પરિણામ ૭૩.૬૮% સાથે કેન્દ્રમાં પ્રથમ સ્થાને આ શાળાની વિદ્યાર્થીની મિરચીવાળા અસ્કાપરવીન ઈકબાલહુશેન ૯૮.૭૭ PR સાથે આવી હતી જ્યારે ડભોઈ એમ.એચ.દયારામ શારદા મંદિરની કનોજીયા રિધમ વિનોદભાઈ ૯૮.૦૧ PR સાથે બીજા ક્રમે અને વિશ્વભારતી વિધ્યાલયની રાજવી એચ.પટેલ ૯૬.૩૮ PR સાથે ત્રીજા ક્રમે આવી હતી જ્યારે શાળાઓના પરીણામ શ્રી આર.જી.પંડ્યા હાઈસ્કૂલનું પરીણામ ૬૩.૬૩%, દયારામ સ્કૂલનું પરીણામ, ૪૪.૪૪%, વિશ્વભારતી વિધ્યાલયનું પરીણામ, ૫૫.૦૦%, નવપદ સ્કૂલનું પરીણામ ૬૨.૭૧ % આવ્યું હતું.

**પાલનપુર**



ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦માં લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં પાલનપુરની સ્વસ્તિક શૈક્ષણિક સંકુલની કે.કે.ગોઠી હાઈસ્કૂલના વિદ્યાર્થી ચિં. ધ્રુવ.એસ. જોશીએ ૯૮.૬૨ પર્સન્ટાઈલ રેન્ક સાથે ૮૪ ટકા સાથે ઉત્તિર્ણ થઈ કોમર્સ વિદ્યાશાખામાં શાળામાં ત્રીજા ક્રમે આવી શાળા પરિવાર સહિત બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે. ત્યારે તેને પત્રકાર મિત્રો, અધિકારીઓ અને પદાધિકારીઓએ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

**નડિયાદ**



નડિયાદમાં બી ૨૪ ફેજલપાર્કમાં રહેતી મલેક સાહિનબાનુ મો.મુનાફે ધો ૧૦ બોર્ડમાં ૯૨.૫૯ પીઆર મેળવી મુસ્લિમ સમાજનું ગૌરવ વધાર્યું છે. મુસ્લિમ સમાજમાં કન્યા કેળવણીનું પ્રમાણ ઓછુ છે. ત્યારે આ સાહિને શ્રેષ્ઠ ટકા મેળવ્યાં છે.

## ભાલેજમાં ૫૮ વર્ષીય પ્રૌઢનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા. ૧૫

ભાલેજ ગામમાં ડાકોર રોડ ઉપર આવેલી મોહંમદી સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય પ્રૌઢને કોરોનાના લક્ષણો જણાતા તેઓને હોસ્પિટલમાં ખસેડી તેઓના સેમ્પલ લઈ પરીક્ષણ માટે ગઈકાલે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જેમનો આજે કોરોના પોઝિટિવ રીપોર્ટ આવ્યો હતો. જેને લઈ ઉમરેઠની આરોગ્ય અધિકારીઓની ટીમ તેમજ ભાલેજ ગ્રામ પંચાયતની ટીમ મોહંમદી સોસાયટીમાં દોડી ગઈ હતી. અને પરિવારજનોની આરોગ્ય ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

**જોઈએ છે**

મદ્રેસા મોઈનુલ ઈસ્લામ ટ્રસ્ટ સંચાલિત એસ.બી.મહિલા આર્ટસ કોલેજ, હિંમતનગર માટે સેલ્ફ ફાયનાન્સમાં મુખ્ય અને ગૌણ વિષય : મનોવિજ્ઞાનના અધ્યાપક સહાયક - ૧ (એક), ગૃહવિજ્ઞાનના અધ્યાપક સહાયક - ૧ (એક) તથા સંસ્કૃતના અધ્યાપક સહાયક - ૧ (એક) જોઈએ છે. નિમણૂંક તદ્દન હંગામી ધોરણે (AD-hoc) માસિક ફિકસ્ડ પગાર આધારે સરકારશ્રી/હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી/યુ.જી.સી.ના ધારાધોરણ અનુસાર કરવામાં આવશે.

લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાની અરજીઓ, પ્રમાણપત્રો, ગુણપત્રોની ખરી નકલો, અનુભવના દાખલા વગેરે જોડી દિન-૭માં રજિ.પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે મોકલી આપવી.

**પ્રિન્સિપલ, એસ.બી મહિલા આર્ટસ કોલેજ, મેહતાપુરા, વિજાપર રોડ, પો.સવગઢ-૩૮૩૨૨૦, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા.**

# ભારત-નેપાળ વચ્ચે બેટી-રોટીના સંબંધોમાં ખટરાગ ઊભો થયો

### ભારત અને નેપાળ વચ્ચે વર્ષોથી ભૌગોલિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે ગાઢ સંબંધો રહ્યાં છે પરંતુ આજકાલ ભારત-નેપાળ સરહદે ભારે તંગદિલી પ્રવર્તે છે

(એજન્સી) તા.૧૫

ભારત અને નેપાળ વચ્ચે વર્ષોથી ભૌગોલિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે ગાઢ સંબંધો રહ્યાં છે પરંતુ આજકાલ ભારત-નેપાળ સરહદે ભારે તંગદિલી પ્રવર્તે છે. પ.ચંપારણથી બિહારમાં પુરનિયાની સરહદો પર છેડાયેલા વિવાદ બાદ હવે ભારત અને નેપાળ વચ્ચે જે બેટી-રોટીના સંબંધો હતાં તેમાં હવે ખટરાગ ઊભો થયો છે.

આ સ્થિતિમાં બંને દેશો વચ્ચેની તંગદિલી અનેકગણી વધી રહી છે. ૨૭,મેના રોજ પ.ચંપારણ જિલ્લામાં ભીખનાથોરી સરહદે પહાડી નદીઓના પાણી રોકી દેવામાં આવતા બંને દેશો સામસામે



આવી ગયાં હતા. પાણીનો પ્રવાહ અટકાવવાના કારણે વાલ્મિકી ટાયગર રીઝર્વની આસપાસના ગામોમાં પણ ભારે તંગદિલી પ્રવર્તે છે. પૂર્વ ચંપારણની સરહદ પર પણ તંગદિલી ભડકી ઊઠી છે. અહીં બંને દેશોના અધિકારીઓએ બંને બાજુના બંને ગામો વચ્ચે લડાઇ થતાં દરમિયાનગીરી કરવી પડી હતી.

ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો બેટી-રોટી જેવા સંબંધો હોવાનું માનવામાં આવે છે કે જ્યાં એક બીજાની સંસ્કૃતિની આપલે થાય છે અને એક બીજા દેશોના યુગલો વચ્ચે લગ્નો પણ થાય છે. પંરતુ નેપાળે ભારતીય પ્રદેશને પોતાનો ગણાવતો એક નકશો જારી કર્યા બાદ બંને દેશોના સંબંધોમાં કટુતા ઊભી થઇ છે. તાજેતરમાં શુક્રવારે સીતામઢીના સોનબારસા પોલીસ સ્ટેરશનમાં નેપાળ સશસ્ત્ર બળના જવાનો દ્વારા કરવામાં આવેલ ગોળીબારમાં એકનું મૃત્યુ થતાં બંને દેશોના સંબંધો વણસ્યાં છે.

ભારતની અન્ય દેશો સાથેની સરહદો ઉપર કડક સુરક્ષા જાપ્તો હોય છે પરંતુ ભારત અને નેપાળ સરહદ ખુલ્લી છે અને બંને દેશના લોકો કોઇ પણ જાતના નિયંત્રણ એક બીજાના દેશમાં અવર જવર કરી શકે છે. પરંતુ તાજેતરમાં બંને દેશોના સંબંધોમાં તિરાડ ઊભી થઇ છે.

# દૈનિક ભાવ સુધારા સિસ્ટમ પુનઃ શરૂ થયા બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂા.૪ કરતાં પણ વધુ ભાવ વધારો

(એજન્સી) તા.૧૫

રવિવારે પેટ્રોલ ડીઝલ જેવા ઈંધણના ભાવમાં સતત આઠમી વખત વધારો થતાં ડાયનેમિક પ્રાઇઝ રિવીઝન સિસ્ટમ પુનઃ શરુ થયાં બાદ પ્રતિ લિટર કુલ રુ.૪ કરતા વધુ વધારો થયો છે. રાષ્ટ્રીય પાટનગરમાં રવિવારે પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૬૨ પૈસાનો અને ડીઝલના ભાવમાં ૬૪ પૈસાનો વધારો થતાં અનુ.ભાવ પ્રતિ લિટર રૂા.૭૫.૭૮ અને રૂા.૭૪.૦૩ થયા હતા. ૭,જૂનના રોજ ડાયનેમિક પ્રાઇઝ રિવીઝન પુનઃ શરુ થતાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુ. પ્રતિ લિટર રૂા.૪.૫૨ અને રૂા.૪.૬૪નો વધારો થયો છે.

**રવિવારે ઈંધણના ભાવમાં સતત આઠમી વખત વધારો કરાયો**



અન્ય શહેરોમાં પણ રાષ્ટ્રવ્યાપી લોકડાઉન દરમિયાન ૮૩ દિવસના બ્રેક બાદ ઈંધણના ભાવમાં દૈનિક સુધારો થવા લાગ્યો છે. મુંબઇ, ચેન્નઇ અને કોલકાત્તામાં પેટ્રોલના ભાવ વધીને અનુ. પ્રતિ લિટર રૂા.૮૨.૧૦, રૂા.૭૮.૯૯ અને રૂા.૭૭.૦૫થી વધીને રૂા.૮૨.૭૦ રૂા.૭૯.૫૩ અને રૂા.૭૭.૬૪ થયાં છે.

એ જ રીતે આ શહેરોમાં ડીઝલના ભાવ પ્રતિ લિટર રૂા.૭૨.૬૪ (મુંબઇ), રૂા.૭૨.૧૮ (ચેન્નઇ) અને રૂા.૬૯.૮૦ (કોલકાત્તા) પર પહોંચ્યાં છે જે અગાઉ શનિવારે અનુ. રૂા.૭૨.૦૩, રૂા.૭૧.૬૪ અને રૂા.૬૯.૨૩ હતાં. વિવિધ રાજ્યોના કર માળખાના આધારે જુદા જુદા મહાનગરોમાં પેટ્રોલના ભાવમાં અલગ અલગ વધારો થાય છે. ૧૬,માર્ચ બાદ ડાયનેમિક પ્રાઇઝીંગ પોલિસી હેઠળ ઈંધણનો ભાવ વધારો અટકાવી દેવામાં આવ્યો હતો અને જ્યારે સંબંધિત રાજ્ય સરકારોએ વેટ કેસ સેસમાં વધારો કર્યો હતો ત્યારે ભાવ વધારો જોવા મળ્યો હતો. રાષ્ટ્રવ્યાપી લોકડાઉન દરમિયાન આવક વધારવાના પ્રયાસરુપે અનેક રાજ્ય સરકારોએ પરિવહન ઈંધણ પર કરવેરા લાદ્યાં હતા.

### દિલ્હીમાં કોવિડ-૧૯ના વધી રહેલા કેસ મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રીએ ટ્વીટ કરી

# દિલ્હીમાં એક સપ્તાહમાં ત્રણ ગણું ટેસ્ટિંગ વધારી, હોટસ્પોટમાં ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરાશે : અમિત શાહ

(એજન્સી)

નવી દિલ્હી,તા.૧૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોરોનાની સ્થિતિ અંગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઉપરાજ્યપાલ અનિલ બૈજલ સાથે યોજાયેલી બેઠકમાં કહ્યું કે, દિલ્હીમાં કોવિડના ટેસ્ટિંગમાં વધારો કરવામાં આવશે. અમિત શાહે ટ્વીટ કર્યું કે, દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે મોદી સરકાર કટિબદ્ધ છે. દિલ્હીમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે આગામી બે દિવસમાં કોરોનાનું ટેસ્ટિંગ વધારીને બમણું કરવામાં આવશે અને ૬ દિવસ બાદ, ટેસ્ટિંગને વધારીને ત્રણ ગણું કરી દેવામાં આવશે.



**પ્રસ્તુત તસવીરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને જોઈ શકાય છે.**

શ્રેણીબદ્ધ ટ્વીટસમાં અમિત શાહે કહ્યું કે, સાથે જ થોડાં દિવસો બાદ, કન્ટેન્ટમેન્ટ ઝોનમાં દરેક પોલિંગ સ્ટેશન પર ટેસ્ટિંગની વ્યવસ્થા શરૂ કરી દેવામાં આવશે. દિલ્હીની નાની હોસ્પિટલો સુધી કોરોના અંગેની યોગ્ય જાણકારી અને દિશાનિર્દેશ આપવા માટે મોદી સરકારે AIIMSમાં ટેલિફોનિક ગાઇડન્સ માટે વરિષ્ઠ ડોક્ટર્સની એક કમિટી બનાવવાનો નિર્ણય લીધો છે કે જેથી નીચે સુધી સર્વ શ્રેષ્ઠ પ્રણાલીઓનો સંચાર કરી શકાય. તેના હેલ્પલાઇન નંબર કાલે જારી કરી દેવામાં આવશે.

ગૃહમંત્રીએ કહ્યું કે, દિલ્હીના કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કોન્ટેક્ટ મેપિંગ સારી રીતે થઈ શકે તે માટે ઘરે-ઘરે (ડોર-ટુ-ડોર) જઈને દરેક વ્યક્તિનું વ્યાપક સર્વેક્ષણ કરવામાં આવશે, જેનો અહેવાલ એક સપ્તાહમાં આવશે. સાથે જ સારી રીતે મોનિટરીંગ થાય, તેના માટે ત્યાં દરેક વ્યક્તિના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવામાં આવશે.

દિલ્હીની ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના સંક્રમણની સારવાર માટે ૬૦ ટકા બેડ ઓછી કિંમતે ઉપલબ્ધ કરાવવા, કોરોનાની સારવાર તેમજ કોરોનાના ટેસ્ટિંગનો ભાવ નક્કી કરવા માટે ડૉ. પોલની અધ્યક્ષતામાં એક કમિટી બનાવવામાં આવી છે.

# ચેન્નઇની IT કોરીડોરમાં નિવાસી સમુદાય અને સોસાયટી દ્વારા તાજા શાકભાજી અને ફળોનું સોર્સિંગ

### IT કોરીડોરની વિવિધ નિવાસી સોસાયટીઓ અને કોલોનીએ મે મહિનામાં સંકટ દરમિયાન દૂરના ખેતરોમાંથી તાજા શાકભાજી અને ફળો મંગાવીને એક નવો સહાયકારી અભિગમ અપનાવ્યો

(એજન્સી) તા.૧૫

અમારા પડોશની નિવાસી સોસાયટી એલએન્ડટી એડનપાર્કના વેંકટેશે એપ્રિલમાં અમને પૂછ્યું હતું કે શું અમે તેમને ફાર્મ ફ્રેશ તડબૂચ ખરીદવામાં મદદ કરીશું ? અને આ માટે રેડ હિલ્સના એક ખેડૂતને લઘુત્તમ ૨૦૦નો ઓર્ડર આપવાનો હોય છે. આટલા મોટા ઓર્ડર વગર તેને કોઇ પ્રોફીટ થાય તેમ ન હતો.

અમે આખરે ૧૮૦ ઓર્ડર પ્રાપ્ત કરી શક્યા હતા અને આ ઓર્ડરની ડિલીવરી વેન્ડર દ્વારા વહેલી સવારે કરવામાં આવી હતી અને ખરેખર તડબૂચ ફાર્મ ફ્રેશ હતાં. આમ હવે ચેન્નઇની આઇટી કોરીડોરમાં આવેલી નિવાસી સોસાયટીઓ અને ટાઉનશીપ કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને મે મહિનામાં કોરોનાના સંકટ દરમિયાન દૂર આવેલા ખેતરોમાંથી શાકભાજી અને ફળો મંગાવીને તેનું સોર્સિંગ કરે છે. આ માટે કૃષિ નગરીથી શીરુ શેરી સુધી ટ્રક દોડાવવી પડે છે.

બે દિવસ પહેલા અમારે ઓર્ડર આપી દેવો પડે છે કે જેથી કૃષિ નગરીને શાકભાજી સીધા ખેડૂતો પાસેથી એકત્ર કરીને તેનું પેકિંગ કરીને અમારી કોમ્યુનિટી અને સોસાયટીમાં સમયસર ડિલીવરી થઇ શકે. શાકભાજી રૂા.૫૦૦, રૂા.૭૫૦ અને રૂા.૧૦૦૦ના પેકમાં આવે છે અને તેની કોન્ટીટી રેટ પ્રમાણે અલગ અલગ હોય છે. આ બધી પહેલ પરથી મને ઘણી પ્રેરણા મળી છે અને તેથી હું કેરીની સિઝન પણ એમને એમ જવા દેવા માગતો ન હતો.

અમે વિવિધ જાતની કેરીનો આસ્વાદ માણવા માગતાં હતાં આથી મેં નવાલુરમાં કેરીને વેપારીનો સંપર્ક કર્યો હતો અને ત્યાર બાદ ચાર વખત વેચાણ થયું હતું. આ બધી પ્રક્રિયાએ અમે સોસાયટી પોર્ટલ, ફેસબુક, ઈમેઈલ, વોટ્સએપ અને ડિજીટલ પ્લેટફોર્મ જેવી પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. મારા માટે ટેક અવે એ કનેક્શન સ્થાપિત કરવાનું માધ્યમ છે અને એક બીજાને સંકટ સમયે તેના દ્વારા મદદ કરી શકાય છે.

### વાહ રે સરકાર

# કર્ણાટકે કોવિડ-૧૯ના રાહત ભંડોળ માટે ૨૬૭ કરોડ રૂપિયા એકત્રિત કર્યા, પરંતુ એક પણ રૂપિયો અત્યાર સુધી ખર્ચ્યો નથી

(એજન્સી) બેંગલુરૂ, તા.૧૫

કર્ણાટક સરકારે છેલ્લા બે મહિનામાં, કોવિડ-૧૯ના રાહત ભંડોળ માટે ૨૬૭ કરોડ રૂપિયા જેટલા નાણાં એકત્રિત કર્યા છે, પરંતુ સરકારે મહિનાના અંત સુધીમાં તેમાંથી એક પણ રૂપિયાનો ખર્ચ ન કર્યો હોવાનું સામે આવ્યું છે.

બેંગલુરૂમાં રહેતા એક કાર્યકર નરસિંહ મૂર્તિને માહિતીના અધિકાર (RTI)ના જવાબમાં રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતોથી આ વાત બહાર સામે આવી છે.

આરટીઆઈ અનુસાર, મુખ્યમંત્રી કોવિડ-૧૯ રાહત ભંડોળમાં ૨૫ માર્ચથી ૧૯ મેની વચ્ચે ૨૬૭,૭૨,૩૭,૫૭૪ રૂપિયાનું દાન મળ્યું હતું, પરંતુ



**ઉપરોક્ત ફાઈલ તસ્વીરમાં કોરોના વાયરસને કારણે સૂમસામ બનેલી શેરીઓમાં ફરજ પર તૈનાત પોલીસકર્મીઓને જોઈ શકાય છે.**

આ નાણાંનો ઉપયોગ હજુ સુધી કરવામાં આવ્યો નથી. જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે સરકારે કહ્યું કે પૈસા "ઈમરજન્સી યુઝ" માટે રાખવામાં આવ્યા છે અને હાલમાં, વિવિધ વિભાગના ભંડોળનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, આ જવાબ વિરોધીઓને તેમજ સામાન્ય લોકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયો છે, કારણ કે જે રોગચાળો ભારતમાં હજારો લોકોના જીવ લઈ ચૂકયો છે, જેણે લાખો લોકોને બેરોજગાર બનાવી દીધાં છે અને જેના લીધે અર્થતંત્ર નબળું થતું જઈ રહ્યું છે, તેના કરતાં મોટી કટોકટી બીજી શું છે હોઈ શકે છે.

બે મહિનાના લોકડાઉનને કારણે જેને એક પણ સવારી મળી નથી એવા રીક્ષાચાલક શિવકુમારે પત્રકારને જણાવ્યું કે, "કોરોના વાયરસ સિવાય બીજી કઈ ઈમરજન્સી છે ? જો આપણને રાહત ભંડોળમાંથી કંઈક મળે, તો તે આપણને મદદરૂપ થશે. તેનાથી અમે ભાડું પણ ચૂકવી શકીએ છીએ. બધું પહેલાં જેવું થઈ જશે ત્યારે પાછળથી તે રાહત ભંડોળની કોઈને જરૂર રહેશે નહીં. જે પણ જરૂર છે, તે અત્યારે છે."

# JNUને પછાડવાના પેતરા ચાલતા હોવા છતાં JNU કેમ દેશની સિદ્ધિ અને શાન છે ?

### રાષ્ટ્ર વિરોધીનું લેબલ ચિપકાવવામાં આવેલ હોવા છતાં JNUએ લોકતાંત્રિક ભારતનું જતન કરવા હંમેશાં અડીખમ ઊભી રહી છે. જમણેરીઓના નિશાન પર રહેલ JNUએ સતત ચોથી વખત દેશની સર્વશ્રેષ્ઠ યુનિ.ઓની યાદીમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે

**મા**નવ સંસાધન વિકાસ મંત્રાલયે ગુરુવારે નેશનલ ઇન્સ્ટીટ્યૂશનલ રેંકિંગ ફ્રેમવર્કની (એનઆઇઆરએફ) જાહેરાત કરી હતી જેમાં દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીને બીજા નંબરે સર્વશ્રેષ્ઠ સ્થાન તેના સંશોધન અને શિક્ષણ ક્ષેત્રે પ્રદાન બદલ પ્રાપ્ત થયું છે.



ગૃહ મંત્રાલયથી ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં આવેલ જેએનયુ હંમેશા કોઇ વિચિત્ર કારણસર સમાચાર અને વિવાદમાં જોવા મળેલ છે અને ચોથી વખત આ યાદીમાં સ્થાન પ્રાપ્ત કરવા સફળ રહી છે. હવે ગૃહ મંત્રાલય જેએનયુ રાષ્ટ્રીય પાટનગરમાં આવેલ હોવા છતાં આજ સુધી રાષ્ટ્ર વિરોધી તત્વોને ઝડપવામાં કેમ અસમર્થ રહ્યું છે તેની ચર્ચા આપણે ક્યારેક કરીશું અત્યારે સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે જે યુનિવર્સિટી અનેક કુખ્યાત રીતે રાષ્ટ્ર માટે વિવાદાસ્પદ રહી છે તે યુનિવર્સિટી એમએચઆરડીના શૈક્ષણિક રેંકિંગમાં કઇ રીતે સ્થાન પ્રાપ્ત કરે છે ?

આ અંગે વાત કરતા આઇશી ઘોષ પોતાની અંગત વાત કરતાં જણાવે છે કે હું જ્યારે જેએનયુમાં આવી ત્યારે ભારતીય કેમ્પસ અંગેનો મારો ખ્યાલ મર્યાદિત હતો પરંતુ મારા શિક્ષકો અને મારા સાથી અને સહપાઠીઓએ મને એ વાત સમજાવી કે શિક્ષણ એ જ્ઞાનનું સ્રોત પ્રાપ્ત કરવાની એક રીત છે અને શીખવા માટે કોઇ મર્યાદા હોતી નથી. કહેવત છે કે રોમ વોઝ નોટ બિલ્ટ ઇન એ ડે તેમ આજે દરેક વ્યક્તિ જેએનયુને જુએ છે તેનું નિર્માણ, ચર્ચા, વિવાદ, પ્રતિકાર અને વિદ્યાર્થીઆલમના પ્રદાન દ્વારા વિચારો સાથે થયું હતું.

સંસદના કાયદા દ્વારા ૧૯૬૯માં સ્થાપિત જેએનયુ ઉચ્ચત્તર શિક્ષણ અને સંશોધનના કેન્દ્ર તરીકે વિકાસ પામી હતી. પ્રારંભિક વર્ષોથી લઇને વિદ્યાર્થી સંઘની રચના સુધી જેએનયુમાં એક અદ્વિતીય સ્વાયત્તતા હતી અને જેએનયુના વિદ્યાર્થીઓએ સહભાગી લોકતંત્ર ઊભું કર્યુ હતું. પાછળથી યુનિવર્સિટી વંચિત વર્ગોમાંથી આવતા વિદ્યાર્થીઓને કઇ રીતે સહાય કરી શકે તે બાબતે ચર્ચા છેડાઇ હતી. તેના પગલે યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમો ઘડવામાં વિદ્યાર્થીઓની સામેલગીરી સુનિશ્ચિત કરવા વિદ્યાર્થી સંઘે સ્ટુડન્ટ-ફેકલ્ટી કમિટીનો ખ્યાલ ઊભો કર્યો હતો. ૧૯૯૦ના ઉત્તરાર્ધમાં જેએનયુમાં વિશાખા જજમેન્ટ બાદ જાતિય સતામણી સામે જેન્ડર સેન્સીટાઇઝેશન કમિટી ઘડવાની ચળવળ શરુ થઇ હતી.

દરમિયાન છેલ્લા ચાર વર્ષમાં જેએનયુમાં યુનિવર્સિટીને બદનામ કરવા માટે બીજેપી-આરએસએસ સાથે જમણેરી હિંદુ જૂથો દ્વારા સઘન પ્રયાસો થયાં હતાં. આરએસએસ સંલગ્ન વાઇસ ચાન્સેલરની નિમણૂંકથી લઇને વર્તમાન શાસક સરકાર સાથે સંકળાયેલ નવનિર્મિત ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થી સમુદાયની ઐતિહાસિક ચળવળને નેસ્તનાબૂદ કરવાના પ્રયાસો પૂરજોશમાં ચાલી રહ્યાં છે.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી આ દેશનું સુક્ષ્મ જગત સિવાય કંઇ નથી. તેમાં સમસ્યાઓ, મુદ્દાઓ દ્વારા સમાજનું પ્રતિબિંબ પડે છે અને વિદ્યાર્થીઓ આ સમસ્યાઓનું નિરાકરણ લાવે છે. ૨૦૧૬થી જેએનયુ સામે દેશ વિરોધી સૂત્રોચ્ચાર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ગત વર્ષે ઓક્ટો.માં જેએનયુ દ્વારા કરદાતાઓના નાણાંનો દુર્વ્યય થાય છે એવો વિવાદ છેડાયો હતો અને વિદ્યાર્થીઓએ ઉપલબ્ધ અને પરવડે તેવા શિક્ષણની માગણી કરવાના પોતાના અધિકાર માટે વિરોધ કર્યો હતો.

કિસાન લોંગ માર્ચ પરથી પ્રેરણા પામીને જેએનયુ સ્ટુડન્ટ દ્વારા ત્રણ લાંબી કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું અને પોલીસ દ્વારા તેના પર પાશવી દમન ગુજારવામાં આવ્યું હતું. ૮૦ દિવસ લાંબી ચાલેલી આ ચળવળ બાદ જેએનયુ પ્રશાસને પારોઠના પગલાં ભરવા પડ્યાં હતાં અને દિલ્હી હાઇકોર્ટના હસ્તક્ષેપના પગલે વિદ્યાર્થીઓની માગણી સ્વીકારવી પડી હતી.

આ વર્ષે જાન્યુ.માં જેએનયુમમાં કેટલાક મહોરાધારીઓએ ઘૂસીને વિદ્યાર્થીઓ પર હુમલા કર્યા હતાં જેમાં મારા સહિત ૪૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઘાયલ થયાં હતાં. આજે પાંચ મહિના બાદ પણ આ મહોરાધારીઓમાંથી કોઇની ધરપકડ થઇ નથી. જેએનયુના વિરોધમાં એક ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને તેના દ્વારા એવું સાબિત કરવામાં આવે છે કે જેએનયુ દેશ વિરોધીઓનો અડ્ડો છે. આ કેમ્પેનમાં ભાજપના નેતાઓ પણ પાછળ નથી. ફેબ્રુ.૨૦૨૦માં ભાજપના સાંસદ વીરેન્દ્રસિંહે લોકસભામાં જેએનયુને રાષ્ટ્રવિરોધીઓનો ગઢ ગણાવીને તેને બંધ કરવાની માગણી પણ કરી હતી.

પરંતુ જેએનયુએ વિદ્યાર્થીઓને સમાજનો અભ્યાસ કરવા અને તેમના સંશોધન દ્વારા તેને અભિવ્યકત કરવા શીખવ્યું છે અને માટે જ જેએનયુ વિદ્યાર્થીઓના શિક્ષણકાર્યનું પ્રદાન દરેક ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ જોવા મળ્યું છે. જો કે હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે. યુનિવર્સિટીઓ ભાવિ પેઢીનું ઘડતર કરે છે. પરંતુ વિચારોની સ્વતંત્રતા અને અસંમતિ અને પ્રતિકાર પર પાશવી હુમલાનો કારણે ભયભીત માનસ ઊભું થશે જે દેશના ભવિષ્ય માટે સારૂં નથી.

**- આઇશી ઘોષ**

**(આઇશી ઘોષ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સ્ટુડન્ટ યુનિ.ના પ્રેસિડેન્ટ છે.)**

# ૧૦૦ વર્ષ પછી અમેરિકાના રાજ્યે બળાત્કારના આરોપી વ્યક્તિને માફી આપી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫

૧૫મી જૂન, ૧૯૨૦ના રોજ, મિનેસોટાના દુલુથમાં ત્રણ આફ્રિકન-અમેરિકનોની એક શ્વેત મહિલા પર બળાત્કાર કરવાના પુરાવા વગરના આરોપો મૂકી લીન્ચિંગ કરાયું હતું. એક સો વર્ષ પછી, અમેરિકાના ઉત્તરના રાજ્યએ શુક્રવારે ગુનામાં દોષી ઠરેલા બીજા કાળા માણસને માફ કરી દીધો, જેને તેણે વારંવાર ગુનો આચરવાનો ઈન્કાર કર્યો હતો. ૧૯૪૨માં મૃત્યુ પામેલ મેક્સ મેસન, મિનેસોટામાં મરણોત્તર ક્ષમાનો લાભ મેળવનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે, આ માફીની ઘટના એક પ્રબળ પ્રતિકાત્મક ક્રિયા છે જયારે અમેરિકનો જાતિવાદના મૂળનો સામનો કરી રહ્યા છે જે હજી પણ સમાજના નોંધપાત્ર ભાગોને કલંકિત કરે છે. માફીની વિનંતી ૨૫મી મેના રોજ જોર્જ ફ્લોયડના મૃત્યુ પહેલાં દાખલ કરવામાં આવી હતી. મિનિસોટાના એટર્ની જનરલ કીથ એલિસને ટ્વિટર પર જણાવ્યું હતું કે, ૧૦૦ વર્ષ મોડું, મુલતવી



રહેલ ઘટના બાબત ન્યાય કરવામાં આવ્યો છે. છેલ્લા અઠવાડિયાએ અમને બતાવ્યું કે, અમને ન્યાયની સારી ગુણવત્તાની જરૂર છે. મેક્સ મેસન માટે માફીએ તેની તરફ વધુ લાંબું વિલંબિત પગલું છે.

૧૪મી જૂન ૧૯૨૦ના રોજ એક શ્વેત યુવતી ટસ્કેન પોતાના પુરૂષ મિત્ર સાથે દુલુથમાં સર્કસ જોવા ગઈ હતી. બીજા દિવસે યુવકે પોતાના પિતાને જણાવ્યું કે, સર્કસ દરમિયાન ત્રણ સર્કસના કાળાં સભ્યોએ એમની ઉપર હુમલો કર્યો હતો અને ટસ્કેન ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ અને પોલીસે અમુક કાળાં લોકોની ધરપકડ કરી જેમાં મેસોન પણ હતો. પણ યુવતિએ મેસોનને ઓળખ્યું નહિં અને મેડીકલ રિપોર્ટમાં પણ હુમલાની પુષ્ટિ નહિં થતા મેસોનને છોડી મુકાયું.

મેસોને ફરીથી સર્કસમાં કામ કરવાનું શરૂ કર્યું. પણ પોલીસે અન્ય ત્રણ લોકો સાથે ફરીથી એમની ધરપકડ કરી. એ દિવસે મોડી રાત્રે ટોળાએ પોલીસ સ્ટેશન ઉપર હુમલો કરી ત્રણ વ્યક્તિઓને બહાર ખેંચી લાવી એમની હત્યા કરી.

જો કે, મેસોન ટોળા માંથી છટકી ભાગવામાં સફળ થયો હતો. પણ એમને ૩૦ વર્ષની જેલની સજા ફટકારાઇ. એનું કારણએ જણાવવામાં આવ્યું હતું કે, ટસ્કેન અને મેસોન બંને એક સામાન્ય જાતીય ગનોરિયા બીમારીનો ભોગ બન્યા હતા. જેથી આડકતરી રૂપે બળાત્કાર પુરવાર થયું હોવાનું કહેવાયું હતું.

કાઉન્ટી એટોર્ની મેસોન ફોર્બ્સે ૧૯૨૩માં માફી અરજી સંદર્ભે કહ્યું હતું કે, જો એ વ્યક્તિ શ્વેત હોત, તો મને શંકા છે કે, એમને દોષિત ઠરાવ્યું હોત.

# કર્ણાટકના ધારાસભ્યના લગ્ન, આરોગ્ય પ્રધાન હાજર પણ સામાજિક અંતર ગેરહાજર

(એજન્સી) બેંગલુરૂ તા.૧૫

કર્ણાટકના કોંગ્રેસના ધારાસભ્યે લગ્ન દરમિયાન અવાંછિત ધ્યાન ખેંચ્યું છે. એમના લગ્ન સમારોહમાં ૮૦૦થી વધુ લોકોની હાજરી જોવાઈ હતી જેમાં ટોચના રાજકારણીઓ અને નામાંકિત લોકો પણ સામેલ હતા જેમાં સ્વાસ્થ્ય મંત્રી બી સ્રી રામુલુ, સિદ્ધાર્થ મૈયા અને જી. પરમેશ્વર પણ હાજર હતા. નોંધનીય વાત એ છે કે, ભીડમાં સોશ્યલ ડિસ્ટન્સ ક્યાંય જોવાયો ન હતો. જે હાલના સમયમાં અનિવાર્ય છે.

કોંગ્રેસના પરમેશ્વર નાઈક જે સિદ્ધાર્થ મૈયા સરકારમાં મંત્રી હતા એમનું લગ્ન બેલ્લારી જિલ્લાના લક્ષ્મીપુરામાં એક ખુલ્લા પ્લોટમાં ટેન્ટ બાંધીને યોજાયો હતો. લગ્ન સમારોહના ઘણા બધા વિડીયો જોવા મળ્યા હતા જેમાં બધાજ લોકો કોવિડના નિયમો ભૂલીને લગ્નને માણી રહ્યા હતા.

એક વિડીયોમાં પત્રકારોની ભીડ પણ જોવામાં આવી હતી જેઓ કેમેરાઓ લઈ માસ્ક પહેર્યા વિના કોઈપણ સોશિયલ ડિસ્ટન્સ વિના પોતાના કામમાં વ્યસ્ત હતા. બીજા વિડીયોમાં નવ પરિણીત યુગલ લોકોની ભીડ વચ્ચે ફોટાઓ પડાવી રહ્યા હતા. જેમાં કોઈએ પણ માસ્ક પહેર્યું ન હતું. ત્રીજા વિડીયોમાં બતાવ્યું હતું કે, ટેન્ટની અંદર ખુરશીઓમાં મોટી સંખ્યામાં લોકો એકમેકની ખૂબ જ નજીક બેઠા હતા.

બેલ્લારીના જિલ્લા કલેકટર એસ.એસ. નકુલે કહ્યું કે, સંબંધિત લોકો સામે પગલા લેવામાં આવશે. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ ૫૦



લોકો માટે પરવાનગી મેળવાઈ હતી. જે સંખ્યા હાલ લગ્ન માટે મંજુર કરાયેલ છે.

નાઈકે પછીથી મીડિયાને કહ્યું હતું કે, અમને સહકાર આપો અને ફોટાઓ ની જાહેરાત નહિં કરો એ સાથે એમણે સોશિયલ મીડિયામાં પણ પ્રસિદ્ધિ નહિં મળે એના પ્રયાસો કર્યા છે.

લગ્નમાં આટલી ભીડ સરકારના બે આદેશોનું ઉલ્લંઘન છે. કોરોના વાયરસને રોકવા લગ્ન સમારોહ માટે પણ નિર્દેશો અપાયા છે. જે મુજમ ૫૦થી વધુ લોકોએ હાજરી નહિં આપવી અને સામાજિક અંતર જાળવવું.

હાલનું લગ્ન સમારોહ બે મહિના પહેલાના લગ્નની યાદ અપાવે છે જ્યારે દેવ ગોવડાના પૌત્ર નિખીલ કુમારસ્વામીના લગ્ન યોજાયા હતા જેમાં પણ નિયમોનો સરેઆમ ભંગ કરવામાં આવ્યું હતું.

દરમિયાનમાં કેરળના મુખ્યમંત્રી પીનારાઈ વિજયનની દીકરીના લગ્ન થોડા જ સમય પહેલા થયા હતા. જે લગ્નમાં ફક્ત ૩૦ લોકોની હાજરી હતી.

# ભારતની તુલનાએ ચીન અને પાકિસ્તાન પાસે વધુ પરમાણુ શસ્ત્રો છે

(એજન્સી) તા.૧૫

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) નામની સંસ્થા દ્વારા સોમવારે પ્રસિદ્ધ કરાયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતની પાસે ૧૫૦ જેટલા પરમાણું શસ્ત્રો (ગત વર્ષે ૧૩૦-૧૪૦ શસ્ત્રોનો અંજ મૂકાયો હતો) છે જ્યારે પાકિસ્તાન પાસે આવા ૧૬૦ પરમાણુ શસ્ત્રો છે (ગત વર્ષે ૧૫૦-૧૬૦નો અંદાજ મૂકાયો હતો)

એશિયાના પાવરહાઉસ ગણાતા ભારત અને ચીને છેલ્લા કેટલાક વર્ષોમાં તેઓના પરમાણુ શસ્ત્રોમાં ધરખમ વધારો કર્યો છે પરંતુ એશિયાની ત્રીજી પરમાણુ સત્તા ગણાતા પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રો પણ આ દેશો કરતાં વધુ અથવા તો તેઓ જેટલાં જ છે એમ નિશસ્ત્રીકરણ અંગે યુરોપની એક થિન્કટેક ગણાતી એક સંસ્થાના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું. ભારતની તુલનાએ ચીન અને પાકિસ્તાન એમ બંને રાષ્ટ્રો પાસે વધુ પરમાણુ શસ્ત્રો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) નામની સંસ્થા દ્વારા સોમવારે પ્રસિદ્ધ કરાયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતની પાસે ૧૫૦ જેટલા પરમાણું શસ્ત્રો (ગત વર્ષે ૧૩૦-૧૪૦ શસ્ત્રોનો અંજ મૂકાયો હતો) છે જ્યારે પાકિસ્તાન પાસે આવા ૧૬૦ પરમાણુ શસ્ત્રો છે (ગત વર્ષે ૧૫૦-૧૬૦નો અંદાજ મૂકાયો હતો) બીજી બાજુ ચીને તેના ગત વર્ષના ૨૯૦ અંદાજીત પરમાણુ શસ્ત્રોમાં ૩૦ નવા પરમાણુ શસ્ત્રોનો ઉમેરો કરીને પોતાનો પરમાણુ શસ્ત્રોના અનામતના જથ્થાને વધાર્યો હતો. ચીન હાલ તેના પરમાણુ શસ્ત્રોને અત્યંત આધુનિક બનાવવાની પ્રક્રિયાની બરાબર મધ્યમાં હોઈ તેના પરમાણુ શસ્ત્રોમાં વધારો કરાયો છે. ચીનની સામ્યવાદી પાર્ટી સૌ પ્રથમવાર ત્રણ પ્રકારના પરમાણુ શસ્ત્રો વિકસાવી રહી છે જેમાં ભૂમિ ઉપરથી પ્રહાર કરી શકાય એવી અને દરિયામાંથી પ્રહાર કરી શકાય એવી પરમાણુ મિસાઈલ્સ અને પરમાણું બોમ્બથી સજ્જ એવા એરક્રાફટનો સમાવેશ થાય છે. ભારત અને પાકિસ્તાન ધીમે-ધીમે તેઓના પરમાણુ શસ્ત્રોનું કદ અને વૈવિધ્ય વધારી રહ્યા છે. ૨૦૨૦ના આરંભે વિશ્વના અમેરિકા, રશિયા, ફ્રાંસ, ચીન, બ્રિટન, ઈઝરાયેલ, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા જેવા દેશો સંયુક્ત રીતે ૧૩,૪૦૦ જેટલા પરમાણુ શસ્ત્રો ધરાવતા હતા. જો કે, SIPRI દ્વારા ૨૦૧૯ના આરંભે આ દેશો પાસે ૧૩,૮૬૫ પરમાણુ શસ્ત્રો હોવાનો અંદાજ રજૂ કર્યો હતો તેની તુલનાએ ૨૦૨૦ના આરંભે ઓછા શસ્ત્રો દોવાનો દાજ મૂકાયો છે.

# દિલ્હીમાં દેવામાં ડૂબેલ ધંધાર્થીએ પોતાને મારવા આદેશ આપ્યો જેથી કુટુંબને વીમાના પૈસા મળી શકે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

દિલ્હીમાં એક ધંધાર્થીની હત્યામાં સંડોવાયેલ ત્રણ વ્યક્તિઓની પોલીસે ધરપકડ કરી હતી જેમાં એક સગીર પણ છે. જો કે, પોલીસને તપાસમાં જાણવા મળ્યું કે, મરનાર ધંધાર્થી દેવામાં ડૂબેલ હતો અને પોતાને મારવા માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો જેથી મૃત્યુ પછી એના પરિવારને વીમાની રકમ મળે. હત્યાની તપાસ દરમિયાન પોલીસને હત્યાનું હેતુ જાણવા મળ્યું હતું. મારનાર વ્યક્તિ આનંદ વિહારમાંથી ૯મી જૂનથી લાપતા હતો. એમના પરિવારે ગુમ થયા હોવાની રિપોર્ટ આનંદ વિહાર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ૧૦મી જૂને પોલીસને કન્ટ્રોલ રૂમથી સંદેશો મળ્યો કે બપરોલા વિહારમાં ખેડી વાલા પુલ પાસે એક વ્યક્તિનું મૃતદેહ ઝાડ સાથે લટકેલ છે. આ સંદેશ મળ્યા પછી સ્થાનિક પોલીસે ત્યાં જઈ તપાસ કરી અને એમને ૩૫ વર્ષીય વ્યક્તિનું મૃતદેહ મળ્યું હતું. મૃતદેહની તપાસ કર્યા પછી પોલીસને જાણવા મળ્યું કે, આ વ્યક્તિ ગુમ થયેલ વ્યક્તિ છે. પોલીસે હત્યાનું કેસ નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે એમના કુટુંબીજનો સમેત ઘણા લોકોની પૂછપરછ કરી હતી. દરમિયાનમાં પોલીસે એક શકમંદ વ્યક્તિની ધરપકડ કરી. આ વ્યક્તિની સઘન પૂછપરછ પછી વ્યક્તિએ સમગ્ર ઘટના જણાવી હતી. એમણે જણાવ્યું કે, એમની સાથે અન્ય ત્રણ બીજા આરોપીઓ પણ છે જેમાં એક સગીર પણ છે. અ સગીર મરનારનો ઓળખીતો હતો.પોલીસે પછીથી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસની તપાસ પછી સમગ્ર ઘટના સામે આવી હતી. મરનાર વ્યક્તિ દેવામાં ડૂબેલ હતો. એમણે પોતાની હત્યાની યોજના પોતે જ ઘડી હતી અને હત્યારાઓને હત્યા કરવા માટે પૈસા પણ આપ્યા હતા. આ વ્યક્તિની યોજના હતી કે એમના મૃત્યુ પછી એના પરિવારને વીમાની રકમ મળી રહેશે.

# રાજ્યસભા ચૂંટણી : ઝારખંડમાં ભાજપને મોટો ફટકો પડ્યો

(એજન્સી) રાંચી, તા.૧૫

ઝારખંડમાં રાજ્યસભાની બે બેઠકો માટે યોજાનારી ચૂંટણી પહેલાં ભાજપને આંચકો લાગ્યો છે. ધનબાદ કોર્ટમાંથી ભાજપના ધારાસભ્ય ધુલુ મહાતોની જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. જો કે, સોમવારે ધનબાદ જેલમાં બાગમારાથી ભાજપના ધારાસભ્ય ધુલુ મહતોની જામીન અરજી સાથે પક્ષની સમસ્યાઓ વધી ગઈ છે, પરંતુ રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન કરવાની મંજૂરી માટે અલગ અરજી દાખલ કરવાનો પક્ષ પાસે બહુ ઓછો વિકલ્પ છે. ઝારખંડમાં રાજ્યસભાની બે બેઠકો માટે ૩ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે શિબુ સોરેન ઝારખંડ મુક્તિ મોરચાના છે, ભાજપે તેના પ્રદેશ પ્રમુખ દિપક પ્રકાશને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે શાહઝાદા અનવર કોંગ્રેસના ઉમેદવાર છે. જેએમએમ સુપ્રીમો અને ઉમેદવાર શિબુ સોરેનનો માર્ગ ધારાસભ્યો માટે સરળ છે. રાજ્યસભામાં તેમની પ્રવેશ પુષ્ટિ માનવામાં આવે છે.

# વિશાખાપટ્ટનમ ગેસ લીક : સુપ્રીમ કોર્ટે એ. પી. હાઈકોર્ટને એલ.જી. પોલીમરના પ્લાન્ટ તપાસવાની અરજીઓનો તાત્કાલિક નિકાલ લાવવા કહ્યું , ૫૦ કરોડની વહેંચણી ઉપર રોક લગાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે આંધ્રપ્રદેશ હાઈ કોર્ટને વિંનતી કરી છે કે, એ એલ.જી.પોલીમરની અરજીઓની સુનાવણી તાત્કાલિક હાથ ધરી નિકાલ લાવે. આ અરજીઓમાં પ્લાન્ટને સીલ કરવા અને પ્લાન્ટમાં જવા માટેની પરવાનગી પણ સામેલ છે. કોર્ટની બેન્ચે એલ.જી.પોલીમર દ્વારા જમા કરાયેલ ૫૦ કરોડ રૂપિયાને વહેંચવા ઉપર પણ ૧૦ દિવસો માટે રોક લગાવી છે. આ આદેશ મુકુલ રોહતગી દ્વારા રજુ કરાયેલ દલીલો પછી સામે આવ્યો હતો, એમણે જણાવ્યું હતું કે, તેઓ ગ્રીન ટ્રીબ્યુનલના ૧ જુન ૨૦૨૦ના આદેશને પડકારશે જેમાં કહેવાયું હતું કે, ટ્રીબ્યુનલને સ્વમેળે નોંધ લઈ કાર્યવાહી શરૂ કરવાની સત્તા છે. રોહતગીએ કહ્યું કે, જિલ્લા મેજીસ્ટ્રેટે અમારા બે વ્યક્તિઓ જેમાં એક વકીલ પણ હતા એમણે પ્લાન્ટમાં જવા માટે મંજુરી અપાઈ ન હતી જો કે, સુપ્રીમ કોર્ટે એમણે મુલાકાત લેવા પરવાનગી આપી હતી. આ સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન છે. આ ઉપરાંત રોહતગીએ રજૂઆત કરી કે, પ્લાન્ટને સીલ કરવાનો આંધ્રપ્રદેશ હાઈ કોર્ટનું નિર્ણય ગેર બંધારણીય છે. એમણે સીલ ખોલાવી આપવા વિંનતી કરી. એમણે કહ્યું કે, નિષ્ણાંતોની સલાહ લીધા વિના જ પ્લાન્ટને સીલ કરાયું છે. જજ યુ.યુ.લલિતે કહ્યું કે, અમને નથી લાગતું કે પ્લાન્ટને સીલ કરવું ગેર બંધારણીય છે, પણ આ મુદ્દે પછી ચર્ચા કરીશું ગમે તે હોય માલિકોની ભૂલ તો છે જેના લીધે ગેસ લીકેજ થયું. રોહતગીએ બીજી રજૂઆત કરતા કહ્યું કે, અમારા પાસપોર્ટ કેમ જપ્ત કરાયા છે. અમે કોઈ ક્રીમિનલો નથી કે, દેશ છોડી ભાગી જઈએ. રોહતગીએ રજૂઆત કરતા જણાવ્યું કે, હાઈકોર્ટે અમારી અરજીઓ પોતાની પાસે રાખી મુકી છે પણ સુનાવણી કરતા નથી. એની સામે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હાઈ કોર્ટને કહીશું કે, સુનાવણી તાત્કાલિક કરવામાં આવે. ૮મી મે એ ગ્રીન ટ્રીબ્યુનલે એલ જી પોલીમરને ૫૦ કરોડ રૂપિયા જમા કરાવવા આદેશ આપ્યો હતો. એ સાથે બેન્ચે કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ સમેત બધાને નોટીસો મોકલાવી હતી. અને તપાસ માટે એક કમિટીની રચના પણ કરી હતી. ગેસ દુર્ઘટનામાં ૧૧ મજૂરોનું મોત થયું હતું અને સેંકડો લોકોને હોસ્પિટલમાં દાખલ કરવું પડ્યું હતું. એન.જી.ટીનું કહેવું હતું કે, આ મામલાથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, કંપનીએ નિયમોનું પાલન નથી કર્યું.

# કોલકાતાના યુવકે મંગાવ્યો ‘‘કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો,’’ પણ મળી ભગવત ગીતા

(એજન્સી) તા.૧૫

કોલકાતામાં એક વ્યક્તિએ એક પુસ્તક ઓનલાઈન ખરીદવા મામલે વિચિત્ર અને હાસ્યાસ્પદ સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. આ વ્યક્તિએ એમેઝોન પ્લેટફોર્મથી કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો ઓર્ડર કરી હતી. જોકે તેના બદલામાં જ્યારે પાર્સલ તેની પાસે પહોંચ્યું અને તેણે ઘરે જઈને તેને ખોલ્યું તો તેમાંથી ભગવત ગીતા નીકળી હતી.

ફેસબુક પોસ્ટમાં સુતીર્થો દાસ નામના આ વ્યક્તિએ ભગવત ગીતાનો ફોટો પણ શેર કર્યો હતો અને લખ્યું કે હું ખરેખર હતપ્રભ રહી ગયો જ્યારે મેં શનિવારે આ પાર્સલ ખોલતા તેમાં ભગવત ગીતા જોઈ. આ હિન્દુઓનું પવિત્ર પુસ્તક છે. દાસે કહ્યું કે એમેઝોન પર મેં ૧૮૪૮નું એક ડોક્યુમેન્ટ જેના લેખક જર્મન ક્રાંતિકારી કાર્લ માર્ક્સ અને ફ્રેડ્રિક એન્જલ્સ હતા તે કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો પુસ્તક ઓર્ડર કર્યુ હતું. તે એમેઝોન પર સારા ડિસ્કાઉન્ટ પર વેચાઈ રહ્યું હતું. મેં તાત્કાલિક ઓર્ડર કર્યો. ૯૦ રૂપિયાનું પુસ્તક ૫૦માં મળી રહ્યું હતું. એમાય ડિલીવરી ચાર્જ સાથે. મને ૧૨ કે ૧૩ જૂને પુસ્તક મળશે તેવો મેસેજ પણ મળ્યો હતો. જોકે આજે સવારે મારી પાસે પુસ્તક આવી ગયું અને આશરે ૨ વાગ્યે હું ઘરે આવ્યો અને જ્યારે પાર્સલ ખોલીને જોયું તો તેમાંથી ભગવત ગીતા નીકળી હતી. મને કેમ આ પુસ્તક મોકલાયું તે સમજાતું નથી. જોકે બિલમાં તો કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો લખેલું છે.

# સિનેમાને જેઓ ‘પાપી ટેકનોલોજી’ માનતા હતા એવા મહાત્મા ગાંધીને કેન્દ્રમાં રાખીને અનેક ફિલ્મો બની હતી

(એજન્સી) તા.૧૫

મોહનદાસ કરમચંદ ગાંધી એટલે કે મહાત્મા ગાંધીએ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન માત્ર એક જ હિંદી ફિલ્મ જોઈ હતી અને આ હિંદી ફિલ્મનું નામ હતું ‘રામરાજ્ય’. ૨,જૂન ૧૯૪૪ના રોજ તેમની માંદગી દરમિયાન મુંબઈમાં જૂહુ ખાતે આ ફિલ્મનો સ્પેશિયલ શો યોજવામાં આવ્યો હતો.

ગાંધી ૪૦ મિનિટ માટે આ ફિલ્મના કેટલાક રીલ જ જોવા સંમત થયાં હતાં. જો કે પાછળથી તેમણે દોઢેક કલાક આ ફિલ્મ જોઈ હતી. ભારતીય સ્વાતંત્ર્ય ચળવળમાં તેમના ઘણા સમકાલીનોની જેમ ગાંધીજી પણ સિનેમા અંગે બહુ સારો અભિપ્રાય ધરાવતાં ન હતાં. મહાત્મા ગાંધી એવું માનતા હતાં કે હિંદી તેમજ વિદેશી ફિલ્મો અનૈતિકતા ફેલાવે છે અને યુવા માનસને ભ્રષ્ટ કરે છે. સિનેમાટોગ્રાફ કમિટીના તત્કાલીન અધ્યક્ષ ટી રંગા ચેરીયરે ૧૯૩૭માં સિનેમા પર તેમના મંતવ્યો જાણવા તેમને એક પ્રશ્નાવલિ આપી હતી ત્યારે ભારતના રાષ્ટ્રપિતાએ સિનેમાને પાપી ટેકનોલોજી ગણાવી હતી. ગાંધી એવું માનતમ હતા કે સિનેમા એ સંસાધનો અને સમયનો દુર્વ્યય છે. તેમણે શિક્ષણ માટે પણ સિનેમાનો ઉપયોગ કરવા ઈન્કાર કર્યો હતો. બ્રહ્મચર્યના મહાન હિમાયતી મહાત્મા ગાંધી એવું માનતા હતા કે સિનેમા વ્યક્તિની સંયમની પ્રતિજ્ઞાને તોડે છે. ૧૯૩૯માં ખ્વાજા અહેમદ અબ્બાસે ગાંધીને ખુલ્લો પત્ર લખીને મનોરંજન અને ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના હિતને આગળ ધપાવવાના માધ્યમ તરીકે તેની ઉપયોગિતાનું સકારાત્મક પ્રદાન સ્વીકારવા અનુરોધ કર્યો હતો પરંતુ ગાંધી પર તેની કોઈ અસર થઈ ન હતી. ગાંધીને ચાર્લી ચેપ્લિનને મળવામાં પણ રસ ન હતો. ગાંધીના સમયગાળા દરમિયાન હિંદી સિનેમા પ્રારંભિક તબક્કામાં હતું. હિંદી સિનેમાએ ગાંધીના નામનો તેમના જીવનકાળ દરમિયાન કે મૃત્યુ બાદ પણ ઉપયોગ કર્યો હતો.

અનેક ફિલ્મોએ એવો દાવો કર્યો હતો કે તેમણે મહાત્મા ગાંધીના ઉદ્દેશ્યને સહાય કરી છે અને મહાત્મા ગાંધીના આદર્શોથી પ્રેરીત છે. આમ ફિલ્મોએ મહાત્મા ગાંધીનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. અત્રે એક પુસ્તકના સંપાદિત અંશો છે જેમાં ગાંધીનો સિનેમા માટે તિરસ્કારને દર્શાવવામાં આવેલ છે. ઈમ્પીરિયલ ફિલ્મ કંપની દ્વારા નિર્મિત ફિલ્મ ‘રોથ’ (૧૯૩૧)માં મહાત્મા ગાંધીના મોડેલ પર ગરીબદાસ નામનું એક પાત્ર હતું જેણે અસ્પૃશ્યતા સામે લડત આપી હતી. ભારતમાં મુન્શી પ્રેમચંદ દ્વારા લિખીત અજંટા સિને ટોનની ફિલ્મ ‘મીલ’ (મજદૂર)ને પ્રતિબંધિત ફિલ્મ તરીકે પ્રમોટ કરાઈ હતી જેમાં ગાંધીજીના સિદ્ધાંતોને રજૂ કરાયા હતા.

# સતત નવમા દિવસે પેટ્રોલમાં ૪૮ પૈસા અને ડીઝલમાં ૫૯ પૈસાનો વધારો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો ચાલુ છે. લગાતાર નવમાં દિવસે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધ્યા છે. ઓઈલ કંપનીઓએ સોમવારે પેટ્રોલના ભાવમાં ૪૮ પૈસા અને ડીઝલના ભાવમાં ૫૯ પૈસાનો વધારો કર્યો છે. આ વધારા સાથે રાજધાની દિલ્હીમાં લોકોને હવે પેટ્રોલ પ્રતિ લીટર ૭૬.૨૬ રૂપિયે પડશે અને ડીઝલ માટે ૭૪.૬૨ રૂપિયા પ્રતિ લીટર ચૂકવવા પડશે.

કોરોના સંકટને જોતા લગાવવામાં આવેલા લોકડાઉનમાં ઢીલ મળતાની સાથે જ ઓઈલ કંપનીઓએ પણ પેટ્રોલ ડીઝલના ભાવ વધારવાના શરૂ કરી દીધા છે. છેલ્લા નવ દિવસમાં સતત ભાવ વધી રહ્યાં છે. રવિવારે પેટ્રોલમાં ૬૨ પૈસા અને ડીઝલમાં ૬૪ પૈસાનો વધારો થયો હતો. એ જ રીતે શનિવારે પણ ક્રમશ ૫૯ પૈસા અને ૫૮ પૈસા વધ્યા હતાં.

મુંબઈમાં હવે પેટ્રોલ ૮૩.૧૭ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૭૩.૨૧ રૂપિયા પ્રતિ લીટર થયું છે. જ્યારે ચેન્નાઈમાં લોકોએ એક લીટર પેટ્રોલ માટે ૭૯.૯૬ રૂપિયા અને ડીઝલ માટે ૭૨.૬૯ રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે કોલકાતામાં પેટ્રોલનો ભાવ ૭૮.૧૦ રૂપિયા અને ડીઝલનો ભાવ ૭૦.૩૩ રૂપિયા થયો છે. સાત જૂનથી ઓઈલના ભાવ સતત વધી રહ્યાં છે.

અત્રે જણાવવાનું કે કોરોના સંકટ દરમિયાન ક્રૂડ ઓઈલના ભાવમાં ખૂબ ઘટાડો થયો હતો. પરંતુ સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી વધી હતી. આ ઉપરાંત કેટલાક રાજ્યોએ સ્થાનિક કરમાં પણ વધારો કર્યો હતો.

# પસ્તાવા અંગે ભાગ્યે જ કરવામાં આવતી કબૂલાતમાં જનતા કા રિપોર્ટર દ્વારા ઉઘાડા પાડવામાં આવેલા ટીવી એન્કર દીપક ચૌરસિયાએ મુસ્લિમોને બદનામ કરવા બદલ પોસ્ટ કરાયેલા બનાવટી સમાચારો બદલ ‘ખેદ’ વ્યક્ત કર્યો

(એજન્સી) તા.૧૫

કેરળમાં હાથણીના મૃત્યુ કેસમાં બનાવટી સમાચાર પોસ્ટ કરવા બદલ જનતા કા રિપોર્ટર દ્વારા ઉઘાડા પાડવામાં આવેલા ટી.વી. એન્કર દીપક ચૌરસિયાએ આ બનાવટી સમાચાર પોસ્ટ કરવા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. ભાગ્યે જ પસ્તાવાના કારણે કરવામાં આવતી કબૂલાતમાં ચૌરસિયાએ કહ્યું હતું કે, તેમને એક પત્રકાર માટે વિશ્વસનિયતા કેટલી મહત્ત્વની છે તેનું ભાન થયું છે તેમણે હિંદીમાં ટ્વિટ કરી કહ્યું હતું કે, કેરળમાં હાથણીના મૃત્યુની ઘટના અંગે મારા એકાઉન્ટ પરથી એક ખોટી માહિતી ટ્વિટ થઈ ગઈ હતી. જેવી વાસ્તવિકતા બહાર આવી મેં તે ટ્વિટને ડિલિટ કરી નાખ્યું. હું એક પત્રકાર છું અને તેના માટે વિશ્વસનિયતા જ સર્વસ્વ છે. જો આ દરમ્યાન કોઈને મારી વાતથી દુઃખ પહોંચ્યું હોય તો હું માફી માંગું છું. ઉલ્લેખનીય છે કે, ચૌરસિયાએ ટ્વિટ કરી દાવો કર્યો હતો કે, કેરળમાં હાથણીની હત્યાના કેસમાં પકડાયેલા બે શખ્સો મુસ્લિમ છે. જો કે, આ ટ્વિટના થોડા જ કલાકોમાં દૂરદર્શને ખુલાસો કર્યો હતો કે, ધરપકડ કરાયેલા શખ્સનું નામ વિલ્સન છે. જનતા કા રિપોર્ટર દ્વારા ફેક્ટ ચેક પછી ચૌરસિયાએ આ ટ્વિટ ડિલિટ કરી દીધું હતું.

# શિવરાજસિંહ ચૌહાણનો ચેડાં કરાયેલો વીડિયો ટ્વીટ કરવા બદલ દિગ્વિજયસિંઘ માટે મુશ્કેલી ઊભી થઈ

## ભાજપે દિગ્વિજયસિંઘ વિરૂદ્ધ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી

(એજન્સી) તા.૧૫

ભાજપે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંઘે મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણનો એક ચેડા કરાયેલો વીડિયો ટ્વીટ કર્યો હતો. આ વીડિયોમાં મુખ્યમંત્રી દારૂના સેવનને પ્રોત્સાહન આપતાં સંભળાય છે. ભાજપની ફરિયાદ પછી કોંગ્રેસ નેતા સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ ફરિયાદમાં ભાજપના નેતાઓએ દાવો કર્યો હતો કે, આ ક્લિપ ચૌહાણની એ પ્રતિક્રિયાનો એક ભાગ છે. જ્યારે કમલનાથ સરકારે રાજ્યમાં દારૂની દુકાનો ખોલવા માટે એક્સાઈઝ નીતિમાં ફેરફાર કર્યો હતો. રવિવારે બપોરે દિગ્વિજયસિંઘના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પરથી આ વીડિયો શેર કરવામાં આવ્યો હતો. ભાજપના વિરોધ પછી તેમના હેન્ડલ પરથી આ વીડિયો હટાવી દેવામાં આવ્યો હતો પરંતુ પૂર્વ ગૃહમંત્રી ઉમાશંકર ગુપ્તાએ વીડિયોના સ્ક્રીનશોટ અને અન્ય પુરાવાઓ સાથે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી.

# ભારતમાં ઉંધી ગંગા વહી રહી છે, ન્યાયતંત્રએ આંખો બંધ કરી લીધી છે : સુપ્રીમના પૂર્વ જજ કાત્જુનો કટાક્ષ

## સફુરા ઝર્ગર, કફીલખાન અને શરજીલ ઈમામ જેલમાં છે તથા કોમી હિંસા ભડકાવનારા કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર સ્વતંત્ર રીતે ફરી રહ્યા છે : સુપ્રીમના પૂર્વ જજ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કન્ડેય કાત્જુ ઘણી વખત કેન્દ્ર સરકાર પર નિશાનો સાધી ચૂક્યા છે. હવે આ વખતે પોતાની એક ટ્વીટમાં તેમણે ન્યાયતંત્રની ટીકા કરી છે. પૂર્વ જજે પોતાની ટ્વીટમાં લખ્યું હતું કે, ભારતમાં ઉલ્ટી ગંગા વહી રહી છે. અખલાક, પહેલુખાન, તબરેઝ અન્સારીની ટોળાએ હત્યા કરી નાંખી હતી અને હવે તેમના સગાઓ સામે જ કાનૂની કેસ ચાલે છે. નિર્દોષ લોકો સફુરા ઝર્ગાર, કફીલખાન અને શરજીલ ઈમામ જેલમાં છે. કોમી હિંસા ભડકાવનારા કપિલ મિશ્રા, અનુરાગ ઠાકુર સ્વતંત્ર ફરી રહ્યા છે. ન્યાયતંત્રએ આંખો બંધ કરી લીધી છે. જસ્ટિસ કાત્જુ મોદી સરકારની નીતિઓના વિરોધમાં રહ્યા છે. આ અગાઉ લોકડાઉન, પ્રવાસી મજદૂરો મુદ્દે પણ તેમણે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. ગત શનિવારે તેમણે સરહદ પર ચીન સાથે જારી તંગદિલી અંગે પણ સરકારની ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટના પૂર્વ જજે ટિપ્પણી કરી હતી કે, ચીને સમગ્ર ગલબત ખીણ પર કબજો કરી લીધો હતો પણ આપણી સરકાર આંખ બંધ કરીને બેઠી છે. પત્રકાર વિનોદ દુઆ સામે ફરિયાદ કરનારા ભાજપના નવીનકુમાર અને કાત્જુ વચ્ચે લગભગ ૨૪ કલાક ટ્વીટર યુદ્ધ ચાલ્યું હતું.

# CA પરીક્ષા ૨૦૨૦ : ICAIએ વિદ્યાર્થીઓને જુલાઈની પરીક્ષા છોડવાનો અથવા તો સીધા નવેમ્બર ૨૦૨૦ સેશનની પરીક્ષા માટે અરજી કરવાનો વિકલ્પ આપ્યો ; icaiexam.icai.org પર વિગતો ચકાસો

(એજન્સી) તા.૧૫

ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)એ જાહેરાત કરી હતી કે, વિદ્યાર્થીઓ પાસે જુલાઈમાં યોજાનારી પરીક્ષા આપવાનો અથવા તો નવેમ્બર ૨૦૨૦ સેશન માટે સીધી પરીક્ષા આપવાનો વિકલ્પ છે. સત્તાવાર નોટિફિકેશન મુજબ ૨૯ જુલાઈથી પરીક્ષા યોજવા અંગે મિશ્ર અભિપ્રાયો મળ્યા હતા. આઈસીએઆઈએ કહ્યું હતું કે તે ૨૯ જુલાઈથી યોજાનારી પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર એક વિદ્યાર્થીની પણ પરીક્ષા લેવા માટે પ્રતિબધ્ધ છે. પરંતુ હાલમાં પ્રવર્તમાન કોવિડ-૧૯ કટોકટીને ધ્યાનમાં રાખી આઈસીએઆઈએ વિદ્યાર્થીઓને આ પરીક્ષામાં ભાગ ન લેવાનો વિકલ્પ આપ્યો હતો. આઈસીએઆઈએ તેની વેબસાઈટ પર પોસ્ટ કર્યું હતું કે જેમણે મે-૨૦૨૦ની પરીક્ષાઓ માટે ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ જમા કરાવી દીધા છે. તેઓ જો ઈચ્છે તો આ પરીક્ષા ન આપે તેમના માટે નવેમ્બરમાં યોજાનારી પરીક્ષા આપવાનો વિકલ્પ ખુલ્લો મુકવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીઓ પરીક્ષા છોડી દેવાનો વિકલ્પ પસંદ કરશે તેમણે જમા કરાવેલી ફી નવેમ્બર ૨૦૨૦ની પરીક્ષાઓ માટે ગણતરીમાં લેવામાં આવશે પરંતુ નવેમ્બર-૨૦૨૦ પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓએ નવેસરથી અરજી કરવી પડશે અને ફીની તફાવતની રકમ ચુકવવી પડશે.

# તબ્લીગી જમાતના સભ્યોને મુક્ત કરવા જોઈએ, તેમને પોતાના દેશ પરત ફરવાનો અધિકાર છે : મદ્રાસ હાઈકોર્ટ

## ૩૧ સભ્યો સામે વીઝા ભંગની કાર્યવાહી બંધ થવી જોઈએ : વડી અદાલતનો મહત્ત્વપૂર્ણ નિર્દેશ

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૫

મહત્ત્વપૂર્ણ ચુકાદામાં મદ્રાસ હાઈકોર્ટે નિર્દેશ આપ્યો હતો કે માર્ચમાં દિલ્હીમાં તબ્લીગ જમાતના સંમેલનમાં ભાગ લેવાના આરોપસર ફોરેન એક્ટ હેઠળ કાનૂની પ્રક્રિયાનો સામનો કરી રહેલા ૩૧ વિદેશી નાગરિકો સામેની કાર્યવાહી બંધ કરવી જોઈએ. તેમની સામે વીઝા નિયમોના ઉલ્લંઘનો આરોપ લગાવવામાં આવ્યો છે. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, આ વિદેશી નાગરિકોને વહેલીતકે પોતાના દેશ જવાનો અધિકાર છે. મહામારીની સ્થિતિ વચ્ચે ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ તેમના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, અરજીકર્તાઓને વહેલામાં વહેલીતકે તેમના વતન પરત ફરવાનો અધિકાર છે. કોર્ટે નોંધ્યું હતું કે, શસ્ત્ર સંઘર્ષ કે મેડિકલ ઈમરજન્સી દરમિયાન આ નાગરિકોને દેશ છોડવાનો અધિકાર છે. કોર્ટે જણાવ્યું હતું કે, અરજીકર્તાઓ સદભાગ્યે હજુ કોરોના પોઝિટિવ થયા નથી. આવતીકાલે સ્થિતિ અલગ હોઈ શકે છે. અરજીકર્તાઓનું જીવન જોખમમાં મૂકાઈ શકે છે. આ સમય અનિશ્ચિતતાનો છે પણ તેમને ચોક્કસ જવાનો અધિકાર છે.

# ભાજપ ૭૦ વર્ષનો હિસાબ માંગે છે પણ પીએમ કેર ફંડ મામલે મૌન છે : કોંગ્રેસ

## ભાજપ પાસે પીએમ કેર ફંડનો હિસાબ માંગવામાં આવે છે તો તેમને ખરાબ લાગે છે : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

પીએમ કેર ફંડ મામલે કોંગ્રેસે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર શાબ્દીક પ્રહારો કર્યા હતા. કોંગ્રેસે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના કાર્યાલયે માહિતીના અધિકાર હેઠળ પીએમ કેર ફંડની માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે. કોંગ્રેસના પ્રવકતા જયવીર શેરગિલે જણાવ્યું હતું કે, ભાજપ છેલ્લા ૭૦ વર્ષનો હિસાબ માંગે છે પણ જ્યારે તેમને પીએમ કેર ફંડની માહિતી આપવાનું કહેવાય છે તો તેમને ખરાબ લાગે છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે, વાસ્તવમાં ભાજપ આરટીઆઈ હેઠળ આ ફંડની માહિતી આપવા માંગતો નથી તેમજ કેગ ઓડિટ પણ ઈચ્છતું નથી. કોંગ્રેસ પ્રવકતાએ જણાવ્યું હતું કે, ભાજપે હવે નવું સૂત્ર અપનાવ્યું છે કે, ‘‘ખાઉંગા એન્ડ ડિટેઈલ નહીં બતાઉંગા’’ ભારત હાલ અનલોક મોડ પર છે અને તેને ધ્યાનમાં લેતાં ભાજપ સરકારે પીએમ કેર ફંડના ખર્ચની માહિતી અનલોક કરવી જોઈએ. પીએમ કેરના સ્ટીકર સાથે વેન્ટીલેટરના ચિત્રો શેર કરવાની પણ કોંગ્રેસે ટીકા કરી હતી. દસ હજાર કરોડના દાનનું ઔચિત્ય સાબિત કરવું એ ઘાસની ગંજીમાં સોય શોધવા જેવું છે.

# મૂડીવાદીઓને ભેટ માટે મધ્યમ વર્ગ, ગરીબો ચૂકવણી કરી રહ્યા છે : ઈંધણના ભાવ વધારા અંગે રાહુલ ગાંધીનું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને પાર્ટીના નેતા રાહુલ ગાંધીએ પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા અંગે જણાવ્યું હતું કે, મધ્યમ વર્ગ, ગરીબો મૂડીવાદીઓને ભેટ માટે ચૂકવણી કરે છે. દેશમાં સતત વધી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવોએ નાગરિકોની કમર તોડી નાંખી છે. કોરોના વાયરસના કારણે આર્થિક સંકટમાં મૂકાયેલા લોકો માટે આ ભાવ વધારો પડયા પર પાટા જેવો છે ત્યારે રાહુલ ગાંધીએ ઈંધણની કિંમતો વધવા સામે અવાજ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે, મધ્યમ વર્ગ અને ગરીબોના ખિસ્સા હળવા કરી મૂડીવાદીઓના ખિસ્સા ભરવામાં આવે છે. આ અગાઉ રાહુલે લોકોને સીધી આર્થિક મદદ માટે પણ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી.

# સુશાંતસિંહ રાજપૂતની પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં અંતિમવિધિ

## પ્રશંસકો અને અન્ય ફિલ્મ કલાકારો પણ હાજર રહ્યા પણ કોરોનાના નિયમોના કારણે નજીકના સગાઓને જ સ્મશાનમાં જવાની મંજૂરી મળી

(એજન્સી) મુંબઈ, તા.૧૫

હિન્દી ફિલ્મોના અભિનેતા સુશાંતસિંહ રાજપૂતની મુંબઈના પરા વિસ્તાર વિલે પાર્લે સ્થિત પવન હંસ સ્મશાન ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી. સુશાંતસિંહ રાજપૂતને વિદાય આપવા માટે કલાકારો શ્રદ્ધા કપૂર, વિવેક ઓબેરોય, વરૂણ શર્મા અને રાજકુમાર રાવ હાજર રહ્યા હતા. ઉપરાંત સુશાંતસિંહ રાજપૂતની ફિલ્મ ‘કાંઈ પો છે’ના ડિરેક્ટર અભિષેક કપૂર પણ પોતાની પત્ની સાથે હાજર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રવિવારે સુશાંતે પોતાના ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ગઈકાલે સુશાંતના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. મોતનું કારણ ફાંસી હોવાનું જણાવ્યું હતું. સુશાંતસિંહ રાજપૂતને અંતિમ વિદાય આપવા તેની કથિત ગર્લફ્રેન્ડ રિયા ચક્રવતી કૂપર હોસ્પિટલ પહોંચી હતી જેનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. સુશાંતસિંહ રાજપૂતના નિધન પર અમિતાભ બચ્ચન, શાહરૂખખાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવા દિગ્ગજોએ શોક વ્યક્ત કર્યો હતો. સુશાંતસિંહ ડિપ્રેશનનો શિકાર હોવાનું જણાવાયું હતું. જેની સારવાર પણ ચાલી રહી હતી નજીકના મિત્રો અને પરિવારની હાજરીમાં સુશાંતની અંતિમવિધિ કરવામાં આવી હતી. નજીકના સગાઓને સ્મશાનમાં જવાની મંજૂરી અપાઈ હતી.

# રાજસ્થાન પોલીસનું સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ધારાસભ્યોની ખરીદીના કેસની તપાસ કરશે

(એજન્સી) જયપુર તા.૧૫

રાજસ્થાન પોલીસનું સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ કોંગ્રેસના ધારાસભ્યોના કથિત ખરીદી કેસની તપાસ કરશે. રાજ્યસભાના બે સભ્યોની ચૂંટણીઓ ૧૯મી જુને રાજસ્થાનમાં થવાની છે. કોંગ્રેસે આક્ષેપો મુક્યા છે કે, ભાજપ ધારાસભ્યોને લલચાવીને પોતાના ઉમ્મેદવારોને વિજયી બનાવવા પ્રયાસો કરી રહ્યું છે. રાજસ્થાન વિધાનસભાના કોંગ્રેસના મહેશ જોશીએ ફરિયાદ કરી છે કે, ભાજપના નેતાઓ અમુક અપક્ષો અને કોંગ્રેસના ધારાસભ્યોને ૫થી ૨૫ કરોડ રૂપિયાની ઓફર કરી રહ્યા છે જેથી તેઓ પક્ષ પલટો કરે અને ગહેલોત સરકારનું પતન થાય.

કોંગ્રેસનું આક્ષેપ છે કે, કર્નાટકા અને મધ્ય પ્રદેશમાં સરકારો ઉથલાવી હતી અને હવે એમની નજર રાજસ્થાન અને મહારાષ્ટ્ર પર છે. મહેશ જોશીએ ભાજપના નેતાઓની વિગતો આપી છે જેઓ ધારાસભ્યોને ફોસલાવી રહ્યા છે. આ વાત બહાર આવ્યા પછી ભાજપ સતર્ક થઈ ગઈ છે. એમને ભય છે કે, જો એમના નેતાઓની પૂછપરછ કરાશે તો મુશ્કેલીઓ વધશે એ માટે તેઓ તપાસ સી.બી.આઈ. ને સોંપવા દબાણ કરી રહ્યા છે. એમની દલીલ એ છે કે આ ચૂંટણીઓ રાજ્યસભાની છે જેથી આ મામલો કેન્દ્રનું છે અને એમનું કહેવું છે કે, રાજસ્થાન કોંગ્રેસે આ ફરીયાદ ચૂંટણીપંચ સમક્ષ કરવી જોઈએ જેમની ચૂંટણીઓ યોજવાની કામગીરી છે. ભાજપ પોતાના વકીલોનું સંપર્ક કરી રહી છે જેથી ગૃહ મંત્રાલય આ કેસની તપાસ સી.બી.આઈ.ને સોંપે.

દરમિયાનમાં કોંગ્રેસના રાષ્ટ્રીય સેક્રેટરી અવિનાશ પાંડે એ ભાજપની માંગણી સામે જવાબ આપ્યું છે કે, ભાજપના નેતાઓના નામો આપવાથી કશું ફેર પડશે નહિ જેઓ અપક્ષોનું સમ્પર્ક કરી રહ્યા છે. નામો બહાર આવવાથી ભાજપની સરકારો ઉથલાવવાનો ઉદ્દેશ્ય ખતમ નહિ થઈ જાય. ભાજપ રાજ્ય સરકારો ઉથલાવવા માટે પંકાયેલ છે. પહેલા એમણે ગોવા, ત્રિપુરા, કર્નાટકા, મેઘાલય અને મધ્ય પ્રદેશમાં સરકારો ઉથલાવી હતી. પોતાની પાસે ધારાસભ્યો ઓછા હોવા છતાંય એમણે સત્તા કબજે કરી હતી . ભાજપને ગમે તે ભોગે સત્તા જોઈએ છે.

દરમિયાનમાં અશોક ગેહલોત ૧૩ અપક્ષોને મળ્યા હતા અને રાજ્ય સભાની ચૂંટણીઓ માટે સમર્થ માંગ્યું હતું. એમણે ગેહલોતને ખાતરી આપી હતી કે તેઓ એમની સાથે જ છે.